પુષ્ટિ અસ્મિતા જાગૃતિ અભિયાન

અધરામૃતની મહાપ્રસાદી પાતલ

સત્સંગ-૬

પ્રેષક:

શ્રીવલ્લભ વિઠ્ઠલ સિદ્ધાંત જીજ્ઞાસુ મંડળ

C/o. ચિરાગ લેબોરેટરી, શુભ-લક્ષ્મી શોપીંગ સેન્ટર, સ્ટેશન રોડ, આણંદ-૩૮૮ ૦૦૧
સંપર્ક : (બપોરે ૨-૦૦ થી રાત્રે ૧૦.૩૦)
ફોન : ૦૨૬૯૨-૨૫૪૦૪૬, ૯૪૨૯૨ ૫૪૧૦૦


જડાઉના કર્ણફુલ
સોનાના કર્ણફુલ
મોતીના કર્ણફુલ
જડાઉના નેપુર
જડાઉ મીનાકૃત કુંડલ
કર્ણમાં ધરવાના ચોખડા
સોનાનું મીનાકારી તીલક
મોતીના નેપુર
મોતીનું તીલક
સોનાના મકરાકૃત કુંડલ
સોના ઉપર જડાઉ કુંડલ
જડાઉ તીલક
જડાઉ કડા
માણેકનું નકવેશર
મોતીનું અલકાવલી તીલક
સોનાના કડા
જડાઉ મયુરાકૃત કુંડલ
મોતીનું નકવેશર
જડાઉ અલકાવલી તીલક
મોતીના કડા
પર્ણની ચંદ્રીકા
રૂપેરી જરીના નાગફણી જમાઉ કતરા
સોનેરી જરીના નાગફણી જમાઉ કતરા
છીપના નાગફણી જમાઉ કતરા
પન્ના-માણેકના જડાઉ બાજુબંધ
ગુલાબ ચંદ્રીકા
બીજના ચંદ્રવાળો કતરા
હરા રેશમી કતરા
હરા નાગફળી જમાઉ કતરા
સોનાના ઝુમખીવાળા કર્ણફુલ
જડાઉ ઝુમખીવાળા કર્ણફુલ
તિહેરા કતરા
દુહેરા કતરા
મોતીના કતરા
રેશમ ઉપર મોતીના કતરા

શ્રીના અસીમકૃપા પાત્ર વૈષ્ણવજન ... સદૈન્ય ભગવદ્ સ્મરણ

સત્સંગ ભાગ-૫ અને દૂધનું દૂધ પાણીનું પાણી ભાગ-૩ માં જણાવ્યા પ્રમાણે સત્સંગ ભાગ-૬ માં **સેવા વિષય ઉપર સત્સંગ કરવાનું વિચાર્યું હતું.** શ્રીમહાપ્રભુજીનાં સંપ્રદાયમાં આ વિષય ઉપર ઘણાં બધા પુસ્તકો પ્રગટ થયા છે થતા રહેશે, જે આવકાર્ય છે જ. અહિયા આ પુસ્તિકા દ્વારા સંપ્રદાયનાં સિધ્ધાંત મુજબ **ગૃહસેવા માટે સંપ્રદાયમાં ગુરુ (શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી, શ્રીગુસાંઈજી) અને પ્રાચીન ગોસ્વામી બાળકો શું આજ્ઞા કરે છે તેનો યથામતી સમજવાનો પ્રયત્ન કરીશું.**

આ સત્સંગનો શુધ્ધ હેતુ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાને આપણે સૌએ કેવી રીતે આચરણમાં મૂકવી તેના માર્ગદર્શન રૂપે જ છે. આપણે સૌએ તેના ઉપર વિચાર કરી સમજી, આપણી શારીરિક, આર્થિક, માનસિક પરિસ્થિતી અનુસાર ગૃહસેવાને સમર્પણ અંતર્ગત કેવી રીતે આચરણમાં મૂકવી અને ભગવદ્ શરણે રહેવું તેનું માર્ગદર્શન છે, **જેનો વિચાર દરેકે જાતે કરવાનો છે.**

શ્રી હરિરાયજી કૃત **'સ્વમાર્ગીય શરણાગતિ સમર્પણ સેવા નિરૂપણમ્'** ગ્રંથનો સંદર્ભ લીધો છે. શ્રીમહાપ્રભુજીનાં ગ્રંથો અને તે ઉપરની ટીકાઓનું અનુસંધાન રાખ્યું છે. ભૂતલ ઉપર બિરાજતા વલ્લભ વંશજોના વચનામૃતોને માર્ગદર્શક-ભોમિયા રૂપે લીધા છે. **શરણાગતિ (સંગોષ્ઠી), સેવા સમર્પણ (સંગોષ્ઠી)** જેનું પ્રકાશન શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ (કચ્છ-માંડવી) દ્વારા થયેલું છે તેમાંથી આ સત્સંગ-૬ માટેની પૂરક માહિતી લીધી છે. પૂ.પા.ગો.શ્રી પુરૂષોત્તમબાવા (જુનાગઢ-કિશનગઢ)નાં "શરણાગતિ સમર્પણ-સેવા" ઉપરનાં વચનામૃતોએ સરળતા કરી આપી છે.

તમારો અભિપ્રાય - પ્રશ્નો વગેરે આવકાર્ય છે જ. આ સત્સંગ ૬ની શરૂઆત જોતાં બીજા બે-ત્રણ અંકો સુધી આ સમજાવવાનો પ્રયાસ રહેશે, તેવું હાલ લાગી રહ્યું છે.

સત્સંગ-૬ માં આ બધાનું સંકલન અમે યથામતી રજુ કરી રહ્યા છીએ. આમાં કયાંય પણ ક્ષતી જણાતી હોય તો અમારૂં ધ્યાન દોરશો. પ્રશ્નો વિગેરે લખીને મોકલવા ટેલીફોન કે મોબાઈલ નંબર અવશ્ય લખવો, જેથી અનુકુળ સમયે સંપર્ક કરી ચર્ચા કરી શકાય.

- શેષ ભગવદ્ ઈચ્છા

સંકલન કતા

અનુક્રમણિકા

વાંચકોને નમ્ર વિનંતી....(૧)

A : શરણાગતિ....

(૧) શરણાગતિ એટલે શું ?... (૨)
(૨) ભગવદ્દગીતા અને શ્રીમહાપ્રભુજીના ગ્રંથોમાં શરણાગતિ ...(૩)
(૩) શરણાગતિના છ અંગો ...(૪)
(૪) શરણાગતિ ક્યારે ખંડિત થાય ? ...(૮)
(૫) શરણાગતિ દઢ ક્યારે થાય ? ....(૮-૧૨)
(૬) ૮૪/૨૫૨ વૈષ્ણવવાર્તામાં બતાવેલ શરણાગતિની દઢતા ? ....(૧૩)
  ★ પૂર્વજન્મનાં અપરાધો આ જન્મમાં ભોગવવા પડે તેની સમજ
  ★ શ્રીઠાકોરજીની ભક્તની ઈચ્છા મુજબ કરે છે તેની સમજ
  ★ ભોજપત્ર,સંધ્યાનુ જલ, માળા પહેરામણી,ગ્રહબાધા માટે પાઠ કરવા, દોષ દૂર કરવા,પૂનમ ભરવી વગેરે અન્યાશ્રય છે તેની સમજ....(૧૦ અને ૧૫)
  ★ સતત અષ્ટાક્ષરનું સ્મરણ શા માટે ?....(૧૪)
(૭) કર્તવ્ય - અકર્તવ્ય અને વિવેકનો વિચાર .... (૧૫)
(૮) સંપ્રદાયસાર .... (૧૬)
(૯) આપણી આજની વાત ....(૧૮)
(૯) અષ્ટાક્ષર મંત્ર સાર-રહસ્ય ....(૧૯)



B : સમર્પણ....

(૧) સમર્પણ એટલે શું ? ...(૨૩)
(૨) શ્રીમહાપ્રભુજીનો ઉપદેશ ...(૨૪)
  (અ) સમર્પિતનો જ ઉપભોગ ... (૨૪) સમર્પણના પ્રકારો ... (૨૫)
  (બ) અસમર્પિતનો ત્યાગ ... (૨૭)
  (ક) સામિભુક્તનું અસમર્પણ ... (૨૮)
(૩) સંપ્રદાયમાં દીક્ષા કોને અને ક્યારે આપી શકાય ? ... (૨૬)
(૪) ગુરૂ બદલવા માટે **ઉંટનું મહત્વ ખરૂં ?** ... (૨૭)
(૫) ઉપસંહાર શરણાગતિ - સમર્પણનો ... (૩૩)

C : સેવા ... (૩૫)
(૧) સેવા માટે શ્રીમહાપ્રભુજીની આજ્ઞાઓ ... (૩૫)
(૨) સેવામાં બ્રહ્મસંબંધી જીવનું કર્તવ્ય/અકર્તવ્ય ... (૩૭)
(૩) આશ્રય દઢ કૂરવાના ત્રણ વિકલ્પો ... (૩૮)
(૪) સેવા અંતર્ગત પરિચર્યાની સમજ ... (૩૯)
(૫) અન્ય વૈષ્ણવ પાસે સેવા કરાવાય કે નહીં ? (૪૦)
(૬) ભોજપત્ર,સંધ્યાનુ જલ, માળા પહેરામણી,ગ્રહબાધા માટે પાઠ કરવા, દોષ દૂર કરવા, પૂનમ ભરવી વગેરે અન્યાશ્રય છે તેની સમજ ...(૪૪)
(૭) ૨૫૨ વૈ.વા. અંતર્ગત શ્રીગિરીરાજજીની,શ્રીઠાકોરજીની માનતા માનવી ...(૪૪)
(૮) આડવાત ...(૪૭)

વાંચકોને નમ્ર વિનંતી

શરણાગતિ - સમર્પણ - સેવા સમજવા ત્રિકોણના ઉદાહરણનો વિચાર કરીયે. જેથી શ્રીમહાપ્રભુજીનાં સંપ્રદાયમાં આ ભક્તિ સરળતાથી કેવી રીતે પ્રકટ થાય છે તે સમજાશે. આ ત્રિકોણનાં પાયામાં શું હોવું જોઈએ - બાજુઓ કેવી હોવી જોઈએ તેનો સિધ્ધાંતથી વિચાર કરીશું તો સમજાશે કે શ્રીમહાપ્રભુજી કોને ભક્તિ કહે છે અને તે માટે શરણાગતિ - સમર્પણ - સેવા કે સ્મરણ કેવો ભાગ ભજવે છે.

ત્રિકોણ એટલે શું ?



ભૂમિતિમાં ત્રણ બાજુ અને ત્રણ ખૂણાથી ઘેરાતી બંધ આકૃતિ જેના ત્રણે ખૂણાનો સરવાળો ૧૮૦° થાય છે તેને ત્રિકોણ કહેવામાં આવે છે. અહીંયા ત્રણે બાજુ (સરખી કે નાની મોટી હોય) જે એકબીજા ઉપર આધાર રાખે અને જોડાઈને ખૂણો બનાવે. ત્રિકોણ વિવિધ પ્રકારનાં જેવા કે, સમભુજ ત્રિકોણ, સમદ્વિભુજ ત્રિકોણ, કાટકોણ ત્રિકોણ ... વગેરે હોય છે. (જ્યારે આકૃતિ ઘેરાતી નથી ત્યારે ત્રિકોણ બનતો નથી.)

તેજ પ્રમાણે શરણાગતિ, સમર્પણ, અને સેવા કે સ્મરણ એકબીજા પર આધારિત છે. **જેમાં દાસભાવવાળી શરણાગતિનાં પાયા ઉપર,** સ્વસેવ્ય પ્રભુમાં સેવા કે સ્મરણ દ્વારા, સમર્પણ કરવાથી ભક્તિ ઘેરાઈ જાય છે. જેમ ત્રિકોણમાં એક પણ બાજુ છુટી પાડી શકાતી નથી કે ખંડિત કરાતી નથી, તેવું જ શરણાગતિ, સમર્પણ અને સેવા કે સ્મરણનું વિચારવું.

૮૪-૨૫૨ વૈષ્ણવોના ચરિત્રમાં પણ (શ્રીમહાપ્રભુજીનાં ગ્રંથોમાં સિધ્ધાંત બતાવ્યા છે તે મુજબ જ) આ ત્રિકોણ તેમના સામર્થ્ય (આર્થિક, શારીરિક, માનસિક) પ્રમાણે બનતા જોવા મળે છે. દરેકે પોતાના **સ્વસેવ્ય પ્રભુ સાથે જ**

શ્રીમહાપ્રભુજી કે શ્રીગુસાંઈજીની આજ્ઞા પ્રમાણે શરણાગતિના પાયા ઉપર આ ત્રિકોણની રચના કરીને **નિરોધ સિધ્ધ કર્યો છે.** જે આગળ સત્સંગ કરશું તેમ સમજાતું જશે.

અહીંયા જે સમજાવવામાં આવ્યું છે તેને, શ્રીમહાપ્રભુજીનાં ગ્રંથો, શ્રીહરિરાયજીનાં ગ્રંથો-પ્રાચીન બાળકોના વચનામૃતો વગેરેનાં પ્રકાશમાં જ સમજાવાઈ રહ્યું છે.

અહીં જે જણાવ્યું છે તે સંપ્રદાયનાં સિધ્ધાંત પ્રમાણે છે કે નહીં તેનો સ્વયં વિચાર કરવો - ચકાસણી કરી - જણાવેલ વાત સાચી છે કે ખોટી તેનું પૃથ્થકરણ કરવું. અને સાચા રસ્તે ચાલવા જોઈતું બળ ભેગું કરી - પૂરી તૈયારી સાથે શ્રી મહાપ્રભુજીનાં પુષ્ટિભકિત સંપ્રદાયનું દ્રઢ આચરણ કરવું. સેવા અંતર્ગત ઘણી બધી વાતો જેવી કે; સેવાનું સ્વરૂપ, સેવાનું પ્રયોજન, સેવ્ય સ્વરૂપ, સેવા સ્થળ ... વગેરે વિશે પણ જોઈશું.

પણ પ્રથમ આ સેવા માટે જરૂરી એવી શરણદીક્ષા અને સમર્પણદીક્ષા શું છે? તે જાણવું અત્યંત જરૂરી હોવાથી પહેલા વિચારીશું, શરણદીક્ષા જે શરણાગતિ અને આ **દીક્ષા લેનારનું કર્તવ્ય શું છે તે સમજાવે છે.** માટે શરણાગતિ ને સમજવા સૌ પ્રથમ આગળ વધીશું. પછી સમર્પણનો વિચાર કરીશું.

અમારો મનોરથ આ શરણાગતિ-સમર્પણ-સેવાના વિષયને, શ્રીમદ્ ભગવદ્ગીતા, શ્રીમદ્ ભાગવત, શ્રીસુબોધિનીજી, ષોડશગ્રંથો અને આગળ જણાવેલ પુષ્ટિમાર્ગીય સાહિત્યના અનુસંધાન સાથે સત્સંગ કરવાનો છે.

- શેષ ભગવદ્ ઈચ્છા

A : શરણાગતિ

શરણાગતિ એટલે શું ?

પુષ્ટિભકિતમાર્ગમાં શરણાગતિ એટલે આશ્રય - જેમાં આલોક-પરલોક સંબંધી કે ભકિત સંબંધી; અશકય તેમજ શકય દરેક બાબતોમાં **એક માત્ર શ્રીકૃષ્ણ જ મારા રક્ષક અને આધાર છે,** તેવો સર્વદા (પ્રત્યેક ક્ષણ માટે) સર્વપ્રકારે રાખવામાં આવતો નિરૂપાધિક નિષ્કામ ભાવ. આ શરણાગતિને ભગવદ્ગીતા અને શ્રીમહાપ્રભુજી આપશ્રીનાં ગ્રંથોમાં કેવીરીતે સમજાવે છે તે ટીકાઓના આધારે જોઈશું.

સર્વધર્માન્ પરિત્યજ્ય મામ્ એકં શરણં વ્રજ ।
અહં ત્વા સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ ।।૬૬।।

આ શ્રીમદ્ ભગવદ્ગીતા અ.૧૮/શ્લો.૬૬ માં **ભગવાન જીવને શરણાગતિ સ્વિકારવાનું જણાવતા - વચન આપે છ** કે તે શરણાગતને બધા પાપોમાંથી મુક્તિ અપાવશે માટે શરણાગતે શોક કરવો નહીં.

કોઈને એવો પ્રશ્ન થાય કે "સર્વધર્માન પરિત્યજ્ય" એટલે શું બધા ધર્મો આચરવાનાં નહીં ? છોડી દેવાનાં ? એટલે અધર્માચરણ કરવાનું ? શ્રીગુસાંઈજી આ શ્લોકને સમજાવતા જણાવે છે કે, જીવે લૌકિકધર્મ, વૈદિકધર્મ, સ્વધર્મ, પૌરાણિકધર્મ, સ્માર્તધર્મ .... **વગેરે કરવાનાં ખરા (અર્થાત કરવા જોઈએ) પણ તે ધર્મ માટે, ઉપયોગમાં કે આચરવામાં આવતા સાધનોના અભિમાનનો ત્યાગ કરવાનો** અર્થાત ધર્માચરણમાં આવતા સાધનો જેવાં કે ધ્યાન, જપ, તપ, દાન, સેવા, પરોપકાર ... વગેરે જ **મારો ઉદ્ધાર કરશે તે ભાવ ન રાખી ફક્ત ભગવદ્ શરણાગતિ જ મારો ઉદ્ધાર કરશે** એવી શરણભાવમાં દૃઢતા રાખવી. આમ શરણાગતિમાં સાધનોના અભિમાનનો ત્યાગ સમજાવ્યો છે.

(૧) ☞ **કૃષ્ણાશ્રયસ્તોત્રમ્** ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી જણાવે છે કે,

"સર્વમાર્ગેષુ નષ્ટેષુ કલૌ ચ ખલધર્મિણિ
પાષણ્ડપ્રચુરે લોકે કૃષ્ણએવ ગતિર્ મમ ।।"

શાસ્ત્રોએ જે જુદા જુદા ભગવદ્ પ્રાપ્તિનાં માર્ગો (જેવા કે કર્મ, જ્ઞાન, ભક્તિ, ઉપાસના વગેરે) બતાવ્યા છે તે કળીયુગનાં રૌદ્ર સ્વરૂપથી અને પાષંડની (વેદ વિરૂધ્ધ મતોની - છળકપટની) પ્રબળતા અને પ્રચુરતાને લીધે નષ્ટ થઈ ગયા છે.

ગંગાદિતિર્થ ... માં જણાવે છે કે તિર્થોમાંથી પણ આ જ કારણને લીધે આધિદૈવિકતા તિરોહીત થઈ ગઈ છે ફકત **એક જ રસ્તો ભગવદ્ પ્રાપ્તિનો બાકી રહી ગયો છે તે છે શરણાગતિનો**. માટે આ ગ્રંથમાં દરેક શ્લોકમાં છેલ્લે આપશ્રી ભાર મૂકીને જણાવે છે ક " કૃષ્ણએવ ગતિર્ મમ ।।" ટૂંકમાં એમં સમજી શકાય કે, શ્રીમહાપ્રભુજી દૈવીજીવોને શરણાગતિ દૃઢ કરવાની જ વાત કરી રહ્યા છે.

(૨) ☞ **નવરત્નમ** ગ્રંથમાં આજ વાત શ્રીમહાપ્રભુજી જણાવે છે,

તસ્માત્ સર્વાત્મના નિત્યં "શ્રીકૃષ્ણઃ શરણમમ"
વદદ્ભિર્ એવં સતતં સ્થેયમ્ ઈત્યેવ મે મતિ : ।।૯।।

[આગલા શ્લોકોના અનુસંધાનમાં જણાવે છે. શ્રવણાદિ ભકિત આત્મનિવેદન વગેરે અશકય લાગે છે તેથી] સર્વ પ્રકારે નિત્ય (નિરંતર) (વ્રજભક્તો સહિત) શ્રીકૃષ્ણ જ મારૂં શરણ (આશ્રય) છે આ પ્રકારે સતત બોલતા રહેવું જરૂરી છે. શ્રીમહાપ્રભુજી જણાવે છે કે, આ પ્રકારે મારી સમજ છે.

(3) ☞ **પઞ્ચશ્લોકી ગ્રંથમાં** શ્રીમહાપ્રભુજી **શરણાગતિનાં ૬ અંગો** બતાવે છે. અને તે પ્રમાણે દરેક શરણાગત જીવ આવું જીવન જીવે તો શરણાગતિ દૃઢ થાય તેવું ટીકાકાર સમજાવે છે.

અનુકૂલસ્ય સંકલ્પઃ[૧] પ્રતિકૂલવિસર્જનમ્[૨] ।।૪।।
કરિષ્યતીતિ વિશ્વાસો[૩] ભર્તૃત્વે વરણં તથા[૪] ।।
આત્મનૈવેદ્ય[૫]-કાર્પણ્યે[૬] ષડ્વિધા શરણાગતિઃ ।।૫।।

-શ્રીમદ્વલ્લભાચાર્યકૃત પઞ્ચશ્લોકી

૧. **અનુકુલસ્ય સંકલ્પ** અર્થાત પ્રભુને અનુકુળ સુખદ હોય તેવી જ ક્રિયા - આચાર, વિચાર, વાણીમાં લવાય તે કરવાનો સંકલ્પ.

(ક) શ્રીગુસાંઈજીને વીણાવાદનનો શોખ હતો. પરન્તુ વીણા વગાડવાને કારણે આપશ્રીની આંગળીઓ કડક થઈ જતી હતી જેના સ્પર્શથી પ્રભુને શ્રમ થતો હતો. આની જાણ થતાં જ આપશ્રીએ વીણાવાદનનો ત્યાગ કર્યો. (અનુકુલસ્ય સંકલ્પ)

(ખ) ૮૪/વાર્તા ક્ર.૫૯ નારાયણદાસ લુહાણા ઠઠાના વાસી : બાદશાહે કોઈ કારણસર જેલમાં નાખ્યા. રોજ દંડ ભરવાનું કહ્યું - એક દિવસ નારાયણદાસનાં ગુરુભાઈ તેમને બંદીખાને મળવા ગયા - એમને પૈસાની જરૂર છે તેવું જાણતા જ, બાદશાહને આપવાનાં પૈસા ગુરુભાઈને આપી દીધા. પોતે ૫૦૦ કોરડા ખાવા તૈયાર થઈ ગયા - બાદશાહને આ વાતની ખબર પડતાં નારાયણદાસને જેલમાંથી છોડી દીધા - દંડ પણ માફ કર્યો. (આશ્રય દૃઢ રાખ્યો - દેહ-દંડની ચિંતા ન કરી શરણાગતિને અનુકૂલ સંકલ્પ કર્યો.)

(ગ) ૨૫૨/વાર્તા ક્ર.૧૧૨ એક ચોર દિલ્લીનો : ચોર શ્રીગુસાંઈજીનો સેવક થયો. શ્રીગુસાંઈજીએ તેને સત્ય બોલવાની તથા દયા રાખવાની આજ્ઞા કરી. સત્ય બોલતા - બોલતા રાજાના મહેલમાં ચોરી કરી. રાજાને

સાચી વાતની ખબર પડતાં તેને દિવાનના સલાહકાર તરીકે નીમ્યો. (તેણે શ્રીગુસાંઈજીની આજ્ઞાને અનુસરી જીવવાનો સંકલ્પ કર્યો હતો.)

(ઘ) ૨૫૨/વાર્તા ક્ર.૧૭૭ રાજા માનસિંઘ : એકસો આઠ રાણી હોવા છતાં શ્રીગુસાંઈજીની આજ્ઞાને અનુસાર તેલીની બેટીને રાણી બનાવી, જે ભગવદ્ધર્મમાં સહાયક થઈ- ભગવદ્ સેવામાં અનુકુળ થઈ. (શરણાગતિને અનુકૂલ જ સંકલ્પ કરવો જોઈએ તે બતાવ્યું)

- **પ્રતિકૂલસ્ય વર્જનમ્** અર્થાત પ્રભુને જે ગમતુ નથી - જેનાથી તેઓ અનમના બિરાજે છે - તેવી દરેક ક્રિયા - આચાર - વિચાર - વાણીનો ત્યાગ

(ક) ૮૪/વાર્તા ક્ર.૪ પદ્મનાભદાસ કનૌજીયા બ્રાહ્મણ : શ્રીમહાપ્રભુજીએ ભાગવતને વૃત્યર્થ વાંચવાની ના પાડી - તેમણે કથાવૃત્તિ પણ છોડી.

(ખ) ૮૪/વાર્તા ક્ર.૪૭ રામદાસ પ્રોહિત મેવાડના : પુષ્ટિભકિતથી ભિન્ન મર્યાદા ભાવવાળા ભકત મીરાબાઈનો સંગ છોડ્યો.

(ગ) ૨૫૨/વાર્તા ક્ર.૨૩૧ મદનગોપાલ કાયસ્થ : પુત્રને તાવ આવ્યો - સ્ત્રીએ તાવ મટાડવા દોરો બાંધ્યો - શ્રીઠાકોરજી રિસાઈ ગયા - ભોગના થાળને લાત મારીને ફેંકી દીધો - મદનગોપાલને ખબર પડતાં તેણે સ્ત્રીનો ત્યાગ કર્યો.

(ઘ) ૨૫૨/વાર્તા ક્ર.૨૦૯ કિશોરીબાઈએ અન્ય વૈષ્ણવની સામગ્રી અંગીકાર કરાવી તે શ્રીઠાકોરજીને ગમ્યું નહીં અનમના બિરાજ્યા. કિશોરીબાઈએ બહુ વિનંતી કરી ત્યારે જણાવ્યું કે તેં મને બીજાની સત્તાની સામગ્રી કેમ ધરી ? હું અરોગતો નથી. કિશોરીબાઈએ તે ન ધરવાનો સંકલ્પ કર્યો. (પ્રતિકુલસ્ય વર્જનમ્)

3. **કરિષ્યતિ ઈતિ વિશ્વાસ** અર્થાત પ્રભુ બધુ પોતાની ઈચ્છાથી કરશે એવો દઢ ભાવ રાખવો શરણમાર્ગી માટે આવશ્યક છે, જેમાં **(ક-ખ)** "પ્રાપ્તં સેવેત નિર્મમ:" (વિવેકધૈર્યાશ્રય) નો આગ્રહ, **(ગ)** "અવિશ્વાસો ન કર્તવ્ય:" (વિવેકધૈર્યાશ્રય) વાળી દઢતા ; **(ઘ)** "નિજેચ્છાત: કરિષ્યતિ" (નવરત્ન ચતુશ્લોકી ગ્રંથ) વાળો ભાવ હોવો: ... વગેરે વિચારી શકાય.

(ક) ૮૪/વાર્તા ક્ર.૮ ગદાધરદાસજી : ફકત જલની લોટી ધરી. "પ્રાપ્તં સેવેત નિર્મમ:" (જે પ્રાપ્ત થાય છે તેમાં જ સંતોષ રાખી જીવન જીવવું.)

(ખ) ૮૪/વાર્તા ક્ર.૪ પદ્મનાભદાસજી કનૌજીયા બ્રાહ્મણ : **મથુરાધીશજીને** છોલા ભોગ ધર્યા. "પ્રાપ્તં સેવેત નિમર્મ" નું પાલન કર્યું.

(ગ) શેઠ પુરુષોત્તમદાસ (૮૪/વાર્તા ક્ર.૬) : એક બ્રાહ્મણે શેઠને મણી આપવાનો વિચાર કર્યો મણી શેઠજીએ ન રાખ્યો. પ્રત્યુત્તરમાં કહ્યું કે એમને પ્રભુ પર દૃઢ વિશ્વાસ છે કે પ્રભુ જ બધુ સિદ્ધ કરશે, મણીની જરૂર નથી.

(ઘ) જુઓ ૮૪ વૈ.વાર્તા ક્રમાંક /૯ વેણીદાસ-માધવદાસ વાર્તા પ્રસંગ-૨, શ્રીનવનીત પ્રિયાજી માધવદાસને પૂછે છે "નાવ ડૂબાઉ" માધવદાસ એજ જવાબ આપે છે "નિજેચ્છાતિઃ કરિષ્યતિ"

૪. **ભર્તૃત્વે વરણમ્** અર્થાત શરણાગતિ સિધ્ધ થવા માટે પ્રભુને પોતાનાં સ્વામી માનવા અનિવાર્ય છે. તે માટે દાસત્વ દૃઢ કરવા અનન્યાશ્રય, પૂર્ણવિશ્વાસ, આપની આજ્ઞાનું પાલન, સમર્પિત લેવું વગેરે અનિવાર્ય કર્તવ્ય છે. (ઉદાહરણરૂપે ૮૪/૨૫૨ નાં પ્રસંગો જોઈ લેવા)

૫. **આત્મનૈવદ્ય** અર્થાત આત્મનિવેદન જે કર્યું છે તેને લાયક થવા તે શરણાગત જીવ પોતાના આત્માને પ્રભુનો (અંશીનો) અંશ માની, પ્રભુ સાથેની પ્રિયતા દૃઢ કરી જાણે, ત્યારે આત્મનિવેદન રૂપ આશ્રયભાવ સિદ્ધ થાય. (શરણાગતિ અંતર્ગત આવતું આત્મનિવેદન, ભક્તિમાર્ગમાં આવતા આત્મનિવેદનથી ભિન્ન છે. કારણ કે, **શરણમાર્ગીય આત્મનિવેદન** ફક્ત જ્ઞાન રૂપ હોય છે જ્યારે **ભક્તિમાર્ગીય આત્મનિવેદન** ભાવરૂપ તથા સમર્પણ વિનિયોગરૂપ-ભગવદ્‌સેવા યુક્ત હોય છે.)

૬. **કાર્પણ્ય** અર્થાત દીનતા ; શરણાગતિનું એક મુખ્ય અંગ દીનતા પણ છે. આ દીનતા ભગવદ્ માહાત્મ્યનાં પ્રાધાન્યને લીધે આવવી જોઈએ, નહીં કે બીજા કોઈ શુદ્ધભાવથી. (**શુદ્ધભાવ** જેવા કે, સ્વાર્થ ને કારણે, દ્રવ્ય ને કારણે, પરિચર્યા ને કારણે કે ભયને કારણે આવતી દીનતા હીન પ્રકારની છે, જે કોઈ પણ કાળે ભગવદ્ શરણાગતિની સાધક નથી બની શકતી.) શરણાગતિમાં દીનતા માટે, મારાથી જે કાંઈપણ થયું કે થઈ રહ્યું છે તેમાં (મન, વચન અને ક્રિયામાં) ભગવદ્ ઈચ્છા, ભગવદ્‌કૃપાની પ્રાધાન્યતા જ છે. આવો ભાવ - શરણાગતિને દૃઢ બનાવે છે.

(૪) ☞ **સર્વોત્તમસ્તોમ્**માં શ્રીગુસાંઈજીએ શ્રીમહાપ્રભુજીનાં આ ગુણ-સ્વરૂપનું જે વર્ણન કર્યું છે તે જોઈએ. શ્રીમહાપ્રભુજી .....

- ભક્તિમાર્ગે સર્વમાર્ગ વૈલક્ષણ્યાનુંભૂતિકૃત્ (૭૧મું નામ)
  પુષ્ટિભક્તિમાર્ગમાં અન્ય સર્વ ભક્તિ માર્ગો કરતા **વિલક્ષણતા*** છે એવો

અનુભવ કરાવવાળા આચાર્ય છે.

- પૃથક્શરણમાર્ગોપદેષ્ટા (૭૨મું નામ)

  શ્રીમહાપ્રભુજી **પૃથક*** (જુદા જુદા) શરણ માર્ગના ઉપદેશ કરવાવાળા છે.

- શ્રીકૃષ્ણ હાર્દવિત્ (૭૩મું નામ)

  શ્રીમહાપ્રભુજી **શ્રીકૃષ્ણનાં હૃદગતભાવને**✧ **જાણવાવાળા છે.**

આ નામોમાં પ્રગટ થતા શ્રીમહાપ્રભુજીનાં ગુણ-સ્વરૂપનો વિચાર :-

*પુષ્ટિભકિત સંપ્રદાયમાં પુષ્ટિભકિતની **વિલક્ષણતા** શ્રીમહાપ્રભુજીએ એ સમજાવી છે કે, ભકિત કરનારે, દરેક કાર્યમાં ભગવદ્ ઈચ્છા અને ભગવદ્લીલાનું અનુસંધાન રાખી શરણાગતિ દ્દઢ કરવી જોઈએ.

*આપશ્રીએ શરણાગતિ માટ **પૃથક** (જુદી જુદી) બે દીક્ષા (જે શ્રીઠાકોરજીને પ્રિય છે તેવી) પ્રગટ કરી છે. (૧) **શરણ દીક્ષા (નામ દીક્ષા)** આ દીક્ષા દ્વારા જીવોને અષ્ટાક્ષરમંત્રના સ્મરણથી શરણાગતિ સ્વિકારી (ભગવદ્ સંબંધ) દ્રઢ કરવાનો ઉપાય સમજાવ્યો છે. અને (૨) **બ્રહ્મસંબંધ દીક્ષા** આ દીક્ષાથી **સેવા દ્વારા** અસમર્પિતનો ત્યાગ અને અનન્યાશ્રય કરી (ભગવદ્ સંબંધ) દ્દઢ કરવાનો ઉપાય સમજાવ્યો. (આમ શરણાગતિ જ બતાવી છે.)

✧શ્રીમહાપ્રભુજી **શ્રીકૃષ્ણનાં હૃદગત ભાવને જાણવાવાળા** આચાર્ય છે. અને શ્રીઠાકોરજીનાં મુખારવિંદ સ્વરૂપ છે તેથી આપણા માટે શ્રીમહાપ્રભુજીનાં વાકયો, ભગવદ્ વચન જ છ (માટે તેની અવગણના ન કરવી જોઈએ.) માટે જ ....

(૫) ☞ **વલ્લભાષ્ટકમ્** ગ્રંથમાં શ્રીગુસાંઈજી જણાવે છે કે ...

નહ્યન્યો વાગધીશાત્ શ્રુતિગણવચસાં ભાવમ્ આજ્ઞાતુમ્ ઈષ્ટે
યસ્માત્ સાધ્વી સ્વભાવં પ્રકટયતિ વધૂર્ અગ્રતઃ પત્યુરેવ ॥
તસ્માત્ શ્રીવલ્લભાખ્ય! ત્વદુદિતવચનાદ્ અન્યથા રૂપયન્તિ
ભ્રાન્તા યે તે નિસર્ગત્રિદશરિપુતયા કેવલાન્ધન્તમોગાઃ ॥૩॥

અર્થાત : વાણીના પતિ (શ્રીમહાપ્રભુજીનાં) સિવાય બીજા કોઈમાં શ્રુતિગણની વાણીના ભાવને સારી રીતે સમજાવવાનું સામર્થ્ય નથી. કેમ કે જેમ પતિવ્રતા સ્ત્રી પોતાનાં પતિ પાસે જ પોતાનો આશય પ્રગટ કરે છે, તેમ.

માટે હે શ્રીવલ્લભાચાર્ય, જે લોકો આપનાં કહેલા વચનથી અન્યથા વેદનો અર્થ કહે છે તેઓ સ્વભાવથી અસુરપ્રકૃતિનાં હોવાથી ભ્રમિત થયેલા છે અને તેઓ કેવળ અન્ધન્તમને (નરકનાં એક પ્રકારને) પ્રાપ્ત થાય છે.

સંપ્રદાયસાર : શ્રીમહાપ્રભુજીના વચનોથી (સિધ્ધાંતોથી) જે અન્યથા કહી રહ્યા છે કે કરી રહ્યા છે તેને અસુર પ્રકૃતિનાં જાણવા તેમનો સંગ દુઃસંગ ગણાશે જે (સંગ કરનારને) બહિર્મુખ કરીને અન્ધન્તમ નરકમાં લઈ જશે. (....શ્રીહરિરાયજી) (આજ વાત જલભેદ ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી સમજાવે છે)

શરણાગતિ ક્યારે ખંડિત થાય ? :-

આ શરણાગતિને ખંડિત કરનારા પરીબળો છે.

(૧) ગુરુઆજ્ઞાનું (શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું) ઉલ્લંઘન **(૨)** અન્યાશ્રય
(૩) અસમર્પિત ખાનપાન **(૪)** અધૈર્ય **(૫)** અવિશ્વાસ **(૬)** અવિવેક
(૭) દંભ.... વગેરે જે શરણાગતિને ખંડિત કરે છે અને ફલ સ્વરૂપે શરણાગત જીવ બહિર્મુખ થઈ જાય છે.

શરણાગતિ દૃઢ ક્યારે થાય ?:-

શરણાગતિ દૃઢ કરવા પુષ્ટિજીવે, ઉપર જણાવેલ બધા પરીબળોનો વિચાર અને ગ્રંથોનું અધ્યયન કરી **મુખ્ય બે ક્રિયાઓ છે** તેને આચરણમાં મૂકવી.

(અ) સાધનોનાં અભિમાનનો ત્યાગ અને
(બ) અનન્ય આશ્રય

(અ) સાધનોનાં અભિમાનનો ત્યાગ : સંપ્રદાયમાં બ્રહ્મસંબંધી જીવ એમ વિચાર કરે કે, હું રોજ આટલી માળા કે સેવા કરૂં છું, આટલા પાઠ કરૂં છું, આટલી ટહેલ વૈષ્ણવોની કરૂં છું - શ્રીગુરૂદેવની ટહેલ કરૂં છું - આટલા મનોરથો કરાવું છું ... વગેરે - વગેરે. **શાસ્ત્ર આવા વિચારોને, કરેલા સાધનોનું અભિમાન જ ગણાવે છે. જેના કારણે શરણાગતિનો ભાવ જતો રહે છે.**

કોઈ એમ કહે કે, આટલા પાઠ નવરત્ન ગ્રંથનાં કરો, સંપુટી પાઠ યમુનાષ્ટક કરો, સર્વોત્તમનાં અમુક પાઠ કરો (...વગેરે) તો તમારૂં શ્રેય થશે અથવા બાધા દૂર થશે. ભલેને તે કોઈ વિદ્વાન દ્વારા કે શાસ્રી દ્વારા સૂચવેલું હોય, **પણ જો આચરણમાં મૂકવામાં આવશે તો તે અન્યાશ્રય જ ગણાશે,** કેમ કે, સકામ પાઠ કરત્ન તે સાધન બની જાય છે. શરણાગતિનો ભાવ છૂટી જાય છે. શ્રીઠાકોરજીમાં અવિશ્વાસ આવી જવાથી, ભગવદ્ આશ્રય છૂટી જાય છે. વળી **સાધનોમાં (તેવી ક્રિયાઓમાં) આશ્રય દૃઢ થઈ જવાથી** તે અન્યાશ્રય થાય છે.

ઉપાય :- શરણાગતિ જેણે સ્વિકારી છે, તેના મન વચન અને કર્મમાં એક જ સ્મરણ રહેવું જોઈએ કે શ્રીઠાકોરજીની મેં શરણાગતિ સ્વિકારી લીધી છે **હવે જે કાંઈ થાય છે તે ભગવદ્ ઈચ્છા મુજબ જ થાય છે,** માટે આલોકમાં કે પરલોકમાં

જે કાંઈ થશે તે ભગવદ્ ઈચ્છા મુજબ જ થશે તેવો દઢ આશ્રય રાખવો.

(બ) અનન્ય આશ્રય : બ્રહ્મસંબંધી જીવોને શ્રીમહાપ્રભુજી **વિવેકધૈર્યાશ્રય ગ્રંથમાં** શ્લોક ૧૦ થી ૧૭ સુધી, જુદી જુદી પરિસ્થિતીમાં અન્યાશ્રય કેવી રીતે થઈ શકે છે, અને તેને લીધે શરણાગતિ કેમ ખંડિત થાય છે તે સમજાવ્યું છે, આ સમજી તેવું ન કરવાથી **અનન્યાશ્રય** દઢ થાય છે.

... ... આશ્રયોઽતો નિરૂપ્યતે ॥૯॥
ઐહિકે પારલોકે ચ સર્વથા શરણં હરિ : ॥ (અ)
દુ:ખહાનૌ [૧] તથા પાપે [૨] ભયે [૩] કામાધપૂરણે [૪] ॥૧૦॥
ભક્તદ્રોહે [૫] ભક્ત્યભાવે [૬] ભક્તૈશ્ ચાતિક્રમે કૃતે [૭] ॥
અશક્યે [૮] વા સુશક્યે [૯] વા સર્વથા શરણં હરિઃ ॥૧૧॥
અહંકાર-કૃતે [૧૦] ચૈવ પોષ્ય-પોષણ-રક્ષણે [૧૧] ॥
પોષ્યાતિક્રમણે [૧૨] ચૈવ તથાન્તેવાસ્યતિક્રમે [૧૩] ॥૧૨॥
અલૌકિક-મનઃસિદ્ધૌ [૧૪] સર્વથા શરણં હરિઃ ॥
એવં ચિત્તે સદા ભાવ્યં વાચા ચ પરિકીર્તયેત્ ॥૧૩॥
અન્યસ્ય ભજનં તત્ર સ્વતોગમનમેવ ચ ॥
પ્રાર્થના કાર્યમાત્રેઽપિ તથાન્યત્ર વિવર્જયેત્ ॥૧૪॥

પૂ.પા.ગો. શ્રીપુરૂષોત્તમજી (જુનાગઢ-કિશનગઢ) આપના વચનામૃતમાં નીચે પ્રમાણે સમજાવે છે.

(અ) ઐહિક (એટલે આલોક) સંબંધી અને પરલોક સંબંધી કેવી કેવી પરિસ્થિતી કયારે કયારે ઉભી થઈ શકે છે તેની શકયતા બતાવે છે અને જણાવે છે કે આવી પરિસ્થિતીમાં પણ ભગવદ્ આશ્રય દઢ રહેવો જોઈએ અને શરણાગતિ ખંડિત ન થવા દેવી જોઈએ. (શ્લોકમાં આપેલા અનુક્રમનાં અનુસંધાન પ્રમાણે વિચારીયે)

૧. **દુઃખ આવી પડ્યું હોય તેનો નાશ કરવા** જોષીનાં કહેવાથી કે કોઈનાં કહેવાથી કે પોતાની ગેરસમજથી, દોરા-ધાગા કરવા, માનતા માનવી, જપ પાઠ કરવા, **ગ્રહની વિંટી પહેરવી,** સંધ્યાનું જલ લેવા જવું, ભોજપત્ર માટે જવું વગેરે અન્યાશ્રય ને જન્મ આપનારૂં છે. કેમ કે, સ્વસેવ્યનો આશ્રય છોડી રાહુ-કેતુ-શનિ-દોરા ધાગા-સંધ્યાનું જલ, વગેરેનો આશ્રય કરવાથી શરણાગતિ ખંડિત થાય છે. **ભગવદ્ આશ્રયમાં દુઃખ મળતું હોય તો ઉત્તમ છે - અન્યાશ્રય કરીને ભૌતિક-દૈહિક સુખ લેવા ન દોડવું.**

૨. **જાણે અજાણે કોઈ પાપ થઈ ગયું હોય** અને તે પાપની મુક્તિ માટે કોઈનાં

કહેવાથી કે પોતાની ગેરસમજથી ઉપાયો કરવા જેવા કે ગાયને પડીકા આપવા, પક્ષીઓને ચણ નાખવું, કૂતરાને રોટલા નાંખવા, કિડીયારૂં પૂરવું... વગેરે. તિર્થસ્નાન માટે સકામતા રાખી જવું... વગેરે અન્યાશ્રયને જ પ્રોત્સાહન આપનારા છે. (તેનું સૂચન ભલે કોઈ ભગવદીય કે મહદ્કુલ પ્રસુત દ્વારા થયું હોય તો પણ શરણાગતિ ખંડિત થાય છે.)

૩. **કોઈ છૂપો ભય સતાવતો હોય,** જેવો કે કાલસર્પ યોગ, પિતૃદોષ, વાસ્તુદોષ, રોગ- દુશ્મન-ચોર-પ્રેત ઈત્યાદી માટે પાઠ કરવા, નારાયણ કવચ, સુદર્શન કવચ (આ સુદર્શન કવચ શ્રીમહાપ્રભુજી એ કર્યું નથી - માટે તેનો પાઠ પણ અન્યાશ્રય જ છે)નો પાઠ કરવો, તાવીજ, **ભોજપત્ર, સંધ્યાનું જલ, શ્રીયમુના શાંતી પાઠ, રક્ષાપોટલી, ફેંગસુઈ, વાસ્તુપુજા** વગેરે, અન્યાશ્રય છે.

૪. **કામ-આદી જેની જરૂરીયાત** આપણને લાગતી હોય અને તેની અપૂર્તી હોય ત્યારે તે મેળવવા કરવામાં આવતી કોઈપણ ક્રિયા (ભગવદ્ આશ્રય છૂટી જવાથી) અન્યાશ્રય જ બને છે.

૫. ભૂલમાં કે જાણી જોઈને કોઈ **ભક્તનો દ્રોહ થઈ ગયો હોય** તેની નિવૃત્તિ માટે કોઈનાં કહેવાથી જપ પાઠ કરીયે તે પણ અન્યાશ્રય જ બને છે તેવી પરિસ્થિતિમાં પણ શ્રીઠાકોરજીનો જ આશ્રય રાખવો જોઈએ.

૬. **ભક્તિનો અભાવ હોય** - ગ્રંથો વગેરે સમજાતા ન હોય - સેવા સ્મરણમાં ચિત્ત ચોંટતું ન હોય અને તે માટે કરવામાં આવતી કોઈ પણ ક્રિયા (જેમાં અન્ય દેવી-દેવતા કે મંત્ર તંત્રની ઉપાસના હોય) **ભલે ભગવદ્ સુખાર્થે હોય તો પણ** અન્યાશ્રય બને છે. (વાંચો તૃતિય ઘરમાં બનેલો પ્રસંગ વલ્લભવંશજ દ્વારા શ્રીમહાપ્રભુજીનાં ગ્રંથો-શાસ્ત્રો-ટીકાઓ- યાદ રહે તે માટે "સરસ્વતી મંત્ર" નો આશ્રય કરેલા શ્રીઠાકોરજીએ તેને અન્યાશ્રય જ ગણ્યો છે અને તે વંશજનો ત્યાગ કરેલો છે.)

૭. **ભક્તો અતિક્રમ** કરે એટલે અનાદર કરે - તિરસ્કાર કરે ત્યારે અન્યનો આશ્રય લઈએ, ભલે તે મોટા વૈષ્ણવ - ભગવદીય કે બાપા દ્વારા બતાવેલ હોય તો પણ તે અન્યાશ્રય બને છે. (કેમકે, 'શ્રીઠાકોરજી નિજેચ્છાત્ કરિષ્યતિ' છે તે વિવેક ચૂકાઈ જાય છે.)

૮. **અશક્યમાં** - જે વસ્તુ જાતે બની શકે તેવી નથી અને બીજા ઉપર નિર્ભર હોઈએ ત્યારે તેનો ઉપકાર માનવો - એ અન્યાશ્રય બને છે. (જુઓ વાર્તા ૨૫૨/૩૮ માપણી વાળી "તેં મને જીવાડી" ભગવદ્ ઈચ્છાથી

થયું તેમ ન વિચારતા માપણીવાળાનો આશ્રય વાણીથી કર્યો.)

૯. **શુશક્યમાં** - જે આપણાથી શકય હોય અને તેમાં, આ મેં કર્યું - આ મારી હાજરીથી થયું - આ મકાન મેં બનાવ્યું, મેં આટલો ખર્ચ લગ્નમાં કર્યો - વિગેરે વિગેરે અન્યાશ્રયને જ જન્મ આપે છે. (ભગવદ્ ઈચ્છાથી બધું થાય છે તે ભૂલી જવાયું અને અહંકાર થયો તેથી શરણાગતિ છુટી ગઈ માટે અન્યાશ્રય ગણાય.)

૧૦. **અહંકાર કે અભિમાનથી કરેલા કાર્યમા** - સાધનોનું અભિમાન વગેરે આવી જાય ત્યારે શરણાગતિનો ભાવ ખંડીત થઈ જાય છે.

૧૧. **જેઓ આપણું પોષણ કરે છ** (માતા- પિતા વગેરે) તેના દ્વારા થયેલા અનાદરમાં કે તિરસ્કારમાં આપણને ક્રોધ આવી જાય - ગુસ્સે થઈ જવાય (જે ચાંડાલનું સ્વરૂપ છે તેનો આશ્રય લીધો કહેવાય ભગવદ્ આશ્રય છૂટી જવાથી) એ અન્યાશ્રય તુલ્ય જ ગણાશે.

૧૨. **આપણે જેનું પોષણ કરીયે છીએ** (પુત્ર-પુત્રી-નોકર વગેરે) તેમના દ્વારા થતા અનાદરમાં કે તિરસ્કારમાં આપણો વાણી ઉપર કાબુ ન રહે તેવી ક્રિયા થઈ જાય ગુસ્સો આવી જાય એ અન્યાશ્રય જ છે.(ભગવદ્ ઈચ્છા કે ભગવદ્ લીલાનો વિચાર ન કર્યો માટે તે અન્યાશ્રય થઈ ગયો.)

૧૩. **અંતેવાસી (શિષ્ય) દ્વારા થતા** ગુરૂનાં અનાદરમાં કે તિરસ્કારમાં **(શિષ્યોથી આવું વર્તન ન જ થાય)** ગુરૂને ગુસ્સો આવી જાય, ગુરૂ અન્યથા બોલે, શ્રાપ આપે, તિરસ્કાર વગેરે કરે, (ગુરૂ માટે અન્યાશ્રય ગણાય છે.) **ભગવદ્ઈચ્છાથી થયું તે ભૂલાઈ જવાથી** અન્યાશ્રયને જન્મ આપે છે. (જુઓ વાર્તા પ્રસંગ : દામોદરદાસજીએ શ્રીગુસાંઈજીને કહ્યું “યહ મારગ હાંસી ખેલ કો નાહીં હૈ ...” શ્રીગુસાંઈજી ગુસ્સે નથી થયા, દામોદરદાસજી દ્વારા કહેવાયેલી વાતને શ્રીમહાપ્રભુજીની ઈચ્છા માની - ભૂલ સુધારી છે. લક્ષ્મીદાસ દોશીએ ૨૫૨ વૈ.વાર્તા/ક્રમાંક ૫૦ માં શ્રીનાથજીનાં અન્નકુટ માટે શ્રીગુસાંઈએ એક વૈષ્ણવ પાસેથી હાથોહાથ ભેટ સ્વિકારી ત્યારે લક્ષ્મીદાસ દોશીએ અપ્રસન્તા દર્શાવી વિરોધ કર્યો. શ્રીગુસાંઈજી ગુસ્સે થયા નથી, પોતાની ભૂલ સુધારી લીધી છે.)

૧૪. **સેવા સ્મરણ યોગ્ય મનની સિદ્ધિ માટે** સંપ્રદાય બહારની ક્રિયાઓમા (જેવી કે ભોજપત્ર, સંધ્યાનું જલ, વાસ્તુ, રેકી, ફેંગસુઈ, વિપસ્યના વગેરેમાં) મન પરોવાઈ જાય ત્યારે ભગવદ્ આશ્રય છૂટી જતા તે અન્યાશ્રય જ બને છે.

આવી પ્રતિકુળ પરિસ્થિતીમાં શું કરવું ?

(૧) સર્વથા હમેંશા શ્રીઠાકોરજી જ મારૂં શરણ છે અને જે કાંઈ બની રહ્યું છે તે તેમની ઈચ્છા મુજબ જ બની રહ્યું છે અથવા તેમની લીલા અંતર્ગત જ બની રહ્યું છે, તેવો ભાવ રાખવો.

(૨) બીજાનાં મનમાં વિચાર ઉત્પન્ન કરનારાં શ્રીઠાકોરજી જ છે, બીજા દ્વારા ક્રિયા કરાવનારાં શ્રીઠાકોરજી જ છ, **માટે કોઈનો વિરોધ ન કરતા** ભગવદ્ઈચ્છા ભગવદ્લીલા વગેરેમાં દ્રઢ ભાવ રાખી સમજણ પૂર્વક વર્તન કરવું.

(૩) જ્યારે કોઈ લૌકિક દુ:ખ આવી પડે ત્યારે મન-વચન-કર્મથી શ્રીઠાકોરજીની શરણાગતિ જ દ્રઢ પણે સ્વિકારી, મનમાં એજ ભાવ વિચારવો કે, ...

(અ) ભગવદ્ ઈચ્છા આજ છે, **અથવા**

(બ) શ્રીઠાકોરજીએ મારી કસોટી કરવા માટે સંજોગો ઉભા કર્યા છે. **અથવા**

(ક) આપશ્રી જુએ છે કે હું તેમનું શરણ છોડી અન્યાશ્રય કરૂં છું કે નહીં ?

(૪) **પૂ.પા.ગો. શ્રી પુરૂષોત્તમજી (જુનાગઢ-કિશનગઢ) આપશ્રીના વચનામૃતમાં જણાવે છે કે, “જો વૈષ્ણવ વિપરીત પરિસ્થિતીમાં દોરા-ધાગા-ગ્રહશાંતી વગેરે માટે જાય - જપ પાઠ કરે - કરાવે તો અન્યાશ્રય થાય છે તે બહિમુર્ખ થઈ જાય છે. આવા કોઈ કારણોસર અમારી પાસે ભોજપત્ર લેવા કે સંધ્યાનું જલ વગેરે લેવા આવે તો પણ તે અન્યાશ્રય જ ગણાશે, કેમ કે તેનો આશ્રય ભગવદ્ઈચ્છામાં રહ્યો નથી.”** (વાસ્તુશાસ્ત્ર કે ફેંગસુઈનો આશ્રય પણ અન્યાશ્રય જ ગણાશે) [સંધ્યાના જલ પર અસૂરોનો અધિકાર છે.]

નોંધ: જ્યારે શરીરમાં કોઈ રોગનો ઉપદ્રવ હોય ત્યારે ડોકટર પાસે જવામાં અન્યાશ્રય નથી થતો ત્યારે મનમાં એવો ભાવ આવવો જોઈએ પૂર્વજન્મનાં સંચીત કર્મથી કે અપરાધથી આ રોગ થયો છે, દવા લઈ સારવાર કરી, જલ્દીથી સ્વાસ્થ્ય મેળવી સાજા થઈ પ્રસન્નતાથી શ્રીની ટહેલમાં પહોંચાય તો સારૂં આવું વિચારવાથી તે અન્યાશ્રય નથી બનતો.

પણ એવો વિચાર ન કરવો કે, ભગવદ્ ઈચ્છાથી માંદા પડ્યા છીયે, માટે ભગવદ્કૃપા થશે ત્યારે સારા થઈશું. અથવા શ્રીઠાકોરજીને વિનંતી કરીયે “આપ જ્યારે સારા કરશો ત્યારે સારા થઈશું.” આવા આપણા વિચારો-વાણી શ્રીઠાકોરજીને અપ્રસન્ન બનાવે છે. (જુઓ ૨૫૨ વૈ. વાર્તા ક્રમાંક ૪૧ માં

શ્રીઠાકોરજી શ્રીગુસાંઇજીને ફરીયાદ કરે છે તમારો અમુક સેવક મને ખીજવે છે હું કોઇ વૈદ છું કે તેની દવા કરૂં ?)

૮૪/૨૫૨ વૈ.વાર્તામાં બતાવેલ શરણાગતિની દઢતા :

શરણાગતિની દઢતા માટે વાંચો ૨૫૨ વૈ. વાર્તા ક્રમાંક/૧૦૫, જેમાં વૈષ્ણવને ઠગ-ચોરો મળી જાય છે. અને ૨૫૨ વૈ. વાર્તા ક્રમાંક/૭૮, જેમાં વૈષ્ણવને શૂળીએ ચઢાવ્યા નો પ્રસંગ છે. પૂર્વજન્મનાં કોઈ અપરાધને લીધે આ જન્મમાં ભોગવવું પડે, તે સમજાવ્યું છે. **માટે દરેક જગ્યાએ વિવેક વાપરી શરણાગતિ દઢ થાય તેવા ઉપાયો જ વિચારવા,** અન્યાશ્રયની ગંધ વિચારમાં પણ ન આવવી જોઈએ. કેમ કે, શ્રીમહાપ્રભુજી જણાવે છે ક "અન્ય સંબંધ ગંધોપિ કંધરામેવ બાધતે," અન્ય સંબંધની ગંધ પણ ગળુ કપાવા બરાબર છે. દરેક વખતે "અશક્યે વા સુશક્યે વા સર્વથા શરણમ્ હરિઃ" નો ભાવ શ્રીમહાપ્રભુજી જણાવે છે તે દઢ રાખવો.

પદ્મનાભદાસજીની વાર્તામાં આવે છે કે, મોગલે પદ્મનાભદાસજીનું ઘર લૂંટી લીધું છે - તેમના ઠાકોરજીને પણ સાથે લઈ જાય છે. સાત દિવસ સુધી (ભૂખ્યા-તરસ્યા) પદ્મનાભદાસજી તે મોગલની પાછળ પાછળ જાય છે, મોગલાણીના સમજાવવાથી તે મોગલ પદ્મનાભદાસજીને તેમના ઠાકોરજી પાછા આપે છે. પદ્મનાભસદાસજી ઘરે પધરાવી શુદ્ધતા માટે - પંચામૃત સ્નાન ઈત્યાદી શાસ્ત્રોકત વિધી કરી - ભોગ ધરી-સેવાના નિત્યક્રમમાં જોડાઈ જાય છે.

શ્રીગોકુળનાથજી (વાર્તાકાર) એમ જણાવે છે કે, "પદ્મનાભદાસજીમાં શ્રીઠાકોરજીની કૃપાથી એવું બળ હતું કે જો તેઓ ધારત તો **"વા મુગલકો ઉહાંહી જરા ડાલતે"** (પણ પદ્મનાભદાસજીએ એવું કાંઈ જ ન કરતાં વિવેક ધૈર્ય અને આશ્રયને દઢ કર્યા.) **પોતાની શક્તિનો** (જે સિદ્ધ હતી તેનો) **આશ્રય ન લીધો - અન્યાશ્રય ન કર્યો.** પદ્મનાભદાસજીએ વિચાર્યું કે, ...

(૧) મારી કસોટી કરવા જ પ્રભુ મોગલની સાથે પધાર્યા છે. જો પ્રભુ ધારત તો મોગલ આવ્યો ત્યારે અંર્તધ્યાન થઈ શકયા હોત - મોગલને દેખાત નહીં. પણ હું દાસ થઈને શું કરૂં છું ? મારા સાર્મથ્યનો આશ્રય લઉં છું કે નહીં ?

(૨) તેમાં મોગલનો શું વાંક ગુન્હો? (તેના બુદ્ધિ પ્રેરક પણ શ્રીઠાકોરજી જ છે)

(૩) મોગલ બધું દ્રવ્ય લઈ શકયો કેમ કે તે દ્રવ્ય શ્રીઠાકોરજીને અંગીકાર ન્હોતું કરવું માટે.

આ પ્રમાણે વિવેક-ધૈર્ય અને આશ્રય રાખી - ભગવદ્ ઈચ્છા -

ભગવદ્લીલા ને માન આપ્યું - મોગલને બાળીને ભસ્મ ન કર્યો - મોગલની પાછળ પાછળ જઈ શ્રીઠાકોરજીને પાછા પધરાવી **અનન્યાશ્રય** વાળી દઢતા પ્રગટ કરી.

આગળ જણાવ્યું તે પ્રમાણે દરેક જગ્યાએ ભગવદ્ ઈચ્છા અને ભગવદ્ લીલાનું સતત અનુસંધાન કરતાં રહેવું જેથી શરણાગતિમાં દઢતા આવે છે. **શ્રીઠાકોરજી, આવા અનન્ય શરણાગતિવાળા, દાસ ભાવની દઢતાવાળા ભક્તનાં જ પક્ષમાં રહે છે, અને શ્રીઠાકોરજી પણ આવો સેવક જે ઈચ્છે છે તે પ્રમાણે જ કરે છે.** જુઓ ૮૪ વૈ.વાર્તા ક્રમાંક /૯ વેણીદાસ-માધવદાસ વાર્તા પ્રસંગ-૨, શ્રીનવનીત પ્રિયાજી માધવદાસને પૂછે છે "નાવ ડૂબાઉ" માધવદાસ એજ જવાબ આપે છે "નિજેચ્છાતિઃ કરિષ્યતિ" ..... (વાર્તા વાંચવી) અને ભાવ પ્રકાશ વાંચવો) શ્રીહરિરાયજી જણાવે છે ક **આવો દઢ ભક્ત હોય - નિજ - પોતાનો હોય - દાસ હોય તેની ઈચ્છા મુજબ જ શ્રીઠાકોરજી કરે છે** (નિજાનાં સેવકાનાં તસ્ય ઈચ્છાતઃ કરિષ્યતિ) કેમ ક **શ્રીઠાકોરજીનું નામ "ભક્ત મનોરથ પુરકાય નમઃ" પણ છે.** (શ્રીઠાકોરજી નાવ ડૂબાડતા નથી) (ધ્યાનમાં રાખવાનું કે આવા દઢ અનન્ય શરણાગતિવાળા ભકત હોય તેનાં જ પક્ષમાં શ્રીઠાકોરજી રહે છે)

(નોંધ : એટલું યાદ રાખવું જોઈએ કે શ્રીઠાકોરજી બધા બ્રહ્મસંબંધી વૈષ્ણવનાં પક્ષમાં નથી રહેતા પણ અનન્ય દઢતાવાળા ભકતના જ પક્ષમાં રહે છે.)

પૂ.પા.ગો. શ્રી પુરૂષોત્તમજી (જુનાગઢ-કિશનગઢ) આપશ્રીના વચનામૃતમાં જણાવે છે કે, શ્રીમહાપ્રભુજી વિવેકધૈર્યાશ્રય અને નવરત્નમ્ ગ્રંથમાં શરણાગતિ માટે જે જણાવે છ "સર્વથા શરણં હરિ :" અને "વદદ્‌ભિર્ એવં સતતં શ્રીકૃષ્ણઃ શરણં મમ્" ત્યાં **આ સતત અષ્ટાક્ષરના સ્મરણથી, લૌકીક પીડા દૂર થશે તે ભાવ નથી પરંતુ આવું કરવાથી ભગવદ્ આશ્રય-શરણાગતી દઢ થાય તે ભાવ છે.**

જેમ ડોકટર ઓપરેશન કરે ત્યારે એનેસ્થેસીયા આપે તેનાથી પીડા દૂર થતી નથી પણ તે પીડાનો અનુભવ એનેસ્થેસીયાને કારણે થતો નથી, વાઢકાપ થાય છે, રકતસ્રાવ થાય છે,બધું થાય છે. છતાં પીડા અનુભવાતી નથી. **તેવી રીતે સતત અષ્ટાક્ષરનું સ્મરણ કરતા રહેવાથી ભગવદ્ આશ્રય દઢ થતા ભગવદ્ઈચ્છા - ભગવદ્લીલાની સમજણ સાથે શરણાગતિ દઢ બને છે. અને અન્યાશ્રયના વિચારો આવતા નથી.**

આમ, સેવા કે સ્મરણને સાધન ન માનવું, ભગવદ્ સુખાર્થે કરાતી ક્રિયા જ વિચારવી. અને શ્રીમહાપ્રભુજીએ બતાવેલ "વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ

બાધક છે, (જે અન્યાશ્રય પ્રેરક છે. ત્યાં હાજર રહેવાથી પણ દોષ લાગે છે.)

(૭) અમુક પુનમ ભરવી, મનોરથો કરાવવા... ઈત્યાદી, ફલની અપેક્ષા સાથે થતા હોવાથી સંપ્રદાયમાં નિષેધ પ્રકારનાં જ ગણાશે. (આ વાત પ્રાચીન સાહિત્યમાં કયાંય જોવા મળતી નથી.)

☞ **સંપ્રદાય સાર :** શ્રીમહાપ્રભુજીનાં સંપ્રદાયમાં જેણે શરણાગતિ સ્વિકારી છે - બ્રહ્મસંબંધની દીક્ષા લીધી છે, તેણે શ્રીમહાપ્રભુજીના જણાવ્યા પ્રમાણે, ...

૧. વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ ॥૧॥
પ્રાર્થિતે વા તતઃ કિં સ્યાત્ સ્વામ્યભિપ્રાય-સંશયાત્ ॥ - **વિવેકધૈર્યાશ્રયઃ ગ્રંથ**

૨. તસ્માત્ સર્વાત્મના નિત્યં "શ્રીકૃષ્ણઃ શરણં મમ"
વદદ્ભિર્ એવં સતતં સ્થેયમ્ ઈત્યેવ મે મતિ : ॥૯॥ - **નવરત્નમ્ ગ્રંથ**

૩. શરણસ્થ સમુધ્ધારમ્ - **કૃષ્ણાશ્રયસ્તોત્રમ્ ગ્રંથ**

વગેરે નું સતત અનુસંધાન રાખી, **નિષ્કામ, નિષ્પ્રયોજન નિર્હેતુક, બધા સાધનોનું અભિમાન છોડી શરણાગતિ સ્વિકારી ભગવદ્ઈચ્છા અને ભગવદ્લીલામાં દઢ રહેવું તે જ શરણદીક્ષાનો મુખ્ય ભાવ છે.**

લૌકિક ધર્મો જેવા કે કુટુંબ પ્રત્યે, દેશ પ્રત્યે, સમાજ પ્રત્યે જે કાંઈ કરવું પડે, કયારેક પ્રાધાન્યતા પણ આપવી પડે **ત્યારે તે એક ફરજ સમજી ને કરવું જોઈએ.** તેમાં આસકિત રાખ્યા વગર, ફલની આશા રાખ્યા વગર ભગવદ્લીલા સમજીને કરવું. જેથી અન્યાશ્રય ન થાય અને શરણભાવ ટકી રહે.

૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં આવા અનેક ઉદાહરણ છે જેમાં વૈષ્ણવોએ વિવેક-ધૈર્ય અને આશ્રયને સમતુલનમાં રાખ્યા, અનન્ય આશ્રયવાળી શરણાગતિ બતાવી છે. ઉદાહરણ રૂપે જોઈએ.

શ્રીગુસાંઈજીનાં સેવક વિઠ્ઠલદાસ કાયસ્થ ૨૫૨ વૈ.વા. ક્રમાંક-૬ (પ્રસંગ ૧ અને ૨) વિઠ્ઠલદાસ કાયસ્થ, ગૌડદેશનાં પાત્સાહનાં દિવાન- નારાયણદાસ પાસે (જેઓ પણ શ્રીગુસાંઈજીનાં સેવક હતા), નોકરી માટે આવ્યા. તેમની આવડત જોઈને નારાયણદાસે તેમને જુદા જુદા ગામોમાં જઈને કર ઉઘરાવવાનું કામ આપ્યું. કેટલાક સમય પછી પરગણાનો હિસાબ લઈ વિઠ્ઠલદાસ પાછા આવ્યા અને નારાયણદાસને હિસાબ સમજાવ્યો. હિસાબમાં અમુક રકમની તૂટ પડી એટલે નારાયણદાસે એ પૈસા સરકારમાં જમા કરવા દબાણ કર્યું. તેમની પાસે પૈસા ન હોવાથી મુદત માંગી. નારાયણદાસે તેમને મુદત ન આપી અને બંદીખાને નાખ્યા. **દર ત્રીજા દિવસે એકસો એક કોરડા મરાવતા.** માર ખાઈ

બાધક છે, **(જે અન્યાશ્રય પ્રેરક છે. ત્યાં હાજર રહેવાથી પણ દોષ લાગે છે.)**

(૭) અમુક પુનમ ભરવી, મનોરથો કરાવવા... ઈત્યાદી, ફલની અપેક્ષા સાથે થતા હોવાથી સંપ્રદાયમાં નિષેધ પ્રકારનાં જ ગણાશે. (આ વાત પ્રાચીન સાહિત્યમાં ક્યાંય જોવા મળતી નથી.)

☛ **સંપ્રદાય સાર :** શ્રીમહાપ્રભુજીનાં સંપ્રદાયમાં જેણે શરણાગતિ સ્વિકારી છે - બ્રહ્મસંબંધની દીક્ષા લીધી છે, તેણે શ્રીમહાપ્રભુજીના જણાવ્યા પ્રમાણે, ...

૧. વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ ।।૧।।
પ્રાર્થિતે વા તતઃ કિં સ્યાત્ સ્વામ્યભિપ્રાય-સંશયાત્ ।। - **વિવેકધૈર્યાશ્રયઃ ગ્રંથ**

૨. તસ્માત્ સર્વાત્માના નિત્યં "શ્રીકૃષ્ણઃ શરણં મમ"
વદદ્ભિર્ એવં સતતં સ્થેયમ્ ઈત્યેવ મે મતિ : ।।૯।। - **નવરત્નમ્ ગ્રંથ**

૩. શરણસ્થ સમુધ્ધારમ્ - **કૃષ્ણાશ્રયસ્તોત્રમ્ ગ્રંથ**

વગેરે નું સતત અનુસંધાન રાખી, **નિષ્કામ, નિષ્પ્રયોજન નિર્હેતુક, બધા સાધનોનું અભિમાન છોડી શરણાગતિ સ્વિકારી ભગવદ્ઈચ્છા અને ભગવદ્લીલામાં દઢ રહેવું તે જ શરણદીક્ષાનો મુખ્ય ભાવ છે.**

લૌકિક ધર્મો જેવા કે કુટુંબ પ્રત્યે, દેશ પ્રત્યે, સમાજ પ્રત્યે જે કાંઈ કરવું પડે, ક્યારેક પ્રાધાન્યતા પણ આપવી પડે **ત્યારે તે એક ફરજ સમજી ને કરવું જોઈએ.** તેમાં આસક્તિ રાખ્યા વગર, ફલની આશા રાખ્યા વગર ભગવદ્લીલા સમજીને કરવું. જેથી અન્યાશ્રય ન થાય અને શરણભાવ ટકી રહે.

૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં આવા અનેક ઉદાહરણ છે જેમાં વૈષ્ણવોએ વિવેક-ધૈર્ય અને આશ્રયને સમતુલનમાં રાખ્યા, અનન્ય આશ્રયવાળી શરણાગતિ બતાવી છે. ઉદાહરણ રૂપે જોઈએ.

શ્રીગુસાંઈજીનાં સેવક વિઠ્ઠલદાસ કાયસ્થ ૨૫૨ વૈ.વા. ક્રમાંક-૬ (પ્રસંગ ૧ અને ૨) વિઠ્ઠલદાસ કાયસ્થ, ગૌડદેશનાં પાત્સાહનાં દિવાન- નારાયણદાસ પાસે (જેઓ પણ શ્રીગુસાંઈજીનાં સેવક હતા), નોકરી માટે આવ્યા. તેમની આવડત જોઈને નારાયણદાસે તેમને જુદા જુદા ગામોમાં જઈને કર ઉઘરાવવાનું કામ આપ્યું. કેટલાક સમય પછી પરગણાનો હિસાબ લઈ વિઠ્ઠલદાસ પાછા આવ્યા અને નારાયણદાસને હિસાબ સમજાવ્યો. હિસાબમાં અમુક રકમની તૂટ પડી એટલે નારાયણદાસે એ પૈસા સરકારમાં જમા કરવા દબાણ કર્યું. તેમની પાસે પૈસા ન હોવાથી મુદત માંગી. નારાયણદાસે તેમને મુદત ન આપી અને બંદીખાને નાખ્યા. **દર ત્રીજા દિવસે એકસો એક કોરડા મરાવતા.** માર ખાઈ

ખાઈને વિઠ્ઠલદાસની દેહ સડી ગઈ - બેહાલ થઈ ગયા ત્યારે મારવાનું છોડ્યુ. વિઠ્ઠલદાસે નારાયણદાસને એમ ન જણાવ્યું કે હું વૈષ્ણવ છું અને શ્રીગુસાંઈજીનો સેવક છું માટે છોડી દો.

વિઠ્ઠલદાસનું શરીર કાંઈક સારૂં થયું - મારવાનું છોડી દીધું - પણ બંદીખાનામાં કેદ તો રાખ્યા જ. કેટલાક દિવસ પછી શ્રીગુસાંઈજી જગન્નાથરાયજી પધારતા હતા ત્યારે ગુસાંઈજીનાં વધૈયાએ આવીને નારાયણદાસને શ્રીગુસાંઈજી પધારી રહ્યા છે તેની જાણ કરી. નારાયણદાસ પ્રસન્ન થઈને શ્રીગુસાંઈજીને પધરાવવા જવાની તૈયારી કરવા લાગ્યા ત્યારે વિઠ્ઠલદાસે નારાયણદાસને વિનંતી કરી જો તમે આજ્ઞા આપો તો હું પણ તમારી સાથે શ્રીગુસાંઈજીનાં દર્શન માટે આવું.

ત્યારે નારાયણદાસ અચંબામાં પડી ગયા અને કહ્યું "તને ફટ્ છે અત્યાર સુધી તેં કેમ ન જણાવ્યું કે તું શ્રીગુસાંઈજીનો સેવક છે." વિઠ્ઠલદાસે કહ્યું **"હું તો નોકરી કરવા આવ્યો હતો. તમારી પાસે મારી વૈષ્ણવતા વેચવા ન્હોતો આવ્યો."**

સંપ્રદાય સાર : આટલો વિવેક ધૈર્ય અને આશ્રય રાખીને જીવન જીવવું જોઈએ - નોકરી કરવી જોઈએ. કોઈપણ સંજોગોમાં વૈષ્ણવતા કે માળા કે તિલક બતાવી-દયા કે ભીખ ન મંગાય. (વૈષ્ણવતા વેચી કહેવાય)

વાર્તામાં આવે છે તેનું સુકાઈ ગયેલું કૃષ શરીર જોઈ શ્રીગુસાંઈજીએ કારણ પૂછ્યું - વિઠ્ઠલદાસે જણાવ્યું પાત્સાહની ચાકરીમાં હતો ભૂલ થઈ બંદીખાને નાખ્યો માટે શરીરની આ દશા થઈ (કોરડા માર્યા છે તે વાત ન કરી) નારાયણદાસ બાજુમાં બેઠા છે તેને સંબોધી વિઠ્ઠલદાસને શ્રીગુસાંઈજીએ કહ્યું "તેં નારાયણદાસને કેમ ન જણાવ્યું કે તું વૈષ્ણવ છે અને મારો સેવક છે." વિઠ્ઠલદાસે પ્રત્યુત્તરમાં જણાવ્યું **"રાજ, નોકરી કરવા માટે માળા (કંઠી) થોડા વેચાય ? આતો દેહનો ભોગ છે તે તો ભોગવવોજ જોઈએ."** શ્રીગુસાંઈજી બોલ્યા "વિઠ્ઠલદાસ તને ધન્ય છે."

શ્રીગુસાંઈજી થોડી વાર પછી સમય થતા, ભોગ સરાવવા પધાર્યા ત્યારે વિઠ્ઠલદાસને આજ્ઞા કરી તું અહિંયા જ પ્રસાદ લે જે. ત્યારે વિઠ્ઠલદાસે વિનંતી કરી, મારૂં શરીર સારૂં નથી તેથી મેં સ્નાન કર્યું નથી. શ્રીગુસાંઈજીએ કહ્યું અહીં જ સ્નાન કરી લે અને ખવાસને સ્નાન કરાવવા આજ્ઞા કરી. શ્રીગુસાંઈજીની આજ્ઞા માની વિઠ્ઠલદાસ, (નારાયણદાસે પહેરવા આપેલો) જામો ઉતારી સ્નાન કરવા ખવાસ સાથે ગયા. અપરસમાં પ્રસાદ લેવા બેઠા હતા. શ્રીગુસાંઈજી પાતળ ધરવા આવ્યા અને વિઠ્ઠલદાસનાં શરીર પર પડેલા કોરડાના અસંખ્ય ઘા જોઈ કાંપી ઉઠ્યા - પૂછ્યું આ બધું શું છે ? વિઠ્ઠલદાસનાં નેત્રમાં પાણી ભરાઈ

આવ્યું અને કહ્યું મને માર પડ્યો છે. કોણે કર્યું એમ પૂછ્યું ત્યારે ફક્ત આંખથ ઈશારો નારાયણદાસ તરફ કર્યો અને મૌન થઈ ગયા.

શ્રીગુસાંઈજીએ નારાયણદાસ દિવાનને પૂછ્યું નારાયણદાસ આવ નિર્દયતાથી વૈષ્ણવને કેમ માર્યો ? નારાયણદાસે કહ્યું "મહારાજ ! એ વૈષ્ણવ તેની મને ખબર જ ન હતી" શ્રીગુસાંઈજીએ કહ્યું **"વૈષ્ણવ છે તેની ખબર ન્હોત પણ માણસ છે - જીવ છે તેટલી તો ખબર હતીને ?- વૈષ્ણવને આવી નિર્દયતા શોભે, તેણે જીવ-પ્રાણી માત્ર ઉપર દયા વિચારવી જોઈએ."**

સંપ્રદાય સાર : (૧) પોતાના કામ માટે - સ્વાર્થ માટે - નોકરી માટે વૈષ્ણવતાને આગળ ન કરાય. (૨) દેહનાં દંડ ભોગવાનાં હોય ત્યાં માળા તિલકને બતાવી - આગળ કરી - મહેરબાનીની ભીખ ન મંગાય (આ તો વૈષ્ણવતા વેચી કહેવાય) (૩) વૈષ્ણવે પ્રાણીમાત્ર ઉપર દયા વિચારવાની હોય - કુરતા ન કરાય (૪) જ્યારે ગૃહસેવામાં શ્રીઠાકોરજીને કોઈ કાર્ય માટે વિનંતી કરવામાં આવે ત્યારે પણ અન્યાશ્રય થાય છે. કેમકે, શ્રીમહાપ્રભુજી જણાવે છે કે સંપ્રદાયમાં સકામ સેવા કરવામાં આવે ત્યારે તે **વિભુતી** સ્વરૂપ બની જાય છે.

(૫) જે થાય છે ત **ભગવદ્ ઈચ્છાથી થઈ રહ્યું છ** તેવો ભાવ દૃઢ કરી સાક્ષી ભાવે શરણાગતિ, આશ્રય, દૃઢ થાય તેવું વિવેકપૂર્ણ વર્તન કરવું.

આપણી આજની વાત :

આજે એવું જોવામાં આવે છે અને સાંભાળવામાં આવે છે કે, આપણ નાના નજીવા કામ માટે વૈષ્ણવતાને આગળ કરતા હોઈએ છીયે. આપણા સ્વાથ માટે કોઈના ઉપર દયા ન લાવતા નિર્દયતા ભરેલું વર્તન કરીયે છીયે, આપણને કેમ વધારે ફાયદો થાય તેવો વિચાર કરતા હોઈએ છીયે. ... વગેરે...

ઉદાહરણ રૂપે જોઈએ, ઘણાં દુકાનમાં ખરીદી માટે જાય ત્યાં શ્રીનાથજ વગેરે ચીત્રજીનાં દર્શન થયા પછી વસ્તુ તપાસી, ભાવ નક્કિ કર્યા પછી. તમે વૈષ્ણવ છો ? એવો પ્રશ્ન પૂછી અમે પણ વૈષ્ણવ છીયે, અમૂક ઘરનાં સેવક છીયે, વગેરે વગેરે વાત કરી હવે તો તમારે થોડું ઓછું કરવું જ પડશે. વૈષ્ણવે વૈષ્ણવ પાસે કમાવવાનું ના હોય .... વગેરે જણાવી નક્કિ કરેલા ભાવમાં ઓછ કરાવવા રકઝક કરતા ઘણાને જોયા છે. (કદાચ એવું ન હોય કે તે આપણે જ હોઈએ.)

બજારમાં શાકભાજી, ફુલ-પાન લેવા જતી વખતે રકઝક કરતા જોયા છે- 'ભગવાનની સેવા માટે લઈએ છીયે, સારા આપજે' તેમ કહેતા જોયા છે - વજન થઈ જતાં વેચનારે, બહાર કાઢેલા શાકભાજી, પાછા ત્રાજવામાં નાંખતા

જોયા છે. ફુલવાળાન 'ત્યાં બે ફુલ વધારે નાખ ભગવાન માટે જોઈયે છે' તેવું કહેતા અને જાતે લઈ લેતાં જોયા છે. (કદાચ એવું ન હોય કે તે આપણે જ હોઈયે.)

મકાન ભાડે રાખવામાં વૈષ્ણવ છીયે તમારા ઘરમાં ઠાકોરજીની સેવા થશે માટે ભાડું ઓછું લેવું જોઈએ તેવી રકઝક કરતા જોયા છે.

સોસાયટીમાં - આજુબાજુમાં સંબંધ વધારવા - પ્રસાદ મોકલવો - દર્શન માટે બોલાવવા - બાળકોને મીસરી - બંટા ગોળી આપી લલચાવવા - ગળાની કંઠી બહાર બતાવી ફાયદો થાય તેવી મનોવૃત્તિ વાળા જોવા મળે છે. (કદાચ એવું ન હોય કે તેમાં આપણો નંબર લાગી ગયો હોય.)

અષ્ટાક્ષર મંત્ર (શરણમંત્ર) સાર-રહસ્ય :-

આમ સંપ્રદાયમાં પ્રથમ શરણાગતિ કોને કહેવાય તે જાણી - દઢતાથી આપણે આ શરણાગતિ કેવી રીતે આચરવી, સમર્પણ પૂર્વક સેવા કેમ કરવી તે જોયું. આ શરણાગતિ દઢ થાય માટે પૂ.પા.ગો. શ્રી પુરૂષોત્તમબાવા (જુનાગઢ-કિશનગઢ) વચનામૃતમાં **શ્રીહરિરાયજી કૃત શ્રીકૃષ્ણઃ શરણંમમ્-નામમંત્રનો સાર-રહસ્ય** સમજાવતા જણાવે છે "શ્રીકૃષ્ણઃ શરણંમમ્ આ અષ્ટાક્ષર મંત્ર છે એનો અર્થ એ જ છે કે શ્રીકૃષ્ણ - યુગલ સ્વરૂપો અર્થાત સ્વામિનીજી સહિત શ્રીકૃષ્ણ-એજ મારૂં શરણ છે, આશ્રય છે. હવે આશ્રયના સ્વરૂપનું નિરૂપણ કરતા આપશ્રી સમજાવી રહ્યા છે કે, **કેટલા બધા અન્યાશ્રયો સંભવિત છે તેનો મમતા રહીત ત્યાગ કરી એક જ શ્રીકૃષ્ણઃ (યુગલસ્વરૂપો) મારો આશ્રય છે, તે દઢ કરવાનું.**

આપણો આશ્રય બીજે કયાં કયાં થઈ શકે છે તે સમજાવતાં શ્રીહરિરાયજી જણાવે છે, દેહ[૧],દારા[૨] (પતી માટે પત્નિ અને પત્નિ માટે પતી),ભોગ[૩], પુત્ર[૪], માત[૫], પિતૃ[૬], ભગિની[૭], કુટુંબ[૮], ગૃહ[૯], વિત્ત[૧૦], પશુ[૧૧], ગામ[૧૨] વગેરેમાં. **(આ બધાને છોડી નથી દેવાના પણ તેઓમાં) રહેલી આપણી આશ્રયની ભાવના નીકળી જવી જોઈએ - શિથીલ થઈ જવી જોઈએ. અને આ બધા આશ્રયોમાં જે સુખ - સ્નેહ-લાભ વગેરે દેખાય છે તે મૃગજળ જેવા લાગવા જોઈએ.**

મૃગજળ એટલે - ઉનાળામાં ભર બપોરે તરસથી પીડિત હરણને જ્યાં ત્યાં જળનો આભાસ થવાથી ચારે બાજુ દોટ મૂકે છે પણ પાણી ન મળતા તેની તરસ છીપાતી નથી - તરસ્યોજ ભટકયા કરે છે. અર્થાત તે દેખાતા પાણીથી, પાણીનાં લાભથી વંચીત જ રહે છે. **તેમ ઉપર જણાવેલ આવા બધાનાં આશ્રયે રહેવાથી - કશું જ મળશે નહીં તેવું મનમાં દઢ કરવાનું.** (ઉપર જણાવેલ ક્રમ પ્રમાણે તે અન્યાશ્રય કેમ બને છે તે જોઈએ.)

☞ ૧. આ દેહ સારો છે માટે સેવા થાય છે, જો સારો ન હોત તો શું થાત? (આ દેહનો આશ્રય થયો) **એવું વિચારવું જોઈય** કે શ્રીઠાકોરજી મારા ઉપર કૃપા વિચારી રહ્યા છે, મારી સેવા લઈ રહ્યા છે. આ દેહને શરણે રાખી રહ્યા છે, જો ભગવદ્ ઈચ્છા ન હોત તો આ દેહથી હું કેવી રીતે સેવા કરી શકત ?

☞ ૨. દારા (પતિ માટે પત્નિ, પત્નિ માટે પતિ) આ પત્નિ / પતિ સેવામાં સહાય છે માટે, મારાથી સેવા થઈ રહી છે નહીં તો મારૂં શું થાત ? મારા પહેલાએ પહોંચી જશે તો હું શું કરીશ ? એકલા હાથે સેવા કેવી રીતે કરી શકીશ? જીવન કેમ વિતાવી શકીશ ?... વગેરે (આ થયો દારાનો આશ્રય.) **વિચારવું એ જોઈએ** કે શું ૮૪-૨૫૨માં કોઈ એકલાએ સેવા નથી કરી ? શું ન થઈ શકે ? અરે ! ભગવદ્ ઈચ્છા હશે તેમ થશે - શ્રીઠાકોરજીને જેમની, જેટલી - જ્યાં સેવા લેવી હશે તે લેશે. હું છું તો સેવા ઘરમાં થાય છે ! આવું અભિમાન હોય તો વિચારવું, કાલે હાર્ટએટેક આવે પહોંચી જવાય તો શું પછી સેવા નહીં થાય ? ઘર નહીં ચાલે ? શું દુનિયાનાં બધા કામકાજ બંધ થઈ જશે? (જે ભગવદ્ ઈચ્છા હશે એ પ્રમાણે થશે - માટે આશ્રય કે અભિમાન ન કરવા- આ અન્યાશ્રય છે)

☞ 3. ભોગનો સેવામાં આગ્રહ, આ (સામગ્રીઓ) હોય તો જ સેવા બની શકે, આટલી સામગ્રી - આટલા ડબ્બા ઘી - મોરસ (ખાંડ) - બદામ - પીસ્તા હોય - આટલા આંબા (કેરી) હોય તો જ મનોરથ થાય, **આટલી સામગ્રીઓ બને તો જ સેવા થઈ કહેવાય વગેરે ... આવું વિચારવું અન્યાશ્રય (સામગ્રીનો) જ છે. વિચારવું કે** શું (૮૪/વાર્તા-૪) :- એકલા ચણા-છોલા ધરીને, (૨૫૨/વાર્તા ૧૯૫) :- બાજરીનાં દાણા ધરીને સેવા નથી થઈ?, (૮૪/વાર્તા૩૧) :- બાફેલી જુવાર ધરીને અન્નકુટ નથી કર્યો ?, (૨૫૨/વાર્તા ૨૨) :- હાથમાં ડોલ નથી જુલાવ્યો ? **અરે ! આ બધાને તો શ્રીઠાકોરજી સાનુભવ હતા.**

☞ **૪ થી ૮** મા-બાપ-પુત્ર વગેરે હોય તો જ સેવામાં અનુકુળતા થઈ શકે છે. આવા વિચારો અન્યાશ્રય જ ગણાય છે. તેવી જ રીતે કુટુંબનો આશ્રય - ન્યાત જાત માં નહીં જઈએ - નહીં હળીયે મળીયે તો લોકો શું કહેશે? લોકમાં કેવી કેવી વાતો થશે? આપણાં છોકરાઓને કોણ પરણાશે?

આપણી સાથે બધા કેવા સંબંધો રાખશે? આ વિચાર અન્યાશ્રયને જન્મ આપે છે. **બધુ જ ભગવદ્ ઈચ્છાથી, ભગવદ્લીલા અંતર્ગત થતું હોય છે એવો ભાવ દ્રઢ કરી શરણાગતિ દ્રઢ કરવાની છે.** સાથે સાથે જે ઘરમાં કુટુંબમાં જન્મ થયો છે તેનું ઋણ ચૂકવવાનું હોવાથી સંસારને કે સમાજને **તુચ્છ ન ગણીને** વિવેકબુદ્ધિ વાપરી ગૃહસ્થધર્મ સમજી ને **ઋણ વગેરેને યોગ્ય ન્યાય આપી** ભક્તિ કરવાની હોય છે.

એ ઘર કુટુંબનો આશ્રય વાણી, કે ક્રિયાથી કરવાનો નથી. પરંતુ દરેક પરિસ્થિતીમાં શ્રીકૃષ્ણ જ મારો આશ્રય છે જે થશે તે તેમની ઈચ્છા મુજબ જ થશે તે ભાવને જ પ્રાધન્યતા આપી શરણાગત રહેવું. **(ઘર-કુટુંબ-સમાજને હેય** (તુચ્છ) **ન ગણતાં-ભગવદ્ કૃત માનવા પણ તેમાં લપેટાઈ જવું નહીં.)** અર્થાત લૌકિક-વૈદિક બધું જ કરવું પણ તેમાં આશક્ત થયા વગર - એક ફરજ રૂપે કરવું, સગા-સ્નેહી બધાને ત્યાં જવાય ખરૂં પણ ખાન-પાન ન થાય કદાચ કોઈ એવા કપરા સંજોગોમાં ખાન-પાન કરવું પડે ત્યારે - અત્યંત દુઃખ કરવું. વ્રત કરી ત્યાર બાદ શુદ્ધ થવું શ્રીઠાકોરજીની ક્ષમાયાચના માંગવી.

☞ ૯. એવી રીતે ઘરનો આશ્રય, આ ઘર છે તો સેવામાં અનુકુળતા રહે છે અથવા સેવા બની શકે છે. આ છોકરા સારા છે કે તેઓ ઘરમાં સેવા કરવા દે છે તો સેવા નભે છે આવું બોલવું તે વાણી દ્વારા થતો અન્યાશ્રયનો પ્રકાર છે. આવા અન્યાશ્રયને પ્રોત્સાહન આપતી **આપણી વાણી - આપણી ક્રિયા - વર્તન** વગેરે શરણાગતિના ભાવનું ખંડન કરે છે. એમ વિચારવું કે, આ ઘરમાં પ્રભુને બિરાજવું છે, તેથી બિરાજે છે -જેટલી, જેમની સેવા અંગીકાર કરવી હશે તે કરશે. આમ ભગવદ્ ઈચ્છાને મહત્વ આપવું.

☞ **૧૦ થી ૧૨** વિત્ત (એટલે પૈસા) છે તો સેવા થાય છે, આ (પૈસા) છે તો બધુ છે આટલું બેંક બેલેન્સ હોય તો સેવા બરાબર નભી શકે - આટલી **F.D. (Fixdeposit)** મૂડી - થાપણતો જોઈએ જ - આવા વિચારો જ અન્યાશ્રયને પ્રેરણા આપે છે. એમ વિચારવું જોઈએ, શું ૮૪-૨૫૨ વૈષ્ણવોમાં, વિરક્ત કે નિઃકિંચન વૈષ્ણવોએ સેવા ન્હોતી કરી ? સંતદાસજી અને પદ્મનાભદાસજી, **જેઓ ધનાઢય હતા** અને **બધુ દ્રવ્ય લૂંટાઈ ગયું ત્યારે શું તેમણે ભગવદ્ સેવા છોડી દીધી?** આજ બતાવે છે કે તેમની દ્રઢ આશ્રયવાળી શરણાગતિ, શ્રીઠાકોરજીમાં જ હતી, **દ્રવ્યમાં ન્હોતી.**

નોંધ :- સંપ્રદાયનો ઈતિહાસ સાક્ષી પૂરે છે કે, પ્રાચીન બાળકો પાસે ચરણભેટમાં ખૂબ દ્રવ્ય ભેગુ થઈ જતું ત્યારે છપ્પનભોગ જેવા મનોરથો કરી - અંગીકાર કરાવી - અરોગાવી દેતા અને પ્રસાદ વાંટી દેવામાં આવતો. જેથી દ્રવ્ય જમા ન થાય અને તે દ્રવ્યના આશ્રયનો દોષ ન લાગે. તેઓ માનતા હતા કે દ્રવ્ય ભેગુ થવાથી દ્રવ્યનો આશ્રય થશે અને શરણાગતિનું ખંડન થઈ જશે. એ જ રીતે ગામ-દેશ-પશુ (જે પહેલા ધન મનાતું) તેનો આશ્રય પણ અન્યાશ્રય જ બની જાય છે.

આ બધામાં (દેહ, દારા, ભોગ, પુત્ર, માતૃ, પિતૃ, ...વગેરેમાં) આપણો આશ્રય શિથીલ થઈ જાય અને તેથી થતા લાભો મૃગજળ (પાનું ક્ર.૪૫-૪૬) જેવા છે તેવું સતત વિચારમાં આવે, આ બધા અન્યાશ્રયોથી મળતું સુખ આભાસી છે તેનું સતત ભાન રહે અને તેથી આ બધાનો આશ્રય ન થાય. તેમ શ્રીહરિરાયજી સમજાવે છે.

આમ, જે આપણાં દેહ સાથે જોડાયેલા છે તેનો આશ્રય ન થાય તો પછી અન્ય દેવી-દેવતા-કુળદેવી-કુળદેવતા-સંતો જેવા કે જલારામ બાપા - બજરંગદાસ બાપા... વગેરેનો આશ્રય - વગેરેમાં ભાવ- આસ્થા - શ્રદ્ધા, અન્યાશ્રય જ સાબીત થશે - જે શરણાગતિનું ખંડન અને સમર્પણનો નાશ કરે છે.

શ્રીઠાકોરજી સિવાય અન્ય દેવી-દેવતાનો પ્રસાદ રંચક પણ લેવો (મોઢામાં મૂકવો) તે પણ અન્યાશ્રય છે. કોઈ સંજોગમાં ના પાડી શકાય તેવું ન હોય તો હાથમાં લઈ માથે ચઢાવી, જે કોઈ લેતુ હોય તેને આપી શકાય અથવા ગાયને ખવડાવી દેવાય કે જળાશયમાં પધરાવી દેવાય. શ્રીકૃષ્ણઃ શરણંમમનો આશ્રય દૃઢ કરી, મનોમન ત દેવની માફી માંગવી કે હું આપનું અધરામૃત કે પંચામૃત લઈ નહીં શકું માટે માફ કરશો. આમ વિવેક સાથે દીનતા વાપરી આશ્રય દૃઢ કરવો. શ્રીઠાકોરજીનો પ્રસાદ મંદિરનો (દેવદ્રવ્ય હોવાથી) લઈ ન શકાય. સાંપ્રદાયિક વૈષ્ણવ જે ગૃહસેવામાં શ્રીમહાપ્રભુજીની મર્યાદા પાળતા હોય વર્ણાશ્રમ-મેંડનો બાધ ન આવતો હોય તાં ત્યાં પ્રસાદ અવશ્ય લઈ શકાય. આવું શ્રીમહાપ્રભુજીનાં ગ્રંથો અને ટીકાઓ ઉપરથી સમજાય છે.

આ બધી ક્રિયા દ્વારા સંપ્રદાય અંતર્ગત આપણે વૈષ્ણવતાનો દંભ કર્યો કહેવાય, વૈષ્ણવતા વેચી કહેવાય અને અન્યાશ્રય કર્યો કહેવાય. ફલ સ્વરૂપે

આપણી શરણાગતિ ખંડિત થઈ જાય છે, તે વિચારવું જોઈયે. આ વાત થઈ શરણાગતિની હવે સમર્પણ વિશે જોઈએ.

B : સમર્પણ

{પૂ.પા.ગો. શ્રી પુરૂષોત્તમબાવાના(જુનાગઢ-કિશનગઢ) પ્રવચનનું માર્ગદર્શન લીધું છે}

સંપ્રદાયમાં પહેલી દીક્ષા શરણાગતિની છે. (જેમાં અષ્ટાક્ષર મંત્રની દીક્ષા આપવામાં આવે છે જે આગળ જોયું) ત્યારબાદ બીજી સમર્પણની દીક્ષા આવે છે, જેન **બ્રહ્મસંબંધની દીક્ષા** પણ કહેવામાં આવે છે. શ્રીમહાપ્રભુજીના સંપ્રદાયમાં આ દીક્ષા દ્વારા વૈષ્ણવને જુદા જુદા અધિકાર ભક્તિમાર્ગમાં પ્રવૃત્ત થવા માટે પ્રદાન કરવામાં આવે છે.

આગળ (પાનું ૭) જોયું કે શ્રીમહાપ્રભુજી પૃથકશરણમાર્ગોપદેષ્ટા એટલે શરણમાર્ગમાં પૃથક (જુદી જુદી) દીક્ષાનાં ઉપદેષ્ટા છે. **જેમાં શરણ દીક્ષા જેને આપવામાં આવે છે, તેને શરણાગતિ સાથે સ્મરણ ભક્તિની પ્રાધાન્યતાના અધિકાર સોંપેલો છે,** તેઓ સ્વરૂપ પધરાવી સેવા નથી કરી શકતા કેમકે તેમને સેવાધિકાર નથી. જ્યાર **બ્રહ્મસંબંધની દીક્ષામાં સેવાધિકાર હોવાથી - સેવા અને સ્મરણ** બન્નેમાં વૈષ્ણવ પ્રવૃત્ત થઈ શ્રીમહાપ્રભુજીએ બતાવેલા માર્ગના સિધ્ધાંત પ્રમાણે ભક્તિ કરી શકે છે.

સમર્પણ ઍટલે શું ?

ઉપનિષ્દ, ગીતા તથા ભાગવતમાં ભગવાને સર્વસ્વ સમર્પણનો સિધ્ધાંત બતાવ્યો છે, સમજાવ્યો છે, પરંતુ શ્રીમહાપ્રભુજી પહેલા કોઈ આચાર્યને આ 'સમર્પણ' **ભક્તિ કરવા માટે અનિવાર્ય છે** તે ધ્યાનમાં ન આવતા તેમના સંપ્રદાયમાં મુખ્ય કે મહત્વન સ્થાન 'સમપર્ણને' આપ્યું નથી. જ્યારે શ્રીમહાપ્રભુજીએ દરેક જગ્યાએ સંપ્રદાયનાં પાયામાં ભક્તિ માટે (અનન્ય આશ્રયનાં સ્વરૂપે) સમર્પણ અનિવાર્ય છે તેવું સિધ્ધાંત રૂપે સ્થાન આપી તેનું મહત્વ સમજાવ્યું છે.



બૃહદારણ્યક ઉપનિષદ (૨/૫/૧૫) માં સમજાવ્યું છે કે, આત્મા બધા પ્રાણીઓનો અધિપતિ છે, બધા પ્રાણીઓનો રાજા છે. જેમ રથના ચકનાં મધ્યભાગમાં રથનાં પરિઘમાંથી આવતા બધા આરા સમર્પિત હોય છે તેમ, **બધા જીવ માત્ર - બધા દેવ - બધા લોક, ભૂતમાત્ર અને બધા જ આત્માઓ આ પરમાત્માને સમર્પિત છે.**

આજ વાત **ભગવદ્ ગીતામાં** (૧૮/૬૫) માં ભગવાને અર્જુનને કહી **'હે અર્જુન તું મારામાં મનવાળો થા મારો ભક્ત થા મારૂં સેવન કર તું મને જ પ્રા કરીશ. આવો તું** (અર્થાત આવા ગુણો હશે તો જ) **મને પ્રિય છે એ હું પ્રતિજ્ઞાપૂવ કહી રહ્યો છું'**

શ્રીમદ્ ભાગવ્ત (૯/૪/૬૫) માં પણ ભગવાનની આજ વાણી સંભળા છે કે, 'પત્ની, પુત્ર, ગૃહ, આપ્તજન, પ્રાણ, ધન **આ બધાને છોડીન** (અર્થાત : તે મન-રૂચી-આશ્રય ન રાખીને) મારી શરણાગતિ જે સ્વિકારે છે તેનો ત્યાગ કેવી રીતે કરી શકું ?'

શ્રીમહાપ્રભુજીએ ઉપર જણાવેલ ભગવ્દ વચનો અને શ્રાવણ સુદ-૧ (પવિત્રા એકાદશી) ના રોજ થયેલ **ભગવદ્ આજ્ઞાન** "સિધ્ધાંત રહસ્યમ્" ગ્રંથ સંપ્રદાયનાં પાયાના સિધ્ધાંતમાં આત્મનિવેદનની ભાવનાના રૂપમાં - સર્વસ્વ સમર્પણ સાથે (અ) સમર્પિતનો જ ઉપભોગ (બ) અસમર્પિતનો ત્યાગ અ (ક) સામિભુકતનું (અર્ધભુકતનું) અસમર્પણ સમજાવ્યું.

☞ **(અ) સમર્પિતનો ઉપભોગ :** અહિંયા બે વાત ઉપર ધ્યાન રાખવું જોઈ (૧) સમર્પણ એનું જ થાય જેના ઉપર આપણી સત્તા હોય અને (૨) સમર્પ એનું જ કહેવાય જેનું નિવેદન થયું હોય.

અર્થાત બ્રહ્મસંબંધ લેતી વખતે પ્રભુને જ્યારે નિવેદન કરવામાં આવે ત્યારે પ્રભુને એમ જણાવવામાં આવે છે કે, "હજારો વર્ષોથી વિખુટો પડેલો હું - આપને મારૂં સર્વસ્વ, મારો દેહ ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ એના ધર્મ પત્ની-પતી, ઘર, પુત્ર-પુત્રી, ,પરિવાર, આલોક, પરલોક સંબંધી બધુ જ, મા આત્મા સાથે આપને સમર્પિત કરૂં છું, હું આપનો દાસ છું - હે કૃષ્ણ ! હું તમારો છું

આમ **બ્રહ્મસંબંધ દીક્ષામાં** આત્મા અને આત્મીય (પોતાની સાથે જોડાયેલ જેના ઉપર પોતાની સત્તા છે તે) દરેક વસ્તુનું પ્રભુને સમર્પણ **નિવેદન** (વિનંતી દ્વારા થતું હોવાથી આ દીક્ષાને **'આત્મ-નિવેદન દીક્ષા'** પણ કહેવામાં આવે છે

આ રીતે જેનું નિવેદન થયું છે તેના માટે (નિવેદિત વ્યકિત માટે) પ્રભુન આદેશ "નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાત "... એટલે કે આ નિવેદિત વ્યકિત (અર્થાત બ્રહ્મસંબંધ જેણે લીધું છે તેણે) પોતાનાં બધા કાર્યમાં - દેહ પોષણમ વગેરેમાં બધો જ વ્યહવાર સમર્પણ કરીને જ કરવો. (અર્થાત આચરણમાં-ક્રિયામ મૂકવું તે)

અહિંયા પ્રશ્ન એવા થઈ શકે કે, સમર્પણ કોનું થઈ શકે ? અને કયાં થ

શકે? કોઈપણ વસ્તુ - કયાંયથી પણ - કેવી રીતે પણ - આપણાં હાથમાં આવી તેનું સમર્પણ થઈ શકે ખરૂં ? સામાન્ય બુદ્ધિથી અને વિવેક વાપરીને વિચારીયેતો સ્પષ્ટ સમજાય છે કે, (૧) સમર્પણ સેવાકર્તાની પોતાની સત્તાનું હોય અને (૨) સન્માર્ગ દ્વારા ઉપાર્જિત હોય (એટલે શાસ્ત્રમાં જેનો નિષેધ નથી તેવી ક્રિયા દ્વારા મેળવેલું હોય) તો જ તેનું સમર્પણ પોતે **પોતાનાં શ્રીઠાકોરજીમાં કરી શકે છે.**

ઉદાહરણ રૂપે જોઈએ કે, કઈ ક્રિયાવાળા અને કેવા **દ્રવ્યનો નિષેધ કરેલો** છે.

(૧) ૨૫૨ વૈ.વાર્તા ક્રમાંક ૨૨૯માં શ્રીગુસાંઈજીએ લાડબાઈ ધારબાઈ નાં **રાજદ્રવ્યન** અંગીકાર નથી કર્યું તેનો નિષેધ બતાવ્યો છે.

(૨) ૨૫૨ વૈ.વાર્તા ક્રમાંક ૭૧માં **દિકરીનાં સત્તાના દ્રવ્યનો** વિનીયોગ તેના પિતા સેવામાં કરે છે તે શ્રીઠાકોરજીને અપ્રિય લાગે છે, અસ્વિકાર્ય છે.

(૩) ૨૫૨ વૈ.વા. ક્રમાંક ૨૦૦ માં શ્રીગુસાંઈજી **ચોરીનું દ્રવ્ય-અધર્મનું** દ્રવ્ય નિષેધ છે તેમ જણાવે છે. કોઈને કષ્ટ પહોંચાડીને ભેગું કરેલું દ્રવ્ય અધર્મનું દ્રવ્ય જણાવે છે. અહીં ખેતી, નોકરી, વેપાર વાણીજ્યને શુદ્ધ બતાવ્યાં છે.

(૪) ૨૫૨ વૈ.વાર્તા ક્રમાંક ૨૦૯માં કિશોરીબાઈને શ્રીઠાકોરજી જણાવે છે કે **"એક વૈષ્ણવ બીજા વૈષ્ણવનું દ્રવ્ય લઈ, પોતાનાં ઠાકોરજીને અંગીકાર કરાવે છે તે આપને પસંદ નથી પોતે અરોગતા નથી"** માટે શ્રીહરિરાયજી ભાવ પ્રકાશમાં જણાવે છે કે, વૈષ્ણવે બીજા વૈષ્ણવ પાસેથી (સ્વેચ્છાએ-સ્નેહથી આપે તો પણ) લઈને પોતાનાં ઠાકોરજીને કાંઈ પણ ન ધરવું જોઈએ. એ શ્રીઠાકોરજીને અપ્રિય છે પોતે અનમના બીરાજે છે.

(૫) ૨૫૨ વૈ.વા. ક્રમાંક ૧૩૬માં મેહાધીમર માછીમાર હતા તેથી **જીવ હિંસા છોડી** તેને ખેતી કરવાની આજ્ઞા કરી - દ્રવ્યનો શુદ્ધ પ્રકાર સમજાવ્યો.

(૬) ૨૫૨ વૈ.વા. ક્રમાંક ૨૫૧માં માધવદાસ દલાલને જણાવે છે કે **જુઠ્ઠુ બોલવું** પાપ છે - તે દ્વારા કમાયેલાં દ્રવ્યનો નિષેધ છે.... વગેરે

સમર્પણના પ્રકારો :-

ગ્રંથો દ્વારા અને વાર્તા સાહિત્ય દ્વારા સમર્પણમાં જુદા જુદા પ્રકાર જોવા મળે છે.

(૧) સાક્ષાત સમર્પણ :

જેમાં નિવેદિત વ્યકિત ભગવદ્ સેવામાં **પોતાની સત્તાની** વસ્તુ - પદાર્થોને સીધો ઉપયોગમાં લે છે તે સાક્ષાત સમર્પણ છે જેમાં વસ્ત્ર, દૂધ, ફળ, અન્ન, પુષ્પ, ચંદન વગેરે આવી શકે.

(૨) પરોક્ષ સમર્પણ :

નિવેદિત્ત વ્યક્તિ દ્વારા ભગવદ્ સેવામાં હોય ત્યારે કે પછી **જે સાક્ષાત ભગવદ્ સેવામાં લઈ શકાય તેવું ન હોય ત્યારે,** કરવામાં આવતું વસ્તુનું સમર્પણ. કયારેક સેવાકર્તાના દેહની રક્ષા માટે ઉપયોગમાં લેવાતા સાધન જેવા કે ઔષધ-ચપ્પલ-વાહન-ઘર-નોકર વગેરેનું, સમર્પણ, પરોક્ષ સમર્પણ દ્વારા શકય બને છે.

(૩) લૌકિક વ્યહવારાનુરોધી ગૌણ સમર્પણ :

નિવેદિત વ્યક્તિ ઘરમાં રહીને ઉત્તમભાવ અને સમજ સાથે ભગવદ્ સેવા કરી રહ્યો છે, ભગવદ્‌વિનિયોગમાં ઉપરના બન્ને પ્રકારને નિભાવી ભક્તિમાર્ગમાં પ્રવૃત્ત થાય છે છતાં પણ આકસ્મિક, અનિવાર્ય લૌકિક કાર્ય આવી શકે છે જેવા કે અચાનક અતિથિનું આવવું, કોઈ લૌકિક વ્યવહાર નિમિત્ત ચીજ વસ્તુ- દ્રવ્યની જરૂરત પડવી ... વગેરેમાં આજ્ઞા માંગી પ્રભુ સન્મુખ કરી - ઉપયોગમાં લેવા. આ સમર્પણનો પ્રકાર ગૌણ કક્ષાનો બને છે. અહિયા સમર્પણનું મુખ્ય ફલ (બ્રહ્મરૂપતા) તે પદાર્થમાં સિદ્ધ થતું નથી પરંતુ દોષમાત્રની નિવૃત્તિ થાય છે.

(૪) ભગવદ્‌ધર્માનુરોધી મુખ્યસમર્પણ :

ઉપર જણાવેલ અર્પણથી વિપરીત - પ્રભુનાં વિનિયોગ વગરનું અન્ય કોઈ પ્રકારનાં વિચારોથી રહિત કરવામાં આવતું સમર્પણ ભગવદ્‌ધર્માનુંરોધી મુખ્ય અને બ્રહ્મરૂપતા બન્ને ફળ સિદ્ધ થાય છે.

(૫) નિવેદનરૂપ સમર્પણ :

શ્રીપુરૂષોત્તમજી (લેખવાળા) સિધ્ધાંત રહસ્ય ગ્રંથની ટીકામાં જણાવે છે કે, કોઈ પણ કાર્ય માટે વસ્તુની આવશ્યકતા ઉભી થાય ત્યારે કાર્યની શરૂઆતમાં કે કાર્ય સંપન્ન (પૂરૂં) થઈ ગયા પછી વિનંતી રૂપ નિવેદન કરવામાં આવે ત્યારે તે 'સમર્પણ' નિવેદનરૂપ સમર્પણ બને છે. ઉદાહરણ તરીકે લગ્નપ્રસંગમાં વિવાહનાં નિમંત્રણની પત્રિકા રાજભોગ સરી ગયા પછી ખંડ-પાટ-સીડી બીછાવી-આરતી કર્યા પછી કેસર કે કંકુથી લખેલી પત્રિકા, **સ્વસેવ્ય સ્વરૂપનાં ચરણારવિંદમા** રાખી (સપરિકર - વ્રજભકતો સહિત પધારવાની વિનંતી કરી) તે પ્રસંગ માટેના બધા કાર્યો (જેવા કે, ભેટ-પહેરામણી-બુફેડીનર-ફટાકડા ફોડવા વગેરે) માટે તેનાં ખર્ચની આજ્ઞા માંગવી તે પરંપરા છે. કદાચ કોઈ સંજોગોમાં નિવેદન કરવાનું રહી ગયું હોય તો તે કાર્ય સંપન્ન થઈ ગયા પછી નિવેદન કરી શકાય છે. તે પણ સમર્પણ અંતર્ગત આવી જાય છે.

આમ સમર્પણ કોઈ પણ પ્રકારનું હોય પરંતુ તે પાછળ મુખ્ય આગ્રહ

(૧) સ્વસેવ્ય સ્વરૂપની પ્રાધાન્યતા

(૨) નિવેદિત સેવક નો દાસભાવ અને

(૩) ભગવદ્ સુખાર્થે સેવાના ભાવનું પોષણ, એ મુખ્ય હેતુ હોવા જોઈએ.

☞ **(બ) અસમર્પિતનો ત્યાગ :**

આગળ જોયું કે, જેનું સમર્પણ નથી તે **અનિવેદિત** કહેવાય છે, **નિવેદન પોતાની સત્તાનું જ થઈ શકે છે.** આ અંતર્ગત ભગવદ્ સેવામાં અનિવેદિત વસ્તુ કે વ્યકિતનું સમર્પણ નથી થઈ શકતું. શ્રીગુસાંઈજી - શ્રીહરિરાયજી અને શ્રીપુરૂષોત્તમજી વગેર પૂર્વાચાર્યો ગ્રંથોની ટીકામાં પણ આજ જણાવે છે કે **સંપ્રદાયમાં અન્ય દ્વારા જો નિવેદિત હોય તો તેને પણ અસમર્પિત માનવું.** (અર્થાત બીજા વૈષ્ણવનું હોય અને આપણી પાસે આવ્યું હોય તેને પણ અસમર્પિત માનવું)

હવે જ્યારે અનિવેદિત પદાર્થોનો (બીજા વૈષ્ણવ સ્વેચ્છાએ આપે તો પણ તેનો) આગ્રહ સેવામાં રાખવામાં આવે **ત્યારે સ્વાર્થાન્ધતા અને મૂઢતાનું જ પ્રદર્શન બની જાય છે.** આ વિશે વિચાર કરીયે તો સમજાશે (૧) પદ્મનાભદાસજીનાં મથુરાધીશજીએ જણાવ્યું કે મને તારા છોલા પ્રિય છે આમ અક્કાજીએ મોકલેલી સામગ્રીનો નિષેધ કર્યો. (અહિંયા શ્રીમહાપ્રભુજીના વહુજીએ પધરાવેલ સામગ્રીનો શ્રીઠાકોરજીએ નિષેધ કર્યો.) (૨) સંતદાસજીએ નારાયણદાસની હુંડી પોતે ન રાખીને શ્રીગુસાંઈજીને ભેટ મોકલવાનો રાખેલો આગ્રહ. (અહિંયા વૈષ્ણવની સામગ્રીનો વૈષ્ણવે નિષેધ કર્યો.) (૩) કિશોરીબાઈનાં શ્રીઠાકોરજીએ બીજા વૈષ્ણવને ત્યાંથી આવેલી સામગ્રીનો નિષેધ પ્રકટ કર્યો. (અન્ય વૈષ્ણવની સામગ્રીને અંગીકાર કરવાનો સ્વસેવ્ય શ્રીઠાકોરજીએ નિષેધ કર્યો.)

આ બધા અસમર્પિતના ત્યાગના જ પ્રકાર છે. આ દ્રષ્ટાતોમાં કયાંક **સ્વામીનો આગ્રહ** પોતાનાં દાસનાં ઉત્કર્ષ માટે છે, કયાંક **સેવકનો આગ્રહ** પોતાની અનન્યતા સાથે સ્વામી સુખનો છે. (આમ ગુરૂને ત્યાંથી કે, વૈષ્ણવને ત્યાંથી પ્રસન્નતાથી પધરાવ્યું હોય તો પણ ઉત્તમપ્રકાર નથી તે સાબીત થાય છે.)

☞ **સંપ્રદાય સાર : આમ જ્યારે સેવાકર્તાને ભગવદ્ સેવામાં પોતાનાં જ સમર્પિત પદાર્થોનો સ્નેહ સાથે વિનિયોગ કરાવવો એ (અધિકારનો) આગ્રહ હોય ત્યારે તેના સેવ્ય પ્રભુમાં આજ સ્વીકારવું તેવો આગ્રહ પ્રગટ થાય છે.**

શ્રીગોપીનાથજી વિનિયોગ માટે આ જ પ્રકાર જણાવે છે, છતાં જણાવે

છે કે અન્ય વ્યકિત **સ્વિય હોય અને ભક્ત હોય** ત્યારે છૂટ મૂકી શકાય છે. (સ્વિ
એટલે જે પોતાનાં હોય - જેમને આપણું બધું જ ખબર હોય - દર - દાગીના
દ્રવ્ય વગેરેની જાણકારી સંકોચ વગર અરસપરસ જણાવતા હોઈએ અને બ
તરફ નિસ્વાર્થપણું હોય અને તે સ્વિય, જો 'ભકત' હોય તો જ છૂટ મૂકી શકા
(પરંતુ આ **ઉત્તમ પ્રકાર નથી**) ઉપર જણાવેલ દ્રષ્ટાંત (૧) પદ્મનાભદાસ
(૨) સંતદાસજીનાં પ્રસંગથી સ્પષ્ટ જણાય છે કે, તેમણે **અસ્વિકાર કરીને ઉત્**
શું છે તે સમજાવ્યું છે. તો હવે વિચારીયે કે કોઈ વૈષ્ણવનું કાંઈ પણ (દ્રવ્ય, ફ
ફુલ, સામગ્રી, રૂમાલ, દુવાલ, કપડું) **જે સત્સંગમાં કે પાઠ કર્યા પછી કે લગ**
નિમિત્તે આપવામાં આવે તે લેવાય ખરૂં ?

☞ **(ક) સામીભુક્તનું (અર્ધભુક્તનું) અસમર્પણ :**

સામીભુકતતાના દોષ બે પ્રકારથી થાય છે (૧) પ્રભુને સમર્પણ કર
પહેલા તે વસ્તુમાંથી આપણા માટે ઉપયોગમાં લેવાથી બાકી રહેલું અર્ધભુક
(સામીભુકત) ગણાય છે અને (૨) વસ્તુને સમર્પણ કરતા પહેલા તે વસ્તુ
ભોગ બુદ્ધિ આવી જાય તો પણ અર્ધભુકત કે સામીભુકત બને છે.

આવી અર્ધભુકત કે સામીભુકત વસ્તુ શ્રીઠાકોરજીને ન ધરવી જોઈ
અર્થાત તેનું અસમર્પણ ગણવું. બીજા પ્રકાર માટે સિદ્ધાંત રહસ્યમ્ ગ્રંથ
ટીકામાં શ્રીપુરૂષોત્તમજી (લેખવાળા) જણાવે છે કે - કયારેક જીવ સ્વભાવ
ભૂલમાં એવી બુદ્ધિ સામગ્રીને ભોગવવાની થાય ત્યારે - શ્રીઠાકોરજીને દંડવ
કરી થયેલા અપરાધની માફી માંગી શ્રીઠાકોરજીનાં ચરણમાં બિરાજતા વજ અ
અંકુશ ચિન્હોનું સ્મરણ કરી આપણાં મનમાં આવતા આવા વિચારો ઉપ
અંકુશ આવે તેવી ભાવના કરી ક્ષમા માંગવી. આપશ્રી જણાવે છે કે સું
'પતિવ્રતા' સ્ત્રી ઉપર કોઈ ભોગી- બદચલન પુરૂષની દ્રષ્ટિ પડે અને ભોગવવા
ઈચ્છા કરે તો પણ તે સ્ત્રીનું પતિવ્રતાપણું ખંડીત થતું નથી.

તેમ અહિંયા પણ સામગ્રી દુષિત થતી નથી પણ આપણામાં પ્રગ
થયેલી ભાવ દુષ્ટતા માટે **માફી માંગવાથી** (શ્રીઠાકોરજીની ભકત-વત્સલતા અ
ઉદારતાનાં માહાત્મ્યનું સ્મરણ કરવાથી) **દીનતા પ્રગટ કરવાથી, ભવિષ્યમાં આ**
ભૂલ ન થાય તેની કાળજી લેવાથી સામગ્રીમાં પવિત્રતા જળવાઈ રહે છે.

સંપ્રદાયસાર :

નિવેદન દીક્ષા અને બ્રહ્મસંબંધ દીક્ષામાં શરણાગતિનું પ્રાધાન્ય છે સા
સાથે ભગવાન સાથે જોડાવાનો પ્રયાસ છે. આ બન્ને દીક્ષામાં મુખ્યત

શરણાગતિની હોવાથી આગળ જણાવ્યા પ્રમાણે **સાધનોના અભિમાનનો ત્યાગ, નિષ્કામ, નિષ્પ્રયોજન નિર્હેતુક કોઈ પણ જાતનાં ફલની અપેક્ષા વગરની ક્રિયા હોવી જોઈએ.** સિધ્ધાંત રહસ્યમ્ ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી જણાવે છે કે, તેમન **સાક્ષાત શ્રીઠાકોરજીએ પ્રગટ થઈ** દૈવી જીવોને શરણે લેવાની આજ્ઞા કરી છે અને બ્રહ્મસંબંધ કરાવવાનું કહ્યું છે. અહિંયા આત્મ નિવેદનનો પ્રકાર છે - **જેમાં સર્વસ્વનું સમર્પણ અને સમર્પિતનો જ ઉપભોગ એ સિધ્ધાંત છે, બ્રહ્મસંબંધ દ્વારા દૈવી જીવોને આ અધિકાર સોંપવામાં આવે છે. આ વાતને સેવા અંતર્ગત વણીને શ્રીમહાપ્રભુજીએ ગૃહ સેવાનો પ્રકાર પ્રગટ કર્યો, જે દ્વારા દૈવી જીવો ભક્તિ પારાયણ થઈ શકે છે.**

શ્રીમહાપ્રભુજીનાં પુષ્ટિ - ભકિત સંપ્રદાયમાં, આપશ્રીએ પ્રગટ કરેલા સિધ્ધાંતોજ મુખ્ય છે. જેનું પાલન કરવું તે, દરેક બ્રહ્મસંબંધી જીવનું કર્તવ્ય છે. કોઈ પણ સંજોગોમાં શ્રીમહાપ્રભુજીનાં સિધ્ધાંતથી વિરૂધ્ધ, કોઈ કાર્ય ન કરવું જોઈએ. એવી કોઈ પ્રણાલિકા જે શ્રીમહાપ્રભુજીની આજ્ઞા (સિધ્ધાંત) વિરૂધ્ધ હોય તેને પ્રાધાન્ય આપવું ન જોઈએ.

સંપ્રદાયમાં કોઈએ પણ પ્રણાલિકા પ્રકટ કરી હોય તે આચાર્ય ચરણે બતાવેલા મુળ સિધ્ધાંતો થી **અવિરૂધ્ધ** હોવી જોઈએ. શ્રીઆચાર્યચરણનાં ગ્રંથો-ટીકાઓથી જુદી પડવી ન જોઈએ. તો જ તે પ્રણાલિકાને માન્ય રખાય અન્યથા નહીં. પછી ભલેને તે કોઈ મહાનુભાવે કહેલી હોય અથવા કે કોઈ આજનાં કહેવાતા ભગવદીયે કહેલી હોય, ગમે તેણે કહી હોય. (પણ તે માન્ય ન રખાય.) ત્યાં સુધી કે **સાક્ષાત ભગવાન પ્રગટ થઈ આજ્ઞા કર** અને જો તે શ્રીમહાપ્રભુજીનાં સિધ્ધાંતથી કે આજ્ઞાથી વિરૂધ્ધ હોય, તો તેવી શ્રીઠાકોરજીની આજ્ઞા પાળવા માટે બ્રહ્મસંબંધી વૈષ્ણવ બંધાયેલ નથી. જેમ કે, ...

ઉદાહરણ : (૧) શ્રીમહાપ્રભુજીનાં સેવક ૮૪ વૈ.વા.ક્રમાંક ૭ ગોપાલદાસ જટાધારીની વાર્તાના પ્રસંગમાં આવે છે. આપશ્રીએ ગોપાલદાસને સેવાનો આગ્રહ હોવાથી અનોસરમાં, આંખ બંધ રાખીને પંખાની સેવા કરવાની આજ્ઞા આપી છે. ઘણાં વખત સુધી આમ સેવા કરતા હતા. એક વખત રાતનાં સાક્ષાત શ્રીઠાકોરજી પ્રગટ થઈ આજ્ઞા કરી- **“ગોપાલદાસ આંખ ખોલીને મારા દર્શન કર”** ગોપાલદાસજીએ તેમ કર્યું નથી. શ્રીઠાકોરજીએ શ્રીમહાપ્રભુજીને ફરીયાદ કરી **“તમારો સેવક મારી આજ્ઞાનું પાલન નથી કરતો.”** શ્રીમહાપ્રભુજીએ ગોપાલદાસને બોલાવી પૂછ્યું **“કેમ તેં આમ કર્યુ?”**- પ્રત્યુત્તરમાં ગોપાલદાસે એજ કહ્યું કે **“આપની આજ્ઞા અનોસરમાં આંખ બધ કરીને જ સેવા કરવાની હતી માટે. જો આંખ ખોલી**

શ્રીઠાકોરજીનાં દર્શન કરૂં તો મારી આંખોને સુખ મળે, જ્યારે પંખાની સેવ શ્રીઠાકોરજીનાં સુખનો વિચાર છે - માટે આપશ્રીએ સોંપેલી સેવા છોડી નહીં ર દર્શન કર્યાં નહીં.” આ ખુલાશો સાંભળી શ્રીમહાપ્રભુજી - શ્રીઠાકોરજી અ પ્રસન્ન થયા.

સાર : જ્યારે આપણે દર્શન કરીયે છીયે ત્યારે આપણી આંખોને સુખ મળે એ આપણું સુખ છે, જ્યારે સેવાની કોઈપણ ક્રિયા ભગવદ્ સુખ માટે હોય તેથી સેવાને છોડી, આપણા સુખના વિચારને પ્રાધાન્યતા ન અપાય.

ઉદાહરણ : (૨) શ્રીમહાપ્રભુજીને, શ્રીનાથજીએ દેવાલયમાં બિરાજવું છે ત આજ્ઞા કરી જે શ્રીમહાપ્રભુજીનાં ગૃહસેવાની પ્રણાલીની વિરૂધ્ધ હતી છતાં પ શ્રીમહાપ્રભુજીએ **શ્રીઠાકારોજીની લીલાનું** અનુસંધાન રાખી તે આજ્ઞાને **શ્રીગીરીરા પૂરતી જ માન્ય રાખી** દેવાલય સિધ્ધ કરાવડાવ્યું અને શ્રીનાથજીને અક્ષય તૃતિય દિવસે પાટે પધરાવ્યા (છતાં આ દિવસને સંપ્રદાયમાં શ્રીનાથજીનો પાટોત નથી મનાવાતો પરંતુ સતઘરામાં મહાવદ-૭ ના રોજ **ગૃહસેવા માટે પધ** શ્રીગુસાંઈજીના ઘરે સેવા અંગીકાર કરી તેથી તે દિવસને પાટોત્સવ સંપ્રદાય બધાજ ઘરોમાં મનાવાય છે.)

જ્યાર ભગવદ્ઈચ્છાથી કોઈ સેવક શ્રીનાથજીની સેવા કરવા માટે તૈ ન થયા ત્યારે, શ્રીમહાપ્રભુજીએ **બ્રહ્મસંબંધ નથી તેવા** બંગાળી બ્રાહ્મણોને દેવાલય સેવા સોંપી છે. **આપશ્રીએ પરિક્રમાં દરમિયાન,બીજે ક્યાંય સેવા માટે સંપ્રદાય મંદિર કે દેવાલયનો આગ્રહ નથી રાખ્યો.**

સિધ્ધાંત પ્રમાણે **‘ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ’** નો આગ્રહ પોતે રાખ્યો અ વૈષ્ણવોને તે પ્રમાણે જ કરવા જણાવ્યું છે. દરેક ને ગૃહસેવા પધરાવી આપી અને આપશ્રી પણ ગૃહસેવા માટે અડેલ કે ચરણાટ બિરાજ્યા છે નહીં જતીપુરામાં.

આમ શ્રીમહાપ્રભુજીએ દેવાલય બનાવવાની આજ્ઞાને **શ્રીઠાકોરજીની લી** સમજી સિધ્ધાંતમાં સમાવી લીધું, પણ **સિધ્ધાંતરૂપે માન્યતા આપી નથી.** અ શ્રીઠાકોરજીની એવી આજ્ઞા કે જે શ્રીમહાપ્રભુજીનાં સિધ્ધાંતથી વિપરીત હ તેને ભગવદ્ લીલાનાં રૂપમાં જોઈ શકાય. પણ સિધ્ધાંતરૂપે બધે સ્વિકારી શકાય. **આમ આપણા સૌ માટે આચાર્યચરણની આજ્ઞાઓ અને ગ્રંથો સર્વોપરી આપણી દરેક ક્રિયાઓ, શ્રીમહાપ્રભુજીની આજ્ઞાઓથી (સિધ્ધાંતથી) વિરૂધ્ધ હોવી જોઈએ.**

☞ સંપ્રદાયમાં દીક્ષાનો પ્રકાર કોને અને ક્યારે આપી શકાય?

સુરતનાં દશ-દિગંત વિજયી **શ્રીપુરૂષોત્તમજી લેખવાળાના મતે શરણદીક્ષા અને સમર્પણ દીક્ષા તેઓએ જ લેવાની હોય**, જેને શ્રીમહાપ્રભુજીનાં સિધ્ધાંતો પ્રિય હોવાથી આચરણમાં મૂકવાની તત્પરતા, અનન્યતા સાથે અસમર્પિતનાં ત્યાગની તૈયારી હોય. આપશ્રી જણાવે છે કે, ગુરૂએ તેમને થોડા સમય માટે ચકાસવા જોઈએ પછી તેને સંપ્રદાયમાં સેવક બનાવવા માટે શરૂઆતમાં શરણદીક્ષા અને દ્રઢ થયા પછી અને જો તેને **અસમર્પિતનો ત્યાગ કરવો હોય તો,** જ બ્રહ્મસંબંધની દીક્ષા આપી, ઘરમાં રહીને સેવાની પ્રણાલી સમજાવવી જોઈએ.

જેણે શરણ દીક્ષા એકલી લીધી હોય સંપ્રદાયમાં દ્રઢ હોય તે જાતે શ્રીઠાકોરજી પધરાવી સેવા નથી કરી શકતો, પરંતુ બીજાને ત્યાં બધીજ પરીચર્યા કરી શકે છે, ફક્ત તે બ્રહ્મસંબંધમંત્ર બોલી ચરણારવિંદમાં તુલસી સમર્પણ કરી શકતો નથી. એ સિવાય તે બધું જ કરી શકે છે. (શ્રીઠાકોરજીને જગાડી શકે છે - શ્રૃંગાર કરી શકે છે - ભોગ ધરી શકે છે - પોઢાવી શકે છે - સામગ્રી સિધ્ધ કરી શકે છે ... વગેરે) [આ વાત પૂ.પા.ગો. શ્રી પુરૂષોત્તમજી (જુનાગઢ-કિશનગઢ) આપશ્રીના વચનામૃતમાં શ્રીહરિરાયજી અને શ્રીપુરૂષોત્તમજી લેખવાળાનાં - ગ્રંથોનાં આધારે જણાવે છે.]

પૂ.પા.ગો. શ્રીપુરૂષોત્તમજી (જુનાગઢ-કિશનગઢ) આપના પ્રવચનમાં જણાવે છે કે, **બ્રહ્મસંબંધ દીક્ષા-ગુરૂ બદલાવવાનો** નવો પ્રકાર હાલમાં ફેલાઈ રહ્યો છે તે સંપ્રદાયનાં સિધ્ધાંત પ્રમાણે સ્વિકાર્ય નથી. કેમકે સંપ્રદાયમાં સિધ્ધાંત પ્રમાણે **બ્રહ્મસંબંધ** (દરેક વૈષ્ણવને દરેક ગુરૂઘરમાં) **શ્રીમહાપ્રભુજી જ શ્રીઠાકોરજી સાથે કરાવી રહ્યા છે કે આપી રહ્યા છે તે ભાવ છે. તેવી જ રીતે શ્રીઠાકોરજી પણ શ્રીમહાપ્રભુજી જ પુષ્ટ કરી રહ્યા છે તે ભાવ છે.** માટે બ્રહ્મસંબંધ દીક્ષા-દાતા (ગુરૂ) બદલવાના આવા પ્રકારને સંપ્રદાયમાં સ્થાન જ નથી.



આ પ્રકારમાં કેટલીક જગ્યાએ એવી આજ્ઞા થતી હોય છે કે, 'ઉંટને અડકવાથી કે ઉંટ નીચેથી પસાર થવાથી કે ઉંટ ઉપર સવારી કરવાથી - જુનું બ્રહ્મસંબંધ ફોક થઈ જાય છે માટે તેવી ક્રિયા કરો. પછી નવેસરથી બ્રહ્મસંબંધ **દીક્ષા 'અમે' આપીશું અને તમે 'અમારા' ઘરનાં સેવક ગણાશો....'** આવી ક્રિયાઓ સંપ્રદાયના સિધ્ધાંત પ્રમાણે અર્થહીન જણાય છે.

કદાચ પ્રાચીન 'અન્ય-સંપ્રદાયોની પ્રણાલિકામાં' આવો પ્રકાર હોઈ શકે છે, પરંતુ શ્રીમહાપ્રભુજીનાં સંપ્રદાયમાં માન્ય નથી કેમ કે, **અહિંયા સંબંધ કોઈ લૌકિક દેહધારી સાથેનો નથી-પરંતુ શ્રીમહાપ્રભુજી દ્વારા અલૌકિક સંબંધ પ્રભુ સાથે છે** જે કોઈ પણ કાળે, આવી ક્રિયાથી (ઉંટ સાથેના વ્યહવારથી) નષ્ટ થતો નથી.

ઉદાહરણ :- લૌકિક ઉદાહરણ રૂપે વિચારીયે, કોઈ વ્યકિતએ બેંક ઓફ બરોડાની એક શાખામાંથી લોન લીધી છે. ત્યારના મેનેજરે બેંકનાં કાયદા પ્રમાણે મંજૂરી આપી તેનાં કાગળીયા (દસ્તાવેજ) કરાવી લીધા છે. **તે બેંકની શાખામાં ગમે તેટલા મેનેજર બદલાય પરંતુ તે વ્યક્તિએ તે લોનનાં દસ્તાવેજ ફરી ફરી કરવાનાં નથી હોતા.** કેમકે લોન તેને બેંકે આપી છે, નહીં કે તે વ્યકિતગત મેનેજરે. **(તેવી રીતે સંપ્રદાયમાં બ્રહ્મસંબંધ શ્રીમહાપ્રભુજી આપે છે.)**

હવે જો ઉંટને અડકવાથી કે ઉંટ ઉપર સવારી કરવાથી બ્રહ્મસંબંધ ફરી લેવું પડતું હોત તો સૌ પ્રથમ આવી ક્રિયા સંપ્રદાયમાં **શ્રીગુસાંઈજીનાં સેવક ગોધરાનાં નાગજીભટ્ટે** કરી છે - જુઓ વાર્તા પ્રસંગ - જેઓ સાંઢણી ઉપર બેસી - કેરી લાવ્યા છે - **શ્રીગોકુળનાથજીન** (વાર્તાકારને) ખબર છે. **શ્રીગિરધરજીન** ખબર છે કેમકે તેમને કેરી આપી નાગજીભટ્ટે પહોંચ લખાવી લીધી છે. - **શ્રીહરિરાયજીન** (ટીકાકારને) ખબર છે. છતાં **તેમણે કોઈએ** એ વાત ના કરી ! કે ઉંટ પર કેમ આવ્યા ? બ્રહ્મસંબંધ છોવાઈ ગયું છે - છૂટી ગયું છે - નષ્ટ થઈ ગયું છે - ફરીવાર લેવું પડશે. આવી જ વાત **માણેકચંદજી ની વાર્તા પણ આવે છે.** નીજવાર્તા ઘરૂ વાર્તામાં પોતાનાં સેવકોને સાંઢણી ઉપર ખેપીયા તરીકે મોકલવાની વાતો પણ જોવા મળે છે. **નારાયણદાસ દીવાનની** વાર્તા ૨૫૨ ક્રમાંક-૫ માં આવે છે - જ્યારે શ્રીગુસાંઈજી જગન્નાથજી પધાર્યા ત્યારે આપશ્રી સાથે સામાનમાં તંબુ - સામગ્રી - પાત્રો, ઘોડા, બળદ, **ઉંટ પણ હતા** તે બધું તેમણે શ્રીજગન્નાથજીને ભેટ કરી દીધું. (આ બધા પ્રસંગો ઉંટની હાજરી કે સવારી બતાવે છે.) **માટે - ઉંટને અડકવાથી કે સવારી કરવાથી બ્રહ્મસંબંધ જતું રહે તે વાત સંપ્રદાયની નથી.**

કોઈ શું આજ્ઞા આપે છે ? કે વચનામૃત કરે છે તે ચર્ચાનો વિષય નથી - તેને ભગવદ્‌લીલા કે ભગવદ્‌ઈચ્છા માની આપણે શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી, અને શ્રીગુસાંઈજીની આજ્ઞાઓને શીરોમાન્ય રાખવી જોઈએ. અને આપશ્રીનાં સિધ્ધાંત જાણીને તે અનુસાર આપણું જીવન સેવા પારાયણ બનાવવું જોઈએ.

ઉપસંહાર (શરણાગતિ અને સમર્પણનો)

આ બન્ને (શરણાગતિ-સમર્પણ) ની ચર્ચાના સત્સંગનો ઉપસંહાર એ છે કે, પુષ્ટિભક્તિ સંપ્રદાયમાં આપણો પ્રવેશ નામદીક્ષાથી થાય છે (ત્યારે એક કંઠી પહેરવાની હોય છે) - શ્રીહરિરાય મહાપ્રભુ "સ્વમાર્ગીય શરણ-સમર્પણ - સેવા નિરૂપર્ણમ્" ગ્રંથમાં આજ્ઞા કરે છે "ગૃહીત્વા નામ, શરણં ગત્વા સર્વં સમર્પ્યચ ।।" નામ દીક્ષા લઈને ભગવાનની શરણાગતિ રાખવી. પ્રથમ દીક્ષાને સંપ્રદાયમાં નામદીક્ષા અથવા શરણ દીક્ષા પણ કહેવામાં આવે છે.

આ નામદીક્ષા કોઈપણ વ્યક્તિએ કયારે લેવી તે માટે શ્રીપુરૂષોત્તમજી લેખવાળા સમજાવે છે કે જ્યારે તે વ્યક્તિને, (૧) કૃષ્ણમાં રૂચી હોય (૨) કૃષ્ણમાં અનન્યભાવ હોય (૩) બીજા બધા સંપ્રદાય કરતા આ સંપ્રદાય અને તેની રીત ભાત, તેને શ્રેષ્ઠ લાગતી હોય (૪) તેને સંપ્રદાયનાં સિધ્ધાંતમાં રૂચી હોય (૫) આગ્રહ સાથે તે પાળી શકશે તો જ તેણે દીક્ષા લેવી જોઈએ અથવા આપવી જોઈએ. **આ શરણાગતિમાં નિરૂપાધિક નિષ્કામ ભાવ જરૂરી છે.** અર્થાત પ્રભુ પાસેથી કોઈપણ જાતની અપેક્ષા રાખ્યા વગર દાસ ભાવથી શરણાગતિ સ્વિકારી પ્રભુની આજ્ઞા મુજબ જીવનની દરેક ક્રિયા કરવી.

આવી શરણાગતિ દ્દઢ કરવા - અન્યાશ્રયનો ત્યાગ અથવા અન્યાશ્રય કરાવતા દરેક સંબંધોને ત્યાગ જરૂરી છે. પછી **જેને અસમર્પિતનો ત્યાગ કરવો હોય** તેણે બ્રહ્મસંબંધ દીક્ષા લેવી જોઈએ. (પછી બે કંઠી પહેરવાની હોય છે) ત્યારબાદ સેવા પધરાવી શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે પોતાના ઘરમાં - પોતાના શ્રીઠાકોરજીની - પોતાના દ્રવ્યથી જ સેવા કરી અનન્ય આશ્રય સાથે અસમર્પિતનાં ત્યાગ પૂર્વક જીવન જીવવું.

બાલબોધ ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી જણાવે છે કે **જેને જે માર્ગમાં રૂચી હોય તેણે તે માર્ગ અપનાવવો જોઈએ અને તે માર્ગની દીક્ષા લેવી જોઈએ.** જેને કુળદેવીમાં રૂચી છે - કુળ દેવતામાં રૂચી છે - અન્ય દેવી દેવતાઓમાં રૂચી છે. અન્ય વિભૂતીઓમા **(શ્રીનૃસિંહજી, શ્રીવામનજી, શ્રીરામચંદ્રજી, શ્રીશામળાજી, શ્રીકોટ્ર્યાર્ક ભગવાન** ... વગેરેમાં) રૂચી છે - અન્ય સંત મહંત - ભકતમાં **(જલારામ બાપા, બજરંગદાસ બાપા** ... વગેરેમાં) રૂચી છ, **તેમણે પુષ્ટિમાર્ગમાં દીક્ષા ન લેવી જોઈએ - ન આપવી જોઈએ.** આમ સંપ્રદાયમાં આ કર્તવ્ય **બન્ને પક્ષનું છે.**

અર્થાત પુષ્ટિમાર્ગમાં દીક્ષા લેતા પહેલા તે ગમે ત્યાં જઈ શકે છે - ગમે તેને માની શકે છે - ગમે તે મંત્રનો જપ કરી શકે છે, કોઈ બાધ નથી. જીવ,

શાસ્ત્રોમાં વર્ણવેલ બધા જ દેવી-દેવતાઓ-વિભૂતીઓને શરણે જઈ શકે છે. **પરંતુ આ માર્ગની દીક્ષા લઈને કશું જ કરી શકાતું નથી. કેમ કે, આ શ્રીકૃષ્ણની અનન્ય શરણાગતિનો માર્ગ છે.**

જ્યારે કોઈ પુષ્ટિમાર્ગની દીક્ષા (શરણદીક્ષા કે બ્રહ્મસંબંધ દીક્ષા) લઈ અન્ય દેવી દેવતાઓને - કુળદેવતાને - કે કુળદેવી વગેરેને માને છે ત્યારે તેને અન્યાશ્રયનો દોષ લાગે છે - આ દોષ જે સંપ્રદાયમાં દીક્ષા (શરણદીક્ષા કે બ્રહ્મસંબંધ દીક્ષા) **નથી લેતો તેને** લાગતો નથી.

વધુમાં પૂ.પા.ગો. શ્રીપુરૂષોત્તમજી (જુનાગઢ-કિશનગઢ) પોતાના વચનામૃતમાં જણાવે છે, “દીક્ષા લેવા આવનાર આ બધું વિચાર્યા વગર દીક્ષા લેવા આવે છે અને **અમે તેમને વિચારવા દેતા નથી. અને દીક્ષા આપી દઈએ છીયે. જેને લીધે શ્રીમહાપ્રભુજીને માન્ય નથી તેવી અવ્યવસ્થા સંપ્રદાયમાં ઉત્પન્ન થાય છે - દીક્ષા વ્યર્થ જાય છે - સંપ્રદાયમાં ભક્તિની ગુણવત્તા ઘટી જાય છે.** આજે દીક્ષાર્થીઓની સંખ્યા (Quantity) ખૂબ વધી રહી છે પરંતુ ગુણવત્તા (Quality) એક દમ નીચેના સ્તર તરફ જઈ રહી છે. કેમ કે, પુષ્ટિમાર્ગમાં અન્યાશ્રયને મહાનદોષ ગણવામાં આવ્યો છ **તેની જાણકારી દીક્ષા લેનારને હોતી નથી.** અસમર્પિત ખાન-પાનનો દોષ પણ તેટલો જ બાધક છે, તે તેઓ સમજ્યા હોતા નથી. તેથી સંપ્રદાયમાં સેવામાં જે ફલ (જે ૮૪-૨૫૨ વૈષ્ણવોએ પ્રાપ્ત કર્યું) છે તે આજે પ્રાપ્ત થતું નથી.”

૮૪-૨૫૨ વૈષ્ણવોમાં ઘણાં એવા દ્રષ્ટાંતો છે. જેમાં તે વૈષ્ણવોને ખાલી નામ જ સુણાવ્યું છે. અષ્ટાક્ષર મંત્રની દીક્ષા - શરણ દીક્ષા જ આપી છે. (બ્રહ્મસંબંધ દીક્ષા નથી આપી) છતાં તેઓને સાક્ષાત શ્રીનાથજી દર્શન આપે છે - વાતો કરે છે - પોતાના બંટાનો પ્રસાદ આપે છે - **આમ તેઓએ પુષ્ટિમાર્ગનું ફલ પ્રાપ્ત કર્યું છે.** ઉદાહરણ સ્વરૂપે જુઓ વાર્તા (૨૫૨ વૈ. વાર્તા /ક્રમાંક ૨૧૬) બલાઈ સ્ત્રી પુરુષ ગુજરાતનાં, (૨૫૨ વૈ. વાર્તા/ક્રમાંક ૨૧૨) ચહુડો ગોકુલનો, (૨૫૨ વૈ.વાર્તા/ક્રમાંક ૨૦) દોઉ ભાઈ પટેલ ગુજરાતનાં (નાનોભાઈ શ્રીગુસાંઈજીને કાકાજી કહેતો) વગેરે વાર્તાઓમાં **ફક્ત શરણદીક્ષા જ આપી છે.** પોતાના સામર્થ્ય પ્રમાણે **સંપ્રદાયની શુદ્ધ આચાર-વિચાર વાળી ક્રિયા કરીને જ,** તેઓ ભગવદીય થયા છે. આમ પુષ્ટિભક્તિનાં ફલ માટે, અનન્યભાવવાળી શરણાગતિ અને અસર્મપિતનો ત્યાગ મુખ્ય છે - **અર્થાત અન્યાશ્રય બાધક છે, તે સમજીને જીવન જીવવું જોઈએ.**

C : સેવા

(શરણાગતિ અને સમર્પણની ચર્ચા સાથે સાથે સેવાની વાત પણ વિચારાઈ ગઈ છે. પરંતુ અહિંયા સેવા અને સેવાના જુદા જુદા સ્વરૂપો શ્રીમહાપ્રભુજીના ગ્રંથો પ્રમાણે અને પ્રાચીન ગોસ્વામી બાળકોએ તે ગ્રંથો પર કરેલી ટીકા પ્રમાણે જોઈશું અને વિચારીશું.)

આગળ જોયું કે, **દરેક બ્રહ્મસંબંધી જીવનું મુખ્ય કર્તવ્ય - ભગવદ્ સેવા છે.** શ્રીમહાપ્રભુજી - શ્રીગુસાંઈજી દરેક વૈષ્ણવોને એજ આજ્ઞા કરે છે **"અબ ઘર જાઈ કે સેવા કરો."** આપશ્રીનાં વચનામૃતો - ગ્રંથો ટીકાઓ વગેરે જોતા એ જ સાર નીકળે છે કે બ્રહ્મસંબંધી વૈષ્ણવોએ સેવા, નિઃસ્વાર્થ, નિષ્પ્રયોજન, નિર્હેતુક, ભગવદ્ સુખાર્થે જ પોતાનાં ઘરમાં - પોતાનાં માથે બિરાજતા શ્રીઠાકોરજીની - પોતાનાં જ દ્રવ્યથી, પોતાના તનથી - અનન્યાશ્રય દૃઢ કરી - અસમર્પિતના ત્યાગને ધ્યાનમાં રાખી કરવાની છે.

શ્રીમહાપ્રભુજીએ **બ્રહ્મસંબંધી જીવોને કર્તવ્ય માટે અને તેમના હિત માટ** પોતાના ગ્રંથોમાં, સેવા માટે જે વાતો કહી છે તે જોઈએ. આ માટે ષોડશગ્રંથ અંતર્ગત આવતા શ્રીમહાપ્રભુજીનાં થોડાક વાકયોનો વિચાર કરીયે. આપશ્રી જણાવી રહ્યા છે;

(૧) વચસા વેદમાર્ગં હિ પુષ્ટિં કાયેન નિશ્ચયઃ
ભગવદ-રૂપ-સેવાર્થં તત્સૃષ્ટિઃ નાન્યથા ભવેત્ **(પુષ્ટિપ્રવાહમર્યાદાભેદઃ)**

પુષ્ટિ સૃષ્ટિ શ્રીઠાકોરજીના અંગમાંથી પ્રગટ થયેલ છે તેનું મુખ્ય **કર્તવ્ય ભગવદ સ્વરૂપની સેવા જ છે** - ન અન્યથા ભવેત્ (બીજુ કાંઈ જ નહીં કરે)

(૨) કૃષ્ણસેવા સદા કાર્યા માનસી સા પરા મતા
ચેતસ્ તત્પ્રવણં સેવા તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા **(સિધ્ધાંતમુક્તાવલી)**

અહીંયા શ્રીકૃષ્ણસેવાની, નિત્યકર્તવ્યતાનો ઉપદેશ છે. પોતાનાં જ તન મન ધનથી એવી રીતે કરવી જેથી ચિત્ત તેમાં જ પ્રવણ થઈ જાય.

(૩) અસમર્પિત-વસ્તુનાં તસ્માદ્ વર્જનમ્ આચરેત્ **(સિધ્ધાંતરહસ્યમ્)**

અહીંયા અસમર્પિત વસ્તુઓ સાથેનો વ્યવહાર (જેમાં ખાવાનું, પીવાનું, ઓઢવાનું, પહેરવાનું વિગેરે સંસારના બધા જ જડ ચેતન પદાર્થો જે આપણે વ્યવહારમાં લઈયે છીયે તે બધા સાથેનો વ્યવહાર) છોડી દેવો અર્થાત્ બધો જ વ્યવહાર સમર્પિત વસ્તુથી કરવો.

(૪) ન મતં દેવદેવસ્ય સામિભુક્ત-સમર્પણમ્
તસ્માદ્ આદૌ સર્વકાર્યે સર્વ-વસ્તુ-સમર્પણમ્ **(સિધ્ધાંતરહસ્યમ્)**

અર્થાત્ લૌકિક-વૈદિક બધા જ કાર્યોમાં વપરાતી બધી જ વસ્તુ સમર્પિ હોવી જોઈએ. શ્રીઠાકોરજી, જે દેવના દેવ છે, તેમને પહેલા આપણે આપણા મા વાપરીને કે લઈને કે ખાઈને વધેલી, અર્થાત્ પહેલા જેનો આપણે ઉપભોગ ક લીધો છે તે, અર્થાત અર્ધભુકત ન સમર્પવું.

(૫) સેવકાનાં યથા લોકે વ્યવહારઃ પ્રસિધ્યતિ
તથા કાર્યં સમર્પ્યૈવ સર્વેષાં બ્રહ્મતા તતઃ **(સિધ્ધાતરહસ્યમ્)**

બ્રહ્મસંબંધી જીવે પોતાનું જીવન દાસની જેમ, સેવકની જેમ, પોતાન શ્રીઠાકોરજીના જ સુખાર્થે વ્યતિત કરવું. જેમ જૂના જમાનામાં દાસો-સેવકો પોતાની દરેક ક્રિયાઓ પ્રત્યેક વસ્તુઓ પોતાના માલિકનાં સુખાર્થેજ કરતા તેમ પ્રભુ સેવામાં બધુ સમર્પણ કરવાથી બધામાં બ્રહ્મરૂપતા (શુધ્ધતા-પવિત્રતા) પ્રગટ થાય છે. (દોષ રહેતા નથી)

(૬) સેવાકૃતિર્ ગુરોર્ આજ્ઞા બાધનં વા હરીચ્છયા
અતઃ સેવાપરં ચિત્તં વિધાય સ્થીયતાં સુખમ્ **(નવરત્નમ્)**

શ્રીમહાપ્રભુજી (જે સંપ્રદાયનાં ગુરુ છે) તેની જ આજ્ઞાને શિરોધાર્ય સમજી **સ્વસેવ્ય પ્રભુની ભગવત્સેવા** કરવી તેમાં કાંઈ પણ છૂટછાટ, જો ભગવદ્ આજ્ઞા થાય તો, વિવેક વાપરીને લેવી. જેમાં પ્રભુનું સુખ હોય. (ભગવત્સેવામાં પ્રભુનું જ સુખ વિચારવું આપણું નહિ)

(૭) બીજ-દાર્ઢ્ય-પ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ **(ભક્તિવર્ધિની)**

(બ્રહ્મસંબંધી વ્યક્તિમાં) જે ભકિતનું બીજ, બ્રહ્મસંબંધ દ્વારા મૂકવામાં આવ્યું છે તેને પોષણ આપવા ગૃહસેવા જ, સ્વધર્મ છે.

જો શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે - સમર્પણને આચરણમાં મૂકી (અનન્યાશ્રયને જીવનમાં ઉતારી) લૌકિક વ્યહવારમાં ખાન-પાન છોડવાની તૈયારી હોય, અસમર્પિત ત્યાગને જીવનમાં પ્રાધાન્યતા આપી જીવન જીવવાનો વિચાર હોય તેણે જ બ્રહ્મસંબંધની દીક્ષા એટલે સમર્પણની દીક્ષા માટે તૈયાર થવું જોઈએ. તેણે જ બ્રહ્મસંબંધની દીક્ષા લેવી જોઈએ અને તેવા શરણાગતને જ

બ્રહ્મસંબંધની દીક્ષા આપવી જોઈએ એવી શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે.

વાર્તા પ્રસંગ ૮૪/૬૨ માં આવે છે. પતી-પત્નિ શ્રીમહાપ્રભુજીને શરણે આવ્યા છે. શરણદીક્ષા આપી છે - તેઓ લૌકિક વ્યવહારમાં ખાન-પાન છોડવા તૈયાર છે છતાં તેમને શ્રીમહાપ્રભુજી બ્રહ્મસંબંધ દીક્ષા ન આપતા જણાવે છે કે તમારી બન્નેની માતાઓને તમારો આ વિચાર અનુકુળ નહીં આવે તેઓ દેહ ત્યાગ કરશે. તમે લૌકિક વૈદિક ઉત્તરક્રિયા પતાવી પછી આવજો ત્યારે બ્રહ્મસંબંધ દીક્ષા આપીશ. ૮૪/૭ રામદાસજી સારસ્વત બ્રાહ્મણની વાર્તામાં શ્રીમહાપ્રભુજી જણાવે છે કે, ક્ષત્રીયો સાથેનો ખાન-પાનનો વ્યવહાર તારે છોડવો પડશે, રામદાસજી તૈયાર થવાથી દીક્ષાઆપી સેવા પધરાવી છે. આમ જ્યારે શરણાગત જીવની અસમર્પિત ત્યાગની તૈયારી હોય તો જ બ્રહ્મસંબંધ આપ્યું છે.

શ્રીગુસાંઈજી પોતાના સેવક, બલાઈ સ્ત્રી પુરૂષની વાર્તા ૨૫૨/૨૧૬ માં એકાંતમાં સેવા કરવાનું સમજાવતાં કહી રહ્યા છ કે, "ત્યાં તમારી વૈષ્ણવતા - સેવા - ભગવદ્ કાર્ય - કિર્તન કોઈ જાણશે નહીં. **આવી ગુપ્તતાથી કરેલ સેવા ભક્તને બહુ ફળરૂપ થાય છે.** બધા જાણે (અર્થાત સેવા પ્રકટ થાય) ત્યારે કિર્તી પ્રતિષ્ઠામાં બધુ જતુ રહે છે - જેમ નદીના પ્રવાહમાં કોઈ વસ્તુ ફેંકવામાં આવે તો તે પ્રવાહમાં તણાઈ જાય છે તેમ કિર્તી-પ્રતિષ્ઠાના પ્રવાહમાં, બધુ જ જતુ રહે છે." **આમ સેવા કે ભક્તિ, સેવક દ્વારા ગુપ્તતાથી કરવામાં આવતો સ્વતંત્ર પુરૂષાર્થ છે.**

આમ બ્રહ્મસંબંધીજીવનું કર્તવ્ય સ્પષ્ટ થઈ જાય છે તેણે અસમર્પિતનાં ત્યાગ સાથે ગૃહેસ્થિત્વા સ્વધર્મતઃ ને પ્રાધાન્યતા આપી ભક્તિ (ભગવદ્ભજન) ભગવદ્સુખાર્થે કરવાનું છે.

સેવામાં શરણાગત બ્રહ્મસંબંધી જીવનું કર્તવ્ય / અકર્તવ્ય :

આપણા દ્વારા થતી ભક્તિ સાથે જીવન વ્યહવારો વગેરે - શરણાગતિ કે સમર્પણનાં સિધ્ધાંતો અંતર્ગત હોવા જોઈએ. નવધાભક્તિમાં ભક્તિના નવ પ્રકાર વર્ણવ્યા છે, **શ્રવણ**[૧], **કિર્તન**[૨], **સ્મરણ**[૩], **પાદસેવન**[૪], **અર્ચન**[૫], **વંદન**[૬], **દાસત્વ**[૭], **સખ્યતા**[૮], **અને આત્મનિવેદન**[૯], ... આમાં કયાંય **દર્શનભક્તિ** છે જ નહીં. (જે કરવા માટે આપણે બધે દોડતાં હોઈયે છીયે.)

નવધાભક્તિમાં ક્યાંય 'દર્શનભક્તિ' નો ઉલ્લેખ નથી, ક્યાંય શ્રીમહાપ્રભુજી નથી જણાવતા કે નિત્યનિયમથી દર્શન કરવા જવું. કૃષ્ણ સેવા સદા કાર્યા, એજ કર્તવ્ય સ્વરૂપે આપશ્રી સમજાવે છે. **સેવા ભગવદ્ સુખનો વિચાર છે જ્યારે દર્શન પોતાના સુખનો વિચાર છે.** માટે જ્યારે અન્ય સેવામાં કરતા હોઈએ, જેવી કે

માળાજી ઉતારતા હોઈએ, ફુલમંડલી, હિંડોળા ભરતા હોઈએ, ટોકરી સિધ્ધ કર હોઈએ, અનાજ વિણતા હોઈએ ત્યારે, **તે સેવા છોડી દર્શન કરવા જવું નિષેધ બ જાય છે.** (જુઓ વાર્તા ૮૪/૭ ગોપાલદાસ જટાધારીની પાના ક્રમાંક : ૨૯)

આમ જેને ઘરમાં રહીને **સેવા કરવાની અનુકુળતા છ** તેને માટે સેવા ક્રમ છે અને તેણે જ સમર્પણની (બ્રહ્મસંબંધની) દીક્ષા લેવી જોઈએ. જેને ઘર રહીને **સેવાની અનુકુળતા નથી** તેણે સ્મરણ કરવું તેવો ક્રમ છે, તેણે શરણાગતિ જ દીક્ષા લેવી જોઈએ. તેમણે શ્રીમહાપ્રભુજીનાં ગ્રંથોનું અધ્યયન કરવું, ટીકા જોવી, ભાગવત પુરાણો વગેરે જોવા. (પરંતુ જાહેરમાં થતી ભાગવત સપ્તાહ ન જવું, કેમ કે તે નિષેધ છે.) શ્રીમદ્ ભાગવત માટે પણ શ્રીમહાપ્રભુજી સાધ પ્રકરણમ્ ગ્રંથમાં શ્લોક ૨૩૨ માં જણાવે છે કે પઠેત્ ચ નિયમં કૃત્વા શ્રીભાગવત આદરાત ။,જાતે જ શ્રીમદ્ ભાગવતનું અધ્યયન કરવું તેમ જણાવ્યું છે.

જેનાથી અધ્યયન ન થતું હોય તેમને માટે શરણાગતિનો વિકલ્પ છે. કૃષ્ણનો દાસ છું - હું તારે શરણે છું. આવું સતત અનુસંધાન કરતા શરણાગતિમ દ્દઢ થવું. આમ શરણે આવેલા જીવ માટે **આશ્રય દ્દઢ કરવા ત્રણ જ વિકલ** ***આચાર્યચરણે બતાવ્યા** છે, (૧) સેવા (૨) સ્મરણ અને (૩) શરણાગતિ. ઘરમાં રહીને જ નિરૂપાધિક નિર્હેતુક નિષ્પ્રયોજન-નિસ્વાર્થ ભાવે કરવાનાં છે જેથી શ્રીઠાકોરજીનો આશ્રય દ્રઢ થઈ શકે. (*પાનું ૩૯)

શ્રીઆચાર્યચરણના મતે ભગવદ્ સેવાની જેને અનુકુળતા હોય, જેને ભગવદ્ સેવાનું મહત્ત્વ સમજાતું હોય, જે ભગવદ્ સેવાને મુખ્ય માની ભગવદ્ સેવાનો આગ્રહ રાખે, તેણે જ ઘરમાં રહી પોતાના દ્રવ્યથી, પોતાના સેવ્યની ભગવદ્ સેવા કરવી. આ ભગવદ્ સેવા ઓછામાં ઓછી ત્રણ કલાક - એક યામની કરવી, વધુ તો જેટલી અનુકુળતા હોય તેટલી થઈ શકે. નિયમ એટલોજ છે ક આ **સેવા (૧) પ્રસન્નતા પૂર્વક (૨)પોતાના શ્રીઠાકોરજીની (૩) પોતાના દ્રવ્યથી, (૪) પોતાનાં ઘરમાં, (૫) કોઈ પણ પ્રકારનું ટેન્શન (ઉદ્વેગ) રાખ્યા વગર કરવી.**

જેને લૌકિક કાર્ય માટે કે, નોકરી કે ધંધા માટે ઘર છોડવું પડે, ત્યારે ચિત્ત શ્રીઠાકોરજીમાં રાખીને સ્મરણ કરવું; એવું સૂચન છે. જેથી શરણાગતિ દ્દઢ થાય. વધારે અનુકુળતા હોય તો બે કાળ ભગવદ્ સેવા અને ત્રણ કાળની અનુકુળતા હોય તો તે પ્રમાણે સેવા કરે. શ્રીમહાપ્રભુજી સેવામાં ઉપર જણાવેલા ત્રણ વિકલ્પો જ આપે છે. પણ એવો વિકલ્પ નથી આપતા કે એક કાલ જ સુક્ષ્મ સેવા કરો - ફક્ત મીસરી/દૂધઘર/અનસખડી ભોગ ધરો તો ચાલે - બીજો બધો

સમય બીજે સેવા કરવા જાવ.

જેને એક કાલ સેવાની પણ અનુકુળતા નથી શ્રીમહાપ્રભુજી તેને બીજો વિકલ્પ એ આપે છે **વ્યાવૃત્તોપી હરૌ ચીત્તં** અર્થાત સ્વમાર્ગીય ગ્રંથોનું - શાસ્ત્રોનું અધ્યયન-મનન- પઠન કરવું. જેને અનુકુળતા નથી તેણે પણ સેવા પધરાવવી તેવી આજ્ઞા શ્રીમહાપ્રભુજી કરતા નથી. સેવામાં સમયની અનુકુળતા જોઈએ, જ્યારે અધ્યયન ગમે ત્યારે થઈ શકે. પણ આ નિયમ પૂર્વક દ્દઢતાથી **ચિત્તમાં શરણાગતિ દ્દઢ થાય તે રીતે કરવું.** ગ્રંથોનું અધ્યયન અર્થો અને ટીકા સાથે કરવું. જેથી શ્રીમહાપ્રભુજીની આજ્ઞા અને નિષેધ ને જાણી શકાય અને આચરણ કરી દ્દઢ થવાય.

જ્યારે સેવા અનુકુળ સમય ન હોય ત્યારે સતત ભગવદ્આશ્રયનું અનુસંધાન રાખવાનું છે. શ્રીમહાપ્રભુજી શરણાગતિ દ્દઢ કરવા માટે, **વદદ્ભીરેવ સતતં** કહી રહ્યા છે. જેથી આશ્રય દ્દઢ થાય. આમ **આ ત્રણ વિકલ્પો*** (પાના ક્ર. ૩૮ પર જણાવ્યા પ્રમાણે) જ **શ્રીમહાપ્રભુજી બતાવે છે.** માટે ગ્રંથોનું અધ્યયન કરશું તો જ ખબર પડશે કે શું કર્તવ્ય છે ? શું અકર્તવ્ય છે ?

સેવા અંતર્ગત પરિચર્યાની સમજ :-

એવું ઘણી વખત જાણવા કે જોવા મળે છે, કેટલીક જગ્યાએ સત્સંગી કે વૈષ્ણવો પાસે, બહારની સેવા જેવી કે પાત્ર મંજાવવા - બુહારી કરાવવી - અનાજ સાફ કરાવવા અંદરની સેવા જેવી કે, પાપડ - પાપડી - અથાણાં કે સામગ્રી તૈયાર કરાવવી, માળાજી કરાવવા વગેરે સેવા કરાવવામાં આવે છે.

(આ કરવામાં આવતી ક્રિયાઓ થોડા - વૈષ્ણવો સ્નેહ પૂર્વક ભાવ પૂર્વક કરતા હોય છે, કેટલાક એવા પણ હોય છે, જેઓ સબંધ નિભાવવા, સમાજનાં ડરે કરતા હોય છે, જ્યારે કેટલાકને તે ક્રિયાઓ (ત્રાસરૂપ લાગતી હોવા છતાં) મુંગા મુંગા (હસતા મોઢે) કરતા હોય છે કે, દેખાદેખીથી કરતા હોય છે.)

સૌ પ્રથમતો એ વિચારીયે કે, **અન્ય વૈષ્ણવો પાસે સેવા કરાવાય કે નહીં?** સંપ્રદાયનાં સિધ્ધાંત પ્રમાણ **ઉત્તમ પ્રકાર** પોતાના શ્રીઠાકોરજી માટેની દરેક ક્રિયા જાતે જ કરવી જોઈએ. કેમકે સિધ્ધાંત મુક્તાવલી ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી સેવા માટે જણાવે છે. "ચેતસ્ તત્પ્રવણં સેવા તત્સિદ્ધ્યૈ તનુ વિત્તજા" અર્થાત સેવા એટલે ચિત્તનું શ્રીકૃષ્ણમાં (પોતાના શ્રીઠાકોરજીમાં) પરોવાઈ જવું તે, જે પોતાનાં તનનો અને ધનનો સાથે ઉપયોગ કરવાથી જ સિદ્ધ થઈ શકે છ એટલે દરેકે સેવા પોતે જાતે પોતાના તન અને પોતાના ધનથી કરવી તેવો આગ્રહ શ્રીમહાપ્રભુજી

રાખે છે. અન્ય પાસે કરાવવામાં આવે ત્યારે તે **પરિચર્યા** બની જાય છે. *(અન એટલે કે કોણ તે આગળ પાનાં ૪૧ ઉપર સમજાવ્યું છે.)

જુઓ વાર્તા પ્રસંગ ૨૫૨ ક્રમાંક ૧૧૧ જેમાં માતા-પુત્ર બન્ને બ્રહ્મસંબંધ છે- પુત્ર કમાવવા માટે ગયો છે - માતાને ટોકરી સિધ્ધ કરતા વિચાર આવે કે પુત્ર હોત તો આ ટોકરી સિદ્ધ કરી આપત - બધી રસોઈ - સામગ્રી સિદ્ધ ક શ્રીઠાકોરજીને ભોગ ધરે છે. [માર્ગનાં સિધ્ધાંત પ્રમાણે શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઈજીના હસ્તાક્ષર, પાદુકા, ચરણારવિંદની છાપ, વસ્ત્ર ... વગેરેમાં શ્રીઠાકોરજીનો જ ભાવ રખાય છે - જો સન્‌મનુષ્યાકૃત ચિત્રજીકે જે ધોતી ઉપરણા ધારણ કરેલ સ્વરૂપ બિરાજતું હોય તો - આચાર્ય ભાવે - વર્ણાશ્રમનાં ધર્મો અંતર્ગત સેવા થાય અર્થાત ત્યારે અમુક જ્ઞાતિનાં બ્રાહ્મણથી જ સખડી-અનસખડી ધરાય બીજાથી ન ધરાય. અહીં સેવામાં શ્રીગુસાંઈજીનાં ચરણારવિંદની છાપ બિરાજે છે.] સમય થતાં ભોગ સરાવવા જાય છે ત્યારે જુએ છે કે, ધરેલો શાકનો કટોરો બાજુ ઉપર બિરાજે છે. શ્રીગુસાંઈજી તેમને સાનુભવ હોવાથી પૂછે છે-આપશ્રીએ કટોરો કેમ બાજુ ઉપર પધરાવ્યો. ત્યારે આપશ્રી જણાવે છે કે "ટોકરી સિધ્ધ કરતાં તારૂં ચિત્ત કમાવવા ગયેલા પુત્રમાં હતુ સેવામાં ન હતુ માટે, મેં તે અંગીકાર નથી કર્યું." (વાર્તા વાંચવી - **સગાપુત્રની સહાયના વિચાર માટે આટલી કાળજી રાખવાની** છે તો અન્યની સહાય લેવાનો વિચાર શું કરી શકાય ?)

અન્ય વૈષ્ણવો દ્વારા કરાવાતી સેવા (પરિચર્યા)-**મધ્યમ કે ગૌણ પ્રકારની** સંજોગો અને તેમના ભાવ પ્રમાણે બને છે. જ્યારે સ્નેહથી, ભાવથી, નિષ્‌પ્રયોજન-નિર્‌હેતુક-ભગવદ્‌સુખાર્થે બીજાને ત્યાં સેવામાં સહાયતા કરે ત્યારે **મધ્યમ પ્રકારની** બને છે. અને જો અહંકાર - અભિમાન સાથે કરે ત્યાર **ગૌણ કે અધમ** પ્રકારની બને છે. **સંપ્રદાયમાં આ સેવા કહેવાતી નથી પરંતુ પરિચર્યા કહેવામાં આવે છે.** (પરિચર્યામાં ફલ ભગવદ્‌ઈચ્છા પર આધાર રાખે છે.)

૨૫૨ વૈષ્ણવોની વાર્તા ક્રમાંક ૧૨૫ એક શેઠ ખરબુજાવાળામાં આવે છે. પરિચર્યા કરાવનાર (શેઠે) દ્રવ્યનાં કોઠારની ચાવી, (વિરકત) પરિચર્યા કરનારને આપી દીધી છે. વાર્તામાં આવે છે, તે વિરકત વૈષ્ણવે ૧ રૂા. નાં ખરબુજાનાં રૂા. ૧૦૦૦/- ચૂકવ્યા છે. (ઉત્તમ સામગ્રી પધરાવવાની શેઠની આજ્ઞા છે માટે.) શેઠ હિસાબ રોજની જેમ લખી ચોપડો મૂકી દીધો. **કેમ વધારે ભાવ આપી આવ્યા? તેવી વાત નથી કરી, શેઠના મનમાં અન્ય વિચાર આવ્યો નથી, અધિક દ્રવ્ય ખર્ચ થવાથી શેઠનાં રૂવાડામાંય ફરક પડ્યો નથી.** શું આજે આવા

ભગવદ્‌સુખાર્થે પરિચર્ચા કરાવવાવાળા (શેઠ જેવા) મળે ખરા? કે જેના મનમાં જરા પણ અભાવ ન આવે, મનમાં જરા પણ દુ:ખ ન કરે કે પાછળ નિંદા ન કરે. એ વિરકત પોતાના શ્રીઠાકોરજીની પણ સેવા ત્યાંજ કરતાં હતા. (એ જમાનામાં ત્યારે ઘણું સસ્તુ મળતું હતું આજે ખરબુજુ - ૨૦ રૂપિયે કિલોના ભાવે મળે છે, તેના કોઈ ૨૦,૦૦૦ રૂપિયા આપી આવે તો સહન થાય ખરું ?) અહિંયા **પરિચર્યા કરાવનારનો ભાવ અને પરિચર્યા કરનારનો ભાવ કેવો હોવો જોઈએ તે સમજાવ્યું છે.** વાર્તામાં આવે છે, શ્રીઠાકોરજી બન્ને ઉપર પ્રસન્ન થયા છે. (વાર્તા જરૂર વાંચવી)

સંપ્રદાય સાર :-

શરણાગતિ સ્વિકારી બ્રહ્મસંબંધ દીક્ષા લઈ આપણે શ્રીઠાકોરજીનાં દાસ-સેવક થયા છીએ માટે આપણો પોતાનો આગ્રહ સેવા માટે હોવો જોઈએ. અન્ય* પાસે કરાવવાનો ન હોવો જોઈએ. (*અન્ય એટલે કોણ ?)

(૧) અન્ય ***(ઘરનાં બીજા સદ્સ્યો)**, જેઓ આપણી બ્રહ્મસંબંધ દિક્ષા અંતર્ગત નિવેદિત હોવાથી તેમની સહાય લઈ શકાય પણ **જ્યારે તેઓ ઉદાસીન હોય** ત્યારે આપણને દુ:ખ ન થવું જોઈએ. આપણે હઠ કરીને, અથવા ગુસ્સે થઈને, તેમને સેવામાં ખેંચવા ન જોઈએ. તેને ભગવદ્‌ઈચ્છા માની ને વિચારવું જોઈએ ક **શ્રીઠાકોરજીને તેઓની** (જેમને મેં મારા માન્યા છે તેમની) **સેવા અંગીકાર કરવી નથી,** મારી જ સેવા લેવી છે. (**ઉદાસીને સ્વયં કુર્યાત્**- શ્રીમહાપ્રભુજી કૃત પઞ્ચશ્લોકી, સાધન પ્રકરણમ્ - ૨૩૧)

(૨) અન્ય* **(બહારનાં)** સેવામાં સહાયરૂપ થાય તેવો ભાવ, ભગવદ્‌સુખાર્થે રાખવા **એ ઉત્તમ પક્ષ નથી. કેમકે,** તેમનું નિવેદન બ્રહ્મસંબંધ અંતર્ગત આપણે કરેલું નથી **માટે તેમની સેવા શ્રીઠાકોરજી અંગીકાર ન કરે અને આપણી સેવા છૂટે છે. આપણું દાસત્વ ખંડિત થાય છે.** અન્યનો ભાવ ગમે તેટલો ઉત્તમ હોય પણ તે સેવા ન કહેવાતા **પરિચર્યા ગણાય છે.**

આગળ સમજાવ્યા પ્રમાણે પરિચર્યા-મધ્યમ-ગૌણ કે અધમ પ્રકારની ભાવ પ્રમાણે બની જાય છે માટે,

(૧) પરિચર્યા કરાવનારનો એવો ભાવ ન હોવો જોઈએ કે, બધા ભેગા થઈ મારા શ્રીઠાકોરજીની સેવામાં (જેવી કે, માળાજી, વસ્ત્ર, અલંકાર વગેરેમાં) જોડાય કે બહારની સજાવટમાં (પલના, હિંડોળા, ફુલમંડળી ... વગેરે ભરવામાં) મદદ કરે. (કેમ કે, તેનો અર્થ એ થયો કે જેના શ્રીઠાકોરજી છે તેનું એવું માનવુ છે કે શ્રીઠાકોરજીને આ બધાની ગરજ છે અથવા આ ન થાય તો સેવા જ ન કહેવાય.)

(૨) બધાને બતાવવા કરાતી સેવા કે પરિચર્યા એ દંભ બની જાય છે કેમ કે તે ભગવદ્સુખનો ભાવ નથી પરંતુ પ્રદર્શનનો ભાવ છે.

(૩) પરિચર્યા કરનાર જો એવું વિચારે કે અમે ભેગા થઈ આ હિંડોળા, ફુલમંડળી પલના વગેરેની સજાવટ કરીયે છીયે તો જ (અ) શ્રીઠાકોરજીને આનંદ આવે (અથવા શ્રીઠાકોરજીને સુખ પહોંચે છે.) (બ) બીજાથી આટલું સુંદર ન થાય વગેરે, વિચારો અહંકારને જન્મ આપે છે. (સંપ્રદાયમાં શ્રીમહાપ્રભુજી આવી કો પરિચર્યાને સેવા અંતર્ગત મહત્વ આપતા નથી. શ્રીમહાપ્રભુજી 'કૃષ્ણસેવા સદ કાર્યા' જણાવે છે પરિચર્યા નહીં. માટે બન્નેએ સાવધાન રહેવું જરૂરી છે.

આમ શરણાગતિનો મુખ્ય ભાવ ખંડિત ન થવો જોઈયે કે, હું કૃષ્ણનો દાસ છું. **"મારે જાતે જ મારા સેવ્યની સેવા, મારા દ્રવ્યથી કરવાની છે"** તેવો આગ્ર રાખવો જોઈએ. શારીરિક અવસ્થાને લીધે, એકલા હોઈએ ત્યારે અન્યની કોની અને કેટલી પરિચર્યા લેવી તે વર્ણાશ્રમ અંતર્ગત, અને આપણી પરિસ્થિતી **(શારીરિક, માનસિક અને આર્થિક)** ઉપર આધાર રાખે છે.

હું સેવા કરૂં છું. તમે વૈષ્ણવ છો, માટે તમારે મને મદદ કરવી જ જોઈએ. તેવો આગ્રહ ન હોવો જોઈએ. (આ તો વૈષ્ણવતા અને સેવા બન્નેનું પ્રદર્શન કર્યું - દંભ થઈ ગયો ગણાય.) સ્નેહથી એકલા ધીમે ધીમે ૪-૬ કલાક સેવા થાય, એક જ સામગ્રી - ભાત કે ઘેંસ કે ખિચડી જે કાંઈ બની આવે તો તેજ ધરવું તે ઉત્તમ પ્રકાર છે. (વાર્તા પ્રસંગ-૮૪/૪૨) **એક ડોકરીને આંખે દેખાતુ નથી** - પોતે રોટલી તૈયાર કરીને નીચે મૂકે ત્યારે ગાદી - સિંહાસન પરથી શ્રીઠાકોરજી નીચે આવી રોટલી લઈ ઉપર જતા રહે, ડોકરી હાથ ફેરવે રોટલી ન મળતાં એમ વિચારે કે મુસા-બિલાઈ (ઉંદર-બિલાડી) લઈ જાય છે - બીજી રોટલી બનાવે - શેકે - નીચે ઉતારી મૂકે એજ લીલાનું પુનરાવર્તન થાય. મનથી છેલ્લે શ્રીઠાકોરજીને ફરીયાદ કરે લાલન - મુસા બિલાઈ રોટલી લઈ જાય છે હું શું કરૂં? એવી લાચારી બતાવે છે. શ્રીઠાકોરજી બધી રોટલીની થપ્પી પાછી આપી દે છે. (અહિંયા અંધ છે દેખાતું નથી છતાં પણ સેવાનો આગ્રહ છે જ તે સમજવું - તેનું ફલ સાનુભવતા શ્રીઠાકોરજી આપે છે.) **પદ્મનાભદાસજીની વાર્તામાં**, તેમની તનુવિત્તજાનાં સ્નેહથી ધરેલા છોલા - છપ્પનભોગ કરતાં ઉત્તમ છે. એવું શ્રીમથુરાધીશજીએ જણાવ્યું છે. તેવી જ રીતે શ્રીઠાકોરજીને **ડોકરીનાં બાજરીનાં દાણા** પણ સોહાય છે.

તો શું કોઈની સેવા માટે મદદ ન લેવી ? કોઈને સેવા ન સોંપાય ? આવા અનેક વિચાર આવે તે સ્વાભાવિક છે. ૮૪-૨૫૨ વૈષ્ણવોમાં એ જ સમજાવવામાં

આવ્યું છે કે, દરેક જણ પોતાનાં ઘરમાં, પોતાના દ્રવ્યથી, પોતાનાં શ્રીઠાકોરજીની, પોતાના સામર્થ્ય (આર્થિક, શારીરિક, માનસિક) પ્રમાણે સેવા કરતા હતા. **આ સેવાનો ઉત્તમ પક્ષ છે.** બીજા પાસે કરાવવી તે મધ્યમ, ગૌણ કે કનિષ્ટ પક્ષ બની શકે છે, કેમ કે સેવા, કરનાર અને કરાવનારનાં ભાવ ઉપર નિર્ભર રહેતી ક્રિયા છે.

જ્યારે "મારા શ્રીઠાકોરજીની તમે સેવા કરવા આવો - મને મદદરૂપ થાવ- તમે પણ સેવાનો લાભ લો - તમારા હાથ પવિત્ર કરો." આવા વિચારો **અધમ કક્ષાનાં હોવાથી દાસત્વનું ખંડન કરે છે અને શ્રીઠાકોરજીને સેવાની ગરજ છે** તેવું સાબિત કરે છે. જ્યારે પરિચર્યા માટે અન્યની સહાયતા લેવાય ત્યારે બહુજ કાળજી રાખવી જરૂરી છે. કેમ કે, અહંકાર - દંભ વગેરે ... ગમે ત્યારે પ્રગટ થઈ શકે છે, અને શરણાગતિનું ખંડન થાય છે.

શ્રીમહાપ્રભુજી જીવને શરણે લેવા કોઈ ખોટી લાલચ બતાવતા નથી કે આ માર્ગમાં આવશો તો તમને આ લાભ થશે, તમારૂં આટલું હિત થશે, દુઃખ દૂર થઈ જશે. તમે ગૌલોક ધામમાં જશો... વગેરે. કોઈપણ લૌકિક કે અલૌકિક લાભની વાત શ્રીમહાપ્રભુજી કરતા નથી. આપશ્રી દરેક શરણાગત જીવને તેમનું કર્તવ્ય (કૃષ્ણસેવા સદાકાર્યા, ગૃહેસ્થિત્વા સ્વધર્મતઃ, અસમર્પિતનો ત્યાગ વગેરે...) સમજાવે છે, અને **જે થાય છે તેને ભગવદ્‌લીલા અંતર્ગત માનો, ભગવદ્ ઈચ્છાથી જ થાય છે** તેવો ભાવ દ્દઢ કરો. સર્વે પરિસ્થિતીનાં પોતાના શ્રીઠાકોરજીની શરણે રહી, શરણાગતિનો ભાવ દ્દઢ કરી દાસત્વ દ્દઢ કરવું, તેમ જણાવે છે.

પૂ.પા.ગો.શ્રીપુરૂષોત્તમજી (જુનાગઢ-કિશનગઢ) વચનામૃતમાં જણાવે છે કે "લૌકિકમાં દુઃખ આવે - સ્વાભાવિક છે, પાપકર્મ થઈ જાય સ્વાભાવિક છે, ભય લાગે - સ્વાભાવિક છે, ઈચ્છાઓ પૂર્ણ ન થાય - સ્વાભાવિક છે; વગેરે વગેરે જે કાંઈ બને તે સ્વાભાવિક જ છે. દરેક પરિસ્થિતીમાં ભગવદ્ ઈચ્છા માનવી અને શ્રીઠાકોરજીને શરણે જ રહેવું. અન્યાશ્રય ન કરવો. આવી પડેલા દુઃખ દુર કરવા, **અમારૂં સંધ્યાનું જલ લેવું, ભોજપત્ર બંધાવવું - અમારી પાસે મંત્ર તંત્ર કરાવવા બધું જ અન્યાશ્રય છે, માળાપહેરામણી પણ અન્યાશ્રય છે, કોઈ કાર્ય માટે - રક્ષા માટે નારાયણ કવચનો પાઠ કરવો, સુદર્શન કવચનો પાઠ કરવો - શ્રીગિરીરાજજીની માનતા - શ્રીયમુનાજીની માનતા - દેવી દેવતાની માનતા વગેરે બધું જ અન્યાશ્રય છે માટે તેનો ત્યાગ કરવો."**

આવી ક્રિયાઓ આપણાં અનન્યાશ્રયનું અને શરણાગતિનાં ભાવનું ખંડન કરે છે. ફલ સ્વરૂપે આપણે આપણી જ ક્રિયાથી શ્રીમહાપ્રભુજીનાં

સંપ્રદાયમાંથી બાકાત થઈ જઈએ છીયે. સકામતાથી કરેલું શ્રીપુરૂષોત્તમ સહ નામ કે કોઈપણ ગ્રંથનું પઠન અન્યાશ્રય બને છે.

અણસમજને લીધે અથવા કોઈની ખોટી દોરવણીથી - દેખાદેખી ઘણા વૈષ્ણવો **શ્રીગીરીરાજજીની માનતા રાખતા હોય છે, શ્રીયમુનાજીની માન** રાખતા હોય છે. **આ બધો પ્રકાર સંપ્રદાયનો નથી.** સંપ્રદાયમાં શ્રીગિરીરાજ અને શ્રીયમુનાજીના પૂજનનો પ્રકાર શ્રીમહાપ્રભુજીએ બતાવેલો છે. ઘણાં લો વાર્તામાંથી પ્રમાણ બતાવે છે કે ૨૫૨ વૈ. વાર્તા ક્રમાંક ૨૮ માં એક વડનગ બ્રાહ્મણને શ્રીગુસાંઈજીએ ગોવર્ધન શીલા (ગિરીરાજજી) પધરાવી આપ્યા અને તેણે માનતા માની છે. ૨૫૨ વૈ. વાર્તા ક્રમાંક ૮૫ માં એક ગુજર બેટાની વહુ - સાસરે આવી - થોડા દિવસ પછી ભેંસ ખોવાઈ ગઈ છે લોકો તેના ઉપર કલંક લગાડ્યું કે વહુ કેવા પગની આવી કે થોડા દિવસમાં જ ભેં ખોવાઈ ગઈ - વહુએ ગોવર્ધનની માનતા માની અને ભેંસ મળી ગઈ.

આ બન્ને વાર્તાઓમાં સાર નીકળે છે કે,

(૧) શ્રીગુસાંઈજીનાં સેવકોમાં અનન્યતા છે - શ્રીગોવર્ધન (શ્રીગિરીરાજજી શ્રીઠાકોરજીનાં અનન્ય ભકત છે. હરિદાસવર્ય કહેવાય છે તેઓ પોતે પરિશ્રમ લઈને કાર્ય કરે છે, પણ શ્રીઠાકોરજીને પરિશ્રમ પડવા દેતા નથી.

(૨) આ બન્ને વાર્તાઓમાં બન્ને વૈષ્ણવો પોતાનાં કોઈ લૌકિક ભોગ કે સ્વાર્થ માટે માનતા રાખતા નથી. પણ શ્રીઠાકોરજીમાં અનન્ય આશ્રય તેમનો દ્રઢ રહે માટે, જે લૌકિક પરિસ્થિતી ઊભી થઈ હતી, **તે અંતર્ગત ફક્ત એકવાર જ વિનંતી કરી છે.**

(૩) ૨૫૨ વૈ.વાર્તા ક્રમાંક -૨૮ માં એ નાગર બ્રાહ્મણનો છોકરો વીસવર્ષનો છે તેણે શ્રીગુસાંઈજીનાં કહેવાથી પૂજનવિધિ કરી ને પછી પ્રાર્થના કરી છે. અને તે પણ **ફક્ત એક જ વાર** અને તે પણ ભગવદ્‌પ્રિત્યથ **શ્રીગુસાંઈજીની આજ્ઞાથી પોતાના સુખ માટે નહીં.**

(૪) ૨૫૨ વૈ. વાર્તા ક્રમાંક ૮૫ માં એ ગુજરના બેટાની **વહુ બાર વર્ષની છે** અને માથે કલંક લાગ્યું છે. માટે શ્રીગોવર્ધનનાથજીને મિત્ર ભાવે **એકવાર વિનંતી** કરી છે (વાર્તા વાંચવી - ગાઢે દિન કે 'મીત'...) તેનો સરળ સ્વભાવ વાળી શરણાગતિ જોઈ શ્રીગોવર્ધનાથજીએ ભેંસ મેળવી આપી છે - અહિં પણ વૈષ્ણવની દ્દઢતા - અનન્યતા ભગવદ્ ભક્તિનું અનુસંધાન છે. યાદ રહે કે, **માનતા પોતાનાં સુખ કે સ્વાર્થ માટે નથી કરી.**

હવે જો **માનતા માનવા માટે કોઈ વ્યક્તિ આ બે વાર્તાને પ્રમાણ કહે** તો ૮૪+૨૫૨ = ૩૩૬-૨ (આ વાર્તા) = ૩૩૪ વાર્તાઓમાં અસમર્પિતનો ત્યાગ - અનન્યાશ્રય - ઘરમાં જ રહીને પોતાનાં દ્રવ્યથી પોતાનાં શ્રીઠાકોરજીની સેવા - લાકડા વેચી - કોડી વેચી - સૂતર કાંતી જાતે મહેનત મજૂરી કરી પોતાનાં જ કમાયેલા દ્રવ્યથી, પોતે વૈષ્ણવ છે તે છૂપાવી કોરડા ખાવા - રૂક્ષ્મણી (પુરૂષોત્તમદાસ શેઠનાં દિકરી) ૨૪ વર્ષ સુધી ઘરમાંથી બહાર નીકળ્યા નથી. પોતાનાં ઘરમાં જ સેવા કરી છે - કાશીમાં રહે છે પણ ગંગા સ્નાન કરવા ગયા નથી - **(આપણો પગ ૨૪ કલાક ઘરમાં ટકતો નથી)** - **માણેકચંદજી** જેમણે સર્વસ્વનું સમર્પણ કર્યું - દસ વર્ષની શેઠની વિધવા દીકરી (૨૫૨ વૈ.વા.ક્રમાંક ૨૨૩) શરણે આવી - સેવા પધરાવી - સાંઈઠ વર્ષની થઈ ત્યાં સુધી ઘરની બહાર ગઈ નથી. પોતાના શ્રીમદનમોહનજી સિવાય શ્રીઠાકોરજીનું અન્ય સ્વરૂપ સેવામાં હોઈ શકે છે તેની ખબર નથી. તેના ઘરે શ્રીબાલકૃષ્ણજી પધાર્યા તેને તેણે શ્રીમદનમોહનજી કરી દીધા. **સંતદાસજી** પોતાની સત્તાનું જ દ્રવ્ય સેવા માટે વાપર્યું (વૈષ્ણવોનું દ્રવ્ય (નારાયણદાસજીનું દ્રવ્ય) સેવામાં ન વાપર્યું. વગેરે વાર્તાને કેમ આપણે આચરણ માટે પ્રાધાન્યતા નથી આપતા કે તેની વાત કરતા નથી. ફક્ત આ બે વાર્તા, જે **"આપણાં સ્વાર્થને પોષણ આપે છે માટે તેનો આગ્રહ રાખી એમ કહિયે કે માનતા તો માનવી જોઈએ."** એ કેટલું યોગ્ય ગણાય?

આ બન્ને વાર્તાઓમાં યાદ રહે કે માનતા તેઓ એ પોતાના સ્વાર્થ કે સુખ માટે નથી કરી પરંતુ ઉભી થયેલી પરિસ્થિતીને ભગવદ્ ઈચ્છા માની ભગવદ્ સુખાર્થે - અનન્ય આશ્રય શરણાગતિ છે તે બતાવવા કરી છે. જ્યારે આજે તો આપણે - સંતતિ માટે - સંપત્તિ માટે- દુઃખ દૂર કરવા માટે- માંદગી દૂર થાય માટે- ઘરમાં કલેશ ઝઘડા થાય છે માટે- સારુંપાત્ર છોકરો/છોકરી મળે માટે .... વગેરે વગેરે **લૌકિક કારણોસર, સ્વાર્થ માટે કરીયે છીએ.**

૮૪/૨૫૨ નાં આવાં પ્રસંગોમા **એમ વિચારવું જોઈએ કે શ્રીમહાપ્રભુજીએ કે શ્રીગુસાંઈજીએ પોતાના સાર્મથ્યને આધારે કોઈ વિશેષ સૂચના કે આચરણ કરવા કહેલું છ** અથવા વૈષ્ણવે કોઈક કારણસર કર્યું છે જેનો નિષેધ વાર્તાકાર શ્રીગોકુળનાથજી કે ભાવપ્રકાશકાર શ્રીહરિરાયજી પણ બતાવતા નથી. તે વૈષ્ણવો માટે ત્યારે આચરણીય હોઈ શકે છે - આપણે તો એમ જોવાનું કે શ્રીમહાપ્રભુજીના ગ્રંથોના આધારે - પ્રાચીન ગોસ્વામી બાળકોએ સમજાવ્યા પ્રમાણે સિધ્ધાંત શું છે ? પછી આજ્ઞા કે નિષેધનો વિચાર કરી-વિવેક વાપરી- ધૈર્ય રાખી આશ્રય દૃઢ કરવો. **માનતા માનવી - સકામ જપ પાઠ કરવા વગેરે વણિક બુદ્ધિ છે-વેપાર વિનિમયનો**

પ્રકાર છે. માટે તે કરવું કે ત્યાં જવું હાજર રહેવું પણ દોષ જ છે.

જ્યારે આ બાબતનું સરવૈયું કાઢીયે તો ખબર પડે કે તેઓએ કઈ પરિસ્થિતીમાં ? કેમ ? કયારે ? માનતા માની અને આજે આપણે શું કરીયે છીયે.

સરવૈયું

તેઓ	**આપણે**
૧. તેમની વય ૨૦ વર્ષની અને ૧૨ વર્ષની જ હતી. (જે મુગ્ધાવસ્થા છે. સ્વભાવે ભોળા છે.)	૧. આપણે પુખ્તવયનાં એટલે ૨૫ વર્ષથી મોટી ઉંમરનાં ઘણાંતો ૭૫-૮૦ વર્ષનાં માનતા માનીયે છીયે. (અને તે પણ સ્વાર્થ માટે જ.)
૨. તેમણે માનતા ભગવદ્ સુખાર્થે કરી છે, પોતાના કોઈપણ લૌકિક સ્વાર્થની પૂર્તિ માટે, કે દંભ માટે નથી કરી.	૨. આપણે માનતા આપણાં જ સુખ માટે, લૌકિક સ્વાર્થ - ઈચ્છા - ભોગ માટે રોજ કે વારંવાર કે દર પુનમે કરતા હોઈએ છે.
3. નાગર બ્રાહ્મણના છોકરાને આજ્ઞા શ્રીગુસાંઈજીએ કરેલી કારણ કે તે અનાથ છોકરો હતો, વડનગરનાં શૈવપંથી બ્રાહ્મણો (પંડીતો મોટી ઉંમરવાળા) હતા. જેની સામે આ બાળક શાસ્રાર્થ ન કરી શકે, તેથી તે દુ:ખી થઈ જાય માટે, **શ્રીગુસાંઈજીએ તેનામાં સાર્મથ્ય મૂક્યું અને આજ્ઞા કરી.** (શ્રીગુસાંઈજીની આજ્ઞાથી તેણે એકવાર જ માંગ્યું છે. રોજ કે વારંવાર નહીં.) ગજરનાં છોકરાની વહુ ભોળી, નાદાન - ૧૨ વર્ષની વયની છે. જેના ઉપર કલંક લોકોએ લગાડ્યું છે. ત્યારે મિત્રભાવે (જુઓ વાર્તામાં - ‘ગાઢે દિન કે મીત - ગોપાલ’ કહ્યું છે) વિનંતી કરી છે. **(એ પણ જીવનમાં એકવાર જ)**	3. આપણે નીજ-સ્વાર્થ માટે પોતાનાં સુખ-વૈભવ માટે વારંવાર કે રોજ કરતા હોઈએ છીયે. આમ આ શુદ્ધ અન્યાશ્રય જ થાય છે - કેમ કે જ્યારે માનતા માનીએ ત્યારે શ્રીઠાકોરજી પુષ્ટિ પ્રભુ નથી રહેતા વિભુતી સ્વરૂપ બની જાય છે. (એવું શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી જણાવે છે.) તેથી - ગુરૂઆજ્ઞાના (શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી, શ્રીગુસાંઈજીની આજ્ઞા) ઉલ્લંઘનનો દોષ અને અન્યાશ્રયનો દોષ બન્ને લાગે છે. આવું કરનાર સંપ્રદાયમાં વૈષ્ણવ રહેતો નથી.

☞ **આડવાત :-**

(૧) વિચારો કે .... ૧૯૯૩ માં દાઉદે મુંબઈમાં જે બોમ્બ બ્લાસ્ટ કરાવ્યા હતા તેમાં **સંજયદત્તે** સીધો ભાગ લીધો ન્હોતો. પણ તેણે બ્લાસ્ટ કરનારા અપરાધીઓ સાથે મિત્રતા રાખી, તેઓને પોતાની ગાડીમાં બેસાડ્યા - શસ્ત્રોના હેરફેરમાં તેની ગાડી વપરાઈ - એક શસ્ત્ર તેણે રાખ્યું - તેના પારસી મિત્રને રાખવા આપ્યું ... વગેરે કારણોસર તે અપરાધી બન્યો - જેલની હવા ખાવી પડી ભલે તેણે બોમ્બ બ્લાસ્ટ ન્હોતો કર્યો પણ **તેઓની સાથે હાજર રહી,** મિત્રતા રાખી - માટે કોર્ટે તેને અને તેના પારસી મિત્રને **રાષ્ટ્રહિતના વિરોધમાં અપરાધી જ સાબીત કર્યા - દંડ કર્યો - બદનામી થઈ - રાષ્ટ્રહિતના વિરોધમાં ગુન્હેગાર જાહેર થયા.**

તો શું શ્રીમહાપ્રભુજીનાં સિધ્ધાંત વિરૂધ્ધ થતાં - પ્રદર્શન - મનોરથો - ભંડોળી ભાગવત્ કથા વગેરેમાં જવાથી - હાજર રહેવાથી શું શ્રીમહાપ્રભુજી આપણને સંપ્રદાયનાં હિત વિરૂધ્ધમાં કાર્ય કરતા - સંપ્રદાય દ્રોહી નહીં સમજે ?

(૨) ગુજરાતનાં એક શહેરમાં સત્સંગ માટે ગયા, તેમની ભીંત ઉપર એક ફ્રેમમાં એક ચોપાનીયું મોટા અક્ષરવાળું મઢેલું હતું. તેમાં લખ્યું હતું કે..

- મંગળાના દર્શન કરવાથી સદાય સુખી રહેવાય
- શ્રૃંગારના દર્શન કરવાથી સ્વર્ગ મળે
- ગ્વાલનાં દર્શનથી પ્રતિષ્ઠા વધે
- રાજભોગનાં દર્શનથી ભાગ્યની વૃધ્ધિ થાય
- ઉત્થાપનનાં દર્શનથી ઉત્સાહ વધે
- ભોગના દર્શનથી ભરોસો વધે
- સેનનાં દર્શનથી શાંતિ મળે
- આરતીનાં દર્શન કરવાથી નિ:સ્વાર્થી થવાય.

અધધધ... **કેટલી બધી સકામતા.** તેમણે જણાવ્યું કે ગામમાં લગભગ ૧૦૦૦ થી વધારે આવા ચોપાનીયા વહેંચાયા છે. **સંપ્રદાયમાં આવો સકામતાના ભાવવાળો પ્રચાર ભક્તિના વિરોધી ભાવ અન્યાશ્રયને જ જન્મ આપે છે.** ઘણા SMS દ્વારા આવું મોકલતા હોય છે. (અજ્ઞાનીઓ આ પત્રિકા વહેચવાને કે SMS મોકલવાને **સંપ્રદાયની સેવા માને છે** - હકિકતમાં તો તેઓ સંપ્રદાય વિરોધી કૃત્યમાં ભાગીદાર બને છે.) આવી સકામતા વાળી કોઈપણ પ્રવૃત્તિ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી વિરૂધ્ધ હોવાથી ગુરૂઆજ્ઞા ઉલ્લંઘનનો અપરાધ લાગે છે, (તેવું શ્રીહરિરાયજી જણાવે છે.)

(૩) શ્રીનાથજીનાં કમળ-ચોકમાં લગભગ ૧૦-૧૨ ફુટની ઉંચાઈ ઉપર એક બારી પડે છે **તે ધ્રુવબારી છે.** શ્રીનાથજી દક્ષિણ દિશામાં બીરાજે છે. આપનાં ચરણારવિંદનાં દર્શન, ભકતધ્રુવને (જે ઉત્તરમાં - ધ્રુવતારા રૂપે છે) થાય માટે રાખેલી છે - માટે તેને "ધ્રુવબારી" કહેવાય છે. **જેને છેલ્લા વીસ વર્ષથી** માનતા પૂરી કરવા માટે કે લૌકિક ઈચ્છા પૂરી કરવા નારીયેળ બાંધી ભેટ ગોલખમાં પધરાવી **માનતા બારીના** રૂપમાં ફેરવી દીધી છે - ગાડરીયા પ્રવાહમાં તણાંતા ઘણાં સિધ્ધાંત જાણ્યા વગર, સમજ્યા વગર **સ્વાર્થ પૂર્તિ** માટે ખેંચાય છે. અને બીજાને ખેંચે છે. **પછી દાવો એવો કરીયે કે આતો ઘણાં વર્ષોથી ચાલે છે.** (આમ જીવ બર્હિમુખ થઈ જાય છે.)

(૪) આવું જ છેલ્લા ૨૫-૩૦ વર્ષથી ચાલુ થયેલા "ચુંદડી મનોરથનું" છે. **આ કાંઈ પ્રાચીન પ્રકાર કે સિધ્ધાંત અનુસાર સંપ્રદાયનો પ્રકાર નથી.** આને ભગવદ્ ઈચ્છા માન્યા વગર છૂટકો નથી. કેમ કે, દેખાદેખીથી સંપ્રદાયમાં શરણે આવેલા આવું કરી - અન્યાશ્રય કરી જાતે જ બહિર્મુખ થઈ જાય છે. (હકિકતમાં તો આને દેખાદેખીથી સંપ્રદાયમાં આવેલા જીવોને બર્હિમુખ કરવા માટેનો ભગવદ્ઈચ્છા કે ભગવદ્લીલાનો પ્રકાર સમજવો.) **આવું જ્યારે વિદ્વાનો, સમર્પિત ભોગધરીને લેતા મરજાદી વૈષ્ણવો શાસ્ત્રીઓ .... વગેરે કરતા હોયતો શું સમજવું ....? તે માટે નીચેનો પ્રસંગ જોઈએ.**

૮૪ વૈ.વાર્તા ક્રમાંક ૬, પુરૂષોત્તમદાસ શેઠની વાર્તાનું અનુસંધાન વિચારી શકાય. વાર્તા પ્રસંગ-૧ માં આવે છે કે, કાશીનાં વિશ્વેશ્વર મહાદેવે શેઠને આજ્ઞા કરી તમે મને મહાપ્રસાદ આપો - હું કાશીનો રાજા છું - વૈષ્ણવ છું માટે વ્યવહાર રાખો. શેઠ પ્રસાદ આપવા અને ભગવદ્ સ્મરણ કરવા મહાદેવજીના મંદિરે ગયા. તેનું જોઈને ઘણાં જવા લાગ્યા. કોઈ ટોકે અને કહે કે "ન જવાય અન્યાશ્રય થાય" તો તેઓ કહે **'શેઠજી જેવા જાય છે. માટે શું વાંધો?'** આમ બીજાઓ મહાદેવના મંદિરે ગયા તેથી તેમને અન્યાશ્રય થયો અને બર્હિમુખ થઈ ગયા.

ભાવપ્રકાશકાર શ્રીહરિરાયજી ત્યાં જણાવે છે કે, કોઈએ એમ ન વિચાર્યું કે, શેઠ જાય છે પણ ગોપાલદાસ કે રૂક્ષ્મણી નથી જતાં. (દરેક દેવ-દેવીઓને) **પૂર્ણ પુરૂષોત્તમની આજ્ઞા થઈ છે કે, કળીયુગ આવ્યો છે, (મારા મુખારવિંદ સ્વરૂપ શ્રીવલ્લભાચાર્યનું પ્રાક્ટ્ય ભુતલ ઉપર થશે) ત્યારે દેખાદેખીથી અનેક જીવો શરણે આવશે, તેવા જીવોને પુષ્ટિમાર્ગના ફલથી દૂર કરવા, બર્હિમુખ કરવા.**

ગોપાલદાસ - રૂક્ષ્મણી બીજા જેઓએ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પાળી અને ન ગયા તેઓ બહિર્મુખ ન થયા. ત્યારે કેટલાક શેઠની દેખાદેખી કરી બહિર્મુખ થઈ ગયા.

સંપ્રદાય સાર : શ્રીમહાપ્રભુજીના સંપ્રદાયમાં, આગળ સમજાવેલ ક્રિયાઓ જેવી કે, માનતા માનવી, માળા પહેરામણી, સંધ્યાનું જલ*, ચુંદડી મનોરથ, ભોજપત્ર, અન્ય દેવીદેવતા - સંતો પાસે નિત્ય નિયમથી જવું-સકામતા રાખવી વગેરે... અન્યાશ્રય કરાવે છે અને તેથી સકામતા યુક્ત ક્રિયા કરવાથી જીવ બહિર્મુખ થઈ જાય છે.) [*શાસ્ત્ર આજ્ઞા પ્રમાણે **આ સંધ્યાનાં જલ લેવાનો અધિકાર ફક્ત અસુરોનો છે**]

આ વાત થઈ શરણાગતિ સમર્પણ અને સેવાની. વધુ જાણકારી હવે પછીના સત્સંગમાં કરીશું.

હવે સેવા એટલે શું ? તે અંતર્ગત આવતા જુદા જુદા વિષયોની છણાવટ હવે પછીનાં ભાગમાં કરીશું. **કવર પેજ ૨ -૩ ઉપર આપેલ ચિત્રજીને સાચવીને રાખશો જેથી તેની ચર્ચા સત્સંગ ૭,૮ કે ૯ માં અનુકુળતા મુજબ થશે.**

જેમાં સૌપ્રથમ સેવા અંતર્ગત આવતા જુદા જુદા વિષયોની સાંપ્રદાયિક સિધ્ધાંતો સાથેની ચર્ચા કરીશું અને પછી સેવા કરવા જોઈતી વિવિધ સામગ્રીની જાણકારી મેળવીશું. ત્યારબાદ સેવાનાં પ્રકાર અને ક્રમ વિશે વિચારીશું.

- શેષ ભગવદ્ ઈચ્છા

કવર પેજના ચિત્રજી માટે
ઠા. ગોરધનદાસ કરસનદાસ વીઠલાણીના
આભારી છીએ.

ઉપર સત્સંગમાં લીધેલા વિષયો અને ગ્રંથોમાં સમજ પડે માટે ટીકાકારોએ (શ્રીગોપીનાથજી, શ્રીગુસાંઈજી, શ્રીગોકુળનાથજી, શ્રીહરિરાયજી, શ્રીપુરુષોત્તમજી, શ્રીદ્વારકેશજી ... વિગેરે) ટીકાઓ લખી છે તે વાંચવી જોઈએ અને સમજવી જોઈએ. આ બધું સરળતા સમજાય તે માટે, યોગ્ય માર્ગદર્શન આપતું સાહિત્ય જેવા કે, પુસ્તકો, CD, DVD, MP3 વગેરેનું પડતર કિંમતે કે ઓછી ન્યોછાવરે નીચેના કેન્દ્રો પર વિતરણ થાય છે.

-: પ્રાપ્તિસ્થાન :-

+ **રાજકોટ કેન્દ્ર : પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર :** ૨૧૪-અમરદીપ કોમ્પ્લેક્ષ, ૨-રાજપુતપરા, રાજકોટ. (મો. ૦૯૩૨૭૨૮૪૨૫૨, ૦૮૦૦૦૯૭૬૩૯૦ પ્રવિણભાઈ દઢાણીયા સાંજના ૬-૦૦ થી ૮-૦૦ સુધી)

+ **મુંબઈ કેન્દ્ર :** શ્રીવલ્લભ સુખધામ, ભાટીયા હોલમાં ત્રીજે માળે, એસ.વી. રોડ શંકરગલીના ખૂણા ઉપર, કાંદીવલિ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૬૭.

સંપર્ક : ટેલી : (૦૨૨) ૨૮૦૧૨૮૩૦, સુરેન્દ્રભાઈ (૦૯૮૩૩૨૭૨૩૮૩) ક્રિશ્નાબેન (૦૯૩૨૦૭૮૭૬૪૨) સમય : બપોરના ૩-૦૦ થી ૬-૦૦ સુધી.

SMS કે પત્ર દ્વારા તમારૂં સરનામું, તમારો ટેલીફોન નંબર કે મોબાઈલ નંબર આપી સંપર્ક કરશો.

અમારા દ્વારા આગળ પ્રગટ થયેલ અધરામૃતની પાતળ ભાગ ૧-૨-૩-૪-૫ દૂધનું દૂધ પાણીનું પાણી ભાગ ૧-૨-૩ આપને કોમ્પ્યુટર પર વાંચવા માટે PDF કોપી જોઈતી હોય તો અમને ઈમેલ કરશો તો મોકલી આપીશું.

Emial : pushtiasmita@gmail.com

તમારું સરનામું તપાસી લેવું જે સુધારા કરવાના હોય તે જણાવવું ખાસ તમારો પોસ્ટનો પીન કોડ અને બની શકેતો ટેલીફોન કે મોબાઈલ નંબર જણાવવો. પત્ર વ્યવહારમાં તમારો કોમ્પ્યુટર કોડ અવશ્ય લખવો.

-સંચાલક


રૂપેરી જરીની ચંદ્રીકા
રૂપેરી જરીની લુમતુરા
સોનેરી જરીની લુમતુરા
સોનેરી જરીની ચંદ્રીકા
છીપની ચંદ્રીકા
છીપનાં કતરા
જમાઉ કતરા
સોનેરી જરીના ઘેરા
રૂપેરી જરીના ઘેરા
ઘેરા
દુહેરા સફેદ કતરા
છીપના ટીપારા
છીપનો મુકુટ
સફેદ મોરની ચંદ્રીકા
ગુલાબી ચંદ્રીકા
રેશમી કતરા અને લુમ
માણેક મોતીની પહોંચી
માદળીયાવાળા બાજુબંધ
કંઠી
સોનાની ક્ષુદ્ર ઘંટીકા
નખ આભુષણ
મોતીની લુમ
રૂપેરી જરીની લુમ
અલંકાર
સોનેરી જરીની લુમ
કલળ અને ડોલરની માળા
કમળ છડી
ફુલ છડી
સાદી ચોટી
જડાવ ચોટી
સોનાના જડાવ વેણુજી
સોના ઉપર મીનાકારી વેણુજી
સોના ઉપર પીરોજાનાં વેણુજી
સોના ઉપર હીરા જડાવનાં વેણુજી
જડાવ હસ્તફુલ
ડોલરની કળીની માળા
કમળના ફુલની માળા
ચમેલીના ગજરાની માળા